SUNDAY
૨૧-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૯
અંક : ૧૧૭
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### આમ આદમી પાર્ટીની એન્ટ્રી બાદ મતદારો કોના તરફ નમશે તેની ચારે કોર ચર્ચા

# આજે શહેરીજનોના શાણપણની કસોટી : મંગળે મતગણતરી

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૨૦

લોકતંત્રમાં સ્થાનિક સ્વરાજનું અદકેરૂ મહત્વ હોય છે. પોતાના જીવન સાથે સ્પર્શતી બાબતો હવા, પાણી, વિજળી, રોડ રસ્તા, ગટર વ્યવસ્થા, માર્ગ અને મકાન જેવી બાબતોની વ્યવસ્થા કરવા માટે જનતા દ્વારા પોતાનામાંથી કોઈ એકને સ્થાનિક સંસ્થામાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે છે અને સમગ્ર શહેરોનો સુચારૂ વહીવટ થાય તે હેતુથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં પક્ષીય રાજકારણની ષડયંત્રાકરી રાજનીતિએ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પણ દૂષિત કરી દીધી છે ત્યારે આગામી પાંચ વર્ષ માટે પોતાના કેવા પ્રતિનિધિઓને બેસાડવા એ બાબતે આજે ચૂંટણીના માધ્યમથી જનતા પોતાના ફેંસલો સંભળાવશે. પરંતુ આજ બાબતને લઈને જનતાના શાણપણની આજે પરીક્ષા થવાની છે.

**મતદારો માટે ૦૭૯ ૨૭૫૬૯૧૦૫ હેલ્પ લાઈન નંબર : તમામ ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફ ફરજ પર તહેનાત**

રાજ્યમાં છ મહાનગરપાલિકાના ચૂંટણીપ્રચારના પડઘમ શાંત થયા છે. ભાજપ, કોંગ્રેસ અને વિવિધ પક્ષોએ મતદારોને આકર્ષવા માટે દરેક ચૂંટણીદાવ અજમાવ્યા છે. રાજ્યમાં છ કોર્પોરેશનની ચૂંટણીમાં ૧૦ જેટલા રાજકીય પક્ષો મેદાનમાં છે, જેમાં ભાજપ, કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. અન્ય પક્ષોમાં આમ આદમી પાર્ટી, એનસીપી, બીએસપી, જનતા દળ સેક્યુલર, સીપીઆઇ, એઆઇએમઆઇએમ સહિતના પક્ષો અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. રાજ્યમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં કુલ ૧,૧૪ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીપ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

સવારથી અલગ-અલગ વોર્ડમાં



ઈવીએમ મશીન મોકલી દેવામાં આવ્યા છે. ઈવીએમ મશીનને ચેક કરી અને એને ચુસ્ત પોલીસ-બંદોબસ્ત સાથે વોર્ડના મતદાન મથકો પર મોકલવામાં આવી રહ્યા છે. આજે રાતે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ચૂંટણી તંત્ર દ્વારા શહેરમાં ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણીપ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રિટર્નિંગ ઓફિસર અને ૧૬ આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું છે.

આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારુ સંચાલન માટે ૨૮,૧૬૧ પોલિંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. આજે સવારે મોક કોલ બાદ ૭ વાગ્યાથી મતદાન શરૂ થશે. સાંજે મતદાન પૂરું થયા બાદ ઈવીએમ ગુજરાત કોલેજમાં સ્ટ્રોંગ રૂમમાં મૂકવામા આવશે. રાજ્યમાં ૨૧ ફેબ્રુઆરીએ છ મહાનગરપાલિકાઓમાં મતદાનની અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે. આજે રાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમ મશીન ૪૮ વોર્ડના ૪૫૦૦થી વધુ મતદાન મથકમાં રહેશે. આજે સાંજે ૬ વાગ્યે મતદાન પૂર્ણ થયા બાદ સ્ટ્રોંગ રૂમમાં ઈવીએમ રાખવામાં આવશે.

**છ મહાનગરપાલિકા માટે આજે મતદાનઃ રાજકીય પાર્ટીઓ વચ્ચે ખરાખરીનો જંગ : ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરાયા**

ચૂંટણી તંત્ર દ્વારા ૪૮ વોર્ડમાં ૧૯૨ સીટ પર મતદાન માટે ૪૫૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના વ્યવસ્થાપન ૧૬ રીટર્નીંગ ઓફીસર અને ૧૬ આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફીસર દ્વારા કરવામાં આવ્યું છે અને તેઓ દેખરેખ રાખશે. મતદાન માટે તંત્ર દ્વારા ઈવીએમ હેઠળ કુલ ૧૦,૯૨૦ બેલેટીંગ યુનિટ અને ૫૪૬૦ કંટ્રોલ યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે. આ તમામ ચૂંટણી પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે ૨૮૧૬૧ પોલીંગ સ્ટાફને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. અમદાવાદ મહાનગરપાલિકામાં ચૂંટણીમાં ૨૩ લાખ ૭૧ હજાર ૬૦ પુરૂષ મતદાર અને ૨૧ લાખ ૭૦ હજાર ૧૪૧ સ્ત્રી મતદારો, ૧૪૫ જેટલા અન્ય મતદારો એમ કુલ ૪૫ લાખ ૪૧ હજાર ૩૪૬ મતદારો ચૂંટણીમાં મતદાન કરશે.

## કોરોનાની ત્રીજી લહેર? અમેરીકા, કેનેડા અને મેક્સિકોમાં ૨૧ માર્ચ સુધી લોકડાઉન



(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૨૦

ફોટો અર્જેન્ટિનાનો છે. અહીં, આરોગ્ય મંત્રાલયના સચિવ કારેલા વિઝોટ્ટી ઘરે-ઘરે જઈને કોરોનાનાં લક્ષણો વિશે માહિતી મેળવી રહ્યા છે. વેક્સિનેશનની વચ્ચે દુનિયાના અનેક દેશોમાં ફરી એક વખત કોરોનાના દર્દીઓ વધવાની ગતિ ઝડપી થઇ રહી છે. જેને ધ્યાનમાં રાખતા અમેરિકા, કેનેડા અને મેક્સિકોએ દેશમાં ૨૧ માર્ચ સુધી પ્રતિબંધોને લંબાવી દીધા છે. જે અનુસાર, અહીં રહેતા લોકો જરૂરી કામ સિવાય ટ્રાવેલ નહીં કરી શકે. લોકોએ પોતાના પ્રવાસનું કારણ ફરજિયાત જણાવવું પડશે. અત્યાર સુધી તે પ્રતિબંધો ૨૧ ફેબ્રુઆરી સુધી જ લગાવાયા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને જાહેરાત કરી છે કે જુલાઇ સુધી દર અમેરિકને વેક્સિન મૂકવવી પડશે.

### પેટ્રોલના ૧૨માં દિવસે પણ અણનમ ભાવવધારાના સપોર્ટ રૂપે અદાણી દ્વારા સીએનજીમાં પણ બોજો ઝીંકાયો

## મહેંગાઈ ડાયન માર ડાલેગી : પેટ્રોલ બાદ સીએનજીમાં ભડકો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૦

સમગ્ર દેશમાં સતત વધી રહેલ પેટ્રોલ-ડીઝલના ભાવને લઈને હાહાકાર મચાવ્યો છે, ત્યારે આજ ફરી એકવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થયો છે. આ સિવાય અદાણીએ પણ ગેસની કિંમતોમાં વધારો કરતાં મધ્યમ વર્ગના ખિસ્સા પર વધુ ભાર પડી શકે છે. અદાણી ગેસના આ નિર્ણયથી ગુજરાતમાં સીએનજીના ૪ લાખ અને પીએનજીના ૧૦ લાખ ગ્રાહકોનો ખર્ચ વધી જશે. અદાણી ટોટલ ગેસ દ્વારા કરવામાં આવેલા ભાવ વધારાને પરિણામે અમદાવાદ, ખેડા, બરવાળા, સુરેન્દ્રનગરના અદાણી ગેસના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં સીએનજીના કિલોદીઠ ભાવ વધીને રૂા. ૫૪.૯૫ થઈ ગયા છે. અમદાવાદમાં સીએનજીમાં ભાવ ૫૩.૬૭ રૂપિયે કિલોથી વધારીને ૫૪.૬૨ રૂપિયા કરાયો. ઉલ્લેખનીય છે કે અદાણીએ સીએનજીમાં કિલોદીઠ ૯૫ પૈસાનો વધારો કર્યો છે. અદાણી સીએનજીનો ભાવ વધીને રૂ. ૫૪.૬૨ થયો છે. આ પહેલાં પણ ૩૦ જાન્યુઆરીના સીએનજીમાં રૂ.૧નો ભાવવધારો કંપનીએ કર્યો હતો. આ સાથે પીએનજીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧.૨૯નો વધારો કંપનીએ કર્યો છે. અત્યાર સુધી તે ૫૩.૬૭ રૂપિયે કિલો મળતા હતા પરંતુ હવે સીએનજીનો નવો ભાવ હવે ૫૪.૬૨ રૂપિયે કિલો થઈ યો છે.

આ નવા ભાવ (ટેક્સ સાથે) ૧૭ ફેબ્રુઆરીથી અમલમાં આવી ગયો હોવાનું કંપનીની વેબસાઈટ પર જણાવાયું છે. પીએનજીનો ભાવ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરે ૨૯.૦૬ થઈ ગયો છે. તદુપરાંત તેના પર અમદાવાદમાં ટેક્સ પણ લગાવવામાં આવશે. નવસારી વિસ્તારના અદાણી ગેસના ગ્રાહકોને માથે પણ નવા ભાવ વધારાને પરિણામે ખર્ચ બોજ વધશે. ગુજરાતમાં ૧૦ લાખથી વધારે વાહનો સીએનજી પર ચાલતા હોવાનો અંદાજ છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં સતત ૧૨ માં દિવસે શનિવારે જોરદાર વધારો થયો છે. શનિવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૯ પૈસા પ્રતિ લીટર મોંઘુ થઈ ગયું છે. આ સાથે અહીં પેટ્રોલની કિંમત ૯૦.૫૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. ડીઝલ પણ ૩૭ પૈસા વધી લિટર દીઠ ૮૦.૯૭ રૂપિયા પર પહોંચી ગયું છે. મુંબઈમાં પેટ્રોલ ૯૭.૦૦ પર પહોંચી ગયું છે, જે મેટ્રો શહેરોમાં સૌથી વધુ છે. ભોપાલમાં એક્સપી પેટ્રોલ ૧૦૧.૫૧ રૂપિયામાં વેચાઈ રહ્યું છે.




## ઉન્નાવ કાંડના તમામ આરોપીને ફાંસી આપવા પીડિત પરિવાર દ્વારા માંગ

(જી.એન.એસ.)લખનઉ,તા.૨૦

ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં બે સગીર વયની દલિત યુવતીઓની હત્યાના કેસમાં સામેલ બે આરોપીઓની ધરપકડ કરાઈ છે. પોલીસનું કહેવું છે કે એક તરફી પ્રેમ સંબંધને કારણે હત્યા કરાઈ હતી. આરોપીઓમાં એકનું નામ વિનય કુમાર છે જ્યારે બીજો સગીર વયનો હોવાથી નામ જાહેર નથી કરાયું. ઉન્નાવ કાંડમાં પોલીસે ખુલાસો કર્યા બાદ પીડિતાના પરિવારે દોષિતોને ફાંસીની સજા આપવાની માંગ કરી છે. પીડિતાના પરિવારે ખુલાસાને સાચો બતાવતા કહ્યું કે, કાં તો પકડવામાં આવેલા આરોપીઓને ફાંસી પર ચડાવો અથવા તેનું એક્કાઉન્ટર કરવામાં આવે. મૃતક સગીરાની માતાએ કહ્યું કે, જેમ અમારી દિકરી તડપી-તડપીને મરી છે તેવી જ રીતે આ ગુનેગારોને સજા આપવામાં આવે. ફાંસી આપો તેમને, જેવી રીતે અમારી દિકરી તડપી છે તેવી જ રીતે આ આરોપીઓને પણ મારજો. અમારે અમારી આંખેથી જોવું છે જેટલા મળે એટલાને સજા આપજો. જેટલા લોકો છે એટલા ને ફાંસી આપો.

ઉન્નાવ કાંડમાં બીજી મૃતક સગીરાના પિતાએ કહ્યું કે, આ ખુલાસાથી અમે સંતુષ્ટ છીએ. પોલીસે અને બધાએ અમારી મદદ કરી. અમને સંતુષ્ટી ત્યારે જ થશે જ્યારે આરોપીઓનું એક્કાઉન્ટર કરવામાં આવે અથવા તેમને ફાંસી આપવામાં આવે. અમારું કહેવું છે કે, આરોપીઓની પુછપરછ કરવામાં આવે જેથી વધુ લોકો સામે આવે.

## બેંક લોકર પર નિયમો બનાવવા સુપ્રિમ કોર્ટ દ્વારા અલ્ટીમેટ અપાયું

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને બેંકોમાં લોકર સુવિધા વ્યવસ્થાપન અંગે ૬ મહિનામાં નિયમો બનાવવા જણાવ્યું છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે બેંકો તેમના ગ્રાહકોને બેંક લોકર સેવાથી દૂર કરી શકશે નહીં. જસ્ટિસ એમ.એમ. શાંતાનાગૌડર અને જસ્ટિસ વિનીત સરનની ખંડપીઠે કહ્યું કે વૈશ્વિકરણની સાથે સામાન્ય લોકોના જીવનમાં બેંકિંગ સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની ગઈ છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે લોકો ઘરો પર રોકડ, ઘરેણાં વગેરે રાખવા અંગે અનિચ્છા બતાવે છે, કારણ કે આપણે ધીમે-ધીમે કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યા છીએ. તેથી, બેંકો દ્વારા પ્રદાન થયેલ લોકર એક આવશ્યક સેવા બની ગઈ છે. આ પ્રકારની સેવાઓનો લાભ નાગરિકો તેમજ વિદેશી નાગરિકો મેળવી શકે છે. તેમ છતાં ઈલેક્ટ્રોનિક સંચાલિત લોકર માટે એક વિકલ્પ છે, પરંતુ અમુક લોકો તેમાં ગડબડ પેદા કરી શકે છે.

જો લોકો તકનીકી રીતે જાણકાર ન હોય તો આવા લોકરનું સંચાલન પણ તેમના માટે મુશ્કેલ છે. ખંડપીઠે કહ્યું કે ગ્રાહકો સંપૂર્ણપણે બેંક પર નિર્ભર છે, જે તેમની સંપત્તિને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ સક્ષમ છે. આવી સ્થિતિમાં બેંકો આ બાબતે પીછેહઠ કરી શકશે નહીં અને દાવો કરી શકે છે કે તેમના ગ્રાહકોને લોકર ચલાવવાની તેમની કોઈ જવાબદારી નથી.

## ૬ મહાપાલિકાની મતગણતરી બાબતે સર્વોચ્ચ અદાલતમાં સોમવારે સુનાવણી

### રાજ્યની વડી અદાલતે મામલો ફગાવતા પ્રદેશ કોંગ્રેસ સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૦

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો કાર્યક્રમ રાજ્ય ચૂંટણી પંચે જાહેર કર્યો ત્યાર બાદ બે તબક્કાનું મતદાન અને બન્નેની અલગ અલગ દિવસે મતગત્રી જાહેર કરતાં કોંગ્રેસ પક્ષ દ્વારા બીજા તબક્કાનું મતદાન બાકી હોય ત્યારે તેના પહેલા પ્રથમ તબક્કાનાં યોજાયેલ મતોની ગણત્રીની કામગીરી સામે વિરોધ દર્શાવતી અરજી પર રાજ્યની હાઈકોર્ટે જાહેર કરાયેલ ચૂંટણી કાર્યક્રમમં ફેરફાર કરવા નનૈયો ભણતા કોંગ્રેસ પક્ષ દ્વારા હાઈકોર્ટનાં ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતમાં તાકિદની અરજી પોતાનાં ધારાશાસ્ત્રીઓ મારફત દાખલ કરાતા અદાલતે અરજીનો સ્વિકાર કરી આ મામલે આગામી સોમવારે વિશેષ સુનાવણી હાથ ધરવા મુકરર કરેલ છે. કોંગ્રેસપક્ષ દ્વારા ચૂંટણી પંચ તથા તેની માર્ગદર્શિકાઓના આધારો રજૂ કરી જયાં સુધી એકથી વધુ તબકકામાં મતદાન યોજાનાર હોય ત્યારે અંતિમ તબકકાના મતદાન સુધી મતગણત્રીની પ્રક્રિયા હાથ ધરવાથી તેના પરિણામની અસર જ્યાં મતદાન બાકી હોય તેવા વિસ્તારમાં પડી શકે તેવું દર્શાવેલ છે. રાજયની ૬ મહાપાલિકાનું મતદાન સંપન્ન થયા બાદ ત્રીજા દિવસે જિલ્લા-તાલુકા પંચાયતો અને નગરપાલિકાનું મતદાન યોજાય તો શું મહાપાલિકાના પરિણામની અસર તેના બાદ યોજાનાર મતદાનમાં ન પડનાર હોય તો સંસદ અને ધારાસભ્યમાં એકથી દોઢ માસ સુધી ઈ.વી.એમ.ને સ્ટ્રોંગરૂમમાં સાચવવાની શી જરૂર એવો પ્રશ્ન દેશનાં પ્રત્યેકબૌધ્ધિકના મનમાંથી ઉઠી રહ્યો છે. ચૂંટણી પંચ પણ સ્વાયતા દર્શાવવાના બદલે રાજકીય પક્ષોની કઠપૂતળી બની પોતાની વાતને યોગ્ય ઠેરવવા એક યા બીજા બહાના રજુ કરતું હોવાથી લોક માનસમાં પંચની કામગીરી પણ શંકા ઉપજાવી રહી છે.

## ૨૬મી જાન્યુ.એ થયેલ હિંસાના આરોપીઓને પકડવા ૨૦૦ લોકોની તસવીરો જાહેર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૦

દિલ્હીમાં રિપબ્લિક ડે પર ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમયાન લાલ કિલ્લા પર થયેલી હિંસામાં દિલ્હી પોલીસે કથિત ૨૦૦ લોકોની તસવીરો જાહેર કરી છે. પોલીસે વીડિયો સ્કેન કરી અને લોકોના ફોટા બહાર પાડ્યા છે જેમાં લોકોની ઓળખ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.દિલ્હી પોલીસે લાલ કિલ્લા પર પ્રદર્શન કરનાર મનિન્દર સિંહની ધરપકડ કરી હતી. આ હિંસા દરમિયાન ૫૦૦ થી વધુ પોલીસ જવાન ઘાયલ થયા હતા .વિરોધીઓએ પોલીસના અનેક વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું હતું.

ભાજપ શાસનનાં પાંચ વર્ષ : વાદ નહી વિવાદ નહી માત્ર સંવાદ : રાજકોટ-સૌરાષ્ટ્રની જનતાને હોસ્પિટલના બિછાનેથી CM રૂપાણીનો ખાસ સંદેશ

# સુવિધા અને સુખાકારીના સરવાળા-ગુણાકાર : CM રૂપાણી



મારા પ્રિય રાજકોટવાસીઓ,

આપ સૌને નમસ્કાર!

વંદે માતરમ્

સૌપ્રથમ તો મારા સ્વાસ્થ્ય માટે ચિંતા કરવા બદલ અને શુભેચ્છાઓ - આશિર્વાદ આપવા બદલ આપ સૌનો આભાર.

આપ સૌ જાણો જ છો કે, આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન છે, ત્યારે મારા મનની વાત અપીલ થકી આપનાં સુધી પહોંચાડી રહ્યો છું. આપ સૌશ્રી આપના મત્તાધિકારનો ઉપયોગ કરશો તેવો મારો આગ્રહ છે.

છેલ્લાં પાંચેક વર્ષ દરમિયાન આપ સૌએ અનુભવ કર્યો હશે કે, ગુજરાતનાં પ્રત્યેક નાગરિકને હાલની સરકાર પોતિકી લાગી રહી છે. સરકાર અને પ્રજા વચ્ચે કોઈ જ ખાઈ નથી. અમારી સંવેદનશીલ સરકાર પર પ્રજાજનોને ગળા સુધીનો વિશ્વાસ છે. મને આ વાતનું ગૌરવ છે કે, પાંચ વર્ષનાં શાસન દરમિયાન અમારી સરકાર પર એક નાનો એવો ડાઘ પણ નથી લાગ્યો, ભ્રષ્ટાચારનો એક આક્ષેપ પણ નથી થયો. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતનાં ભાંગફોડીયા તત્ત્વોને અમે કાબૂમાં કર્યા છે. તેથી જ એકપણ અરાજક આંદોલન રાજ્યમાં નથી થયું. કોઈ જ વાદ-વિવાદ વગર આપણી સરકાર એકદમ સહજતાથી ચાલી રહી છે. પ્રામાણિકતા, પારદર્શકતા અને ઈમાનદારીથી છલોછલ આ સરકારનાં અભિગમથી દરેક ગુજરાતી સારી પેઠે વાકેફ છે. આ સરકારની અન્ય એક વિશિષ્ટતા એ છે કે, તેમાં અમે શૂન્ય છે. આવા અનેકવિધ હકારાત્મક પાસાંઓના સંયોજનથી આપણી સરકાર ૨૪*૭ લોકસેવામાં કાર્યરત છે.

**વિકાસની પૂર્વશરત સમરસ વાતાવરણ, શાંતિ અને સદભાવના છે, આપણે સૌ પ્રથમ ધ્યાન એટલે જ સલામતી અને સમરસતા તરફ આપ્યું**

વિકાસની પૂર્વશરત સમરસ વાતાવરણ, શાંતિ અને સદભાવના છે. આપણે સૌ પ્રથમ ધ્યાન એટલે જ સલામતી અને સમરસતા તરફ આપ્યું. કોંગ્રેસે ભૂતકાળમાં સત્તાની લાલચમાં સામાજીક સૌહાર્દનું વાતાવરણ પૂર્ણતઃ ડહોળી નાખ્યું હતું. જ્ઞાતિ-જાતિ વચ્ચે વૈમનસ્ય ફેલાવીને સત્તા મેળવવા તેમણે સમાજને એવડું મોટું નુકસાન પહોંચાડ્યું કે, તેને કારણે ગુજરાતનો વિકાસ રૂંધાઈ ગયો, રાજ્યની પ્રતિષ્ઠા તેને લીધે ખરડાઈ. ભાજપે આ સ્થિતિમાંથી ગુજરાતને ઉગાર્યું. અમે સાર્વત્રિક લાંબા ગાળાનું આયોજન કરીને બધાં માટે સમાન તકો સર્જવા યજ્ઞ આરંભ કર્યો. માત્ર આજને નહીં, દસ-વીસ-ત્રીસ વર્ષ પછીનાં સમયને ધ્યાનમાં રાખી અદ્ભુત આયોજનો કર્યા. દરિયાનાં ખારા પાણીને મીઠું બનાવતા ડિસેલિનેશન પ્લાન્ટ, કિસાન સૂર્યોદય યોજના, સુજલામ-સુફલામ વગેરે યોજનાઓ દુરંદેશી અને દીર્ઘદ્રષ્ટિનાં ઉદાહરણો છે. આવનારાં દિવસોમાં આ બધી યોજનાઓનું મૂલ્ય એટલું હશે કે, તેની આંકણી પણ નહીં થઈ શકે. કોર્પોરેશન હોય કે રાજ્ય સરકાર, ભાજપે પાંચ વર્ષનાં શાસનમાં વાદ-વિવાદ અને અરાજકતાની બાદબાકી કરી છે અને વિકાસ અને સુખાકારીનાં સરવાળા તથા ગુણાકાર કર્યા છે.

**અમે સાર્વત્રિક લાંબા ગાળાનું આયોજન કરીને બધાં માટે સમાન તકો સર્જવા યજ્ઞ આરંભ કર્યો, માત્ર આજને નહીં, દસ-વીસ-ત્રીસ વર્ષ પછીનાં સમયને ધ્યાનમાં રાખી અદ્ભુત આયોજનો કર્યા**

પોલિસી ડ્રિવન સ્ટેટ હોવાને લીધે જ આપણે જગતનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક બનાવી રહ્યાં છીએ, એટલે જ આપણે પૃથ્વીનાં ગોળા ફરતે અઢી વખત બિછાવી શકાય તેટલી પીવાનાં પાણીની પાઈપલાઈનનું નેટવર્ક ગુજરાતમાં ફેલાવી શક્યા છીએ, ઊર્જા-ખેતીથી લઈ, જળ અને ઉદ્યોગ ક્ષેત્રની મહાકાય યોજનાઓ આપણે સાકાર કરી રહ્યાં છીએ. આપણાં શહેરો આજે વિશ્વકક્ષાનાં બની રહ્યાં છે, ગામડાંઓમાં વધુ સુવિધાઓ આપી રહ્યાં છીએ, સેવાઓનું ડિજિટલાઈઝેશન કરી રહ્યાં છીએ.

**પૃથ્વીના ગોળા ફરતે અઢી વખત બિછાવી શકાય તેટલી પાણીની પાઇપ લાઇન અમે ગુજરાતમાં નાંખીઃ અમારી નાત, જાત અને વાત એટલે વિકાસ અને ફક્ત વિકાસ**

ગુજરાતમાં દરેક વર્ગને લાગી રહ્યું છે કે, આ સરકાર મારી છે! રાજકોટ અને સૌરાષ્ટ્રનાં લોકોના સ્વપ્નો ઘણાં દાયકાઓ પછી સાકાર થઈ રહ્યાં છે. લોકોને લાગે છે કે, ઘણાં વર્ષો પછી સૌરાષ્ટ્રનો વારો આવ્યો! સૌની યોજના થકી આપણે સૌરાષ્ટ્રનાં ગામે-ગામ જળ પહોંચાડ્યા છે. એક સમયે જે જળાશયોમાં વર્ષનાં છ મહિના બાળકો ક્રિકેટ રમતાં, એ ડેમોમાં આજે ઉનાળો પણ અખૂટ જળભંડાર ભર્યા છે. આખા સૌરાષ્ટ્ર-કચ્છના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય તેવી એઈમ્સ આવી રહી છે. એઈમ્સનાં આગમનને કારણે વિશ્વકક્ષાની સારવાર સુવિધા સાવ નજીવા દરે મળી શકશે. સૌરાષ્ટ્ર માટે રાજકોટમાં ઈન્ટરનેશનલ ગ્રીનફિલ્ડ એરપોર્ટ આવી રહ્યું છે. હવે સૌરાષ્ટ્રનાં એન.આર.આઈ.ને કે સૌરાષ્ટ્રથી વિદેશ અવરજવર કરતા લોકોને ઠેઠ અમદાવાદ સુધી લાંબું નહીં થવું પડે.

રાજકોટવાસી તરીકે તમે પણ અનુભવ કર્યો જ હશે કે, છેલ્લાં પાંચ વર્ષમાં રાજકોટ કદાચ ત્રીસ વર્ષ આગળ નીકળી ગયું છે. લાલપરી તળાવ બંધાયાનાં સવાસો વર્ષ પછી શહેરને વધુ એક તળાવ- અટલ સરોવર મળ્યું છે, નવું રેસકોર્સ બની રહ્યું છે. આવા અનેક કાર્યો થયા છે - થઈ રહ્યાં છે. આપ સૌએ રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી માટેનો ભાજપનો મેનિફેસ્ટો જોયો જ હશે. આવનારા બે-પાંચ વર્ષોમાં એ ઢંઢેરાની યોજનાઓ સાકાર થશે ત્યારે રાજકોટની શકલ બદલાઈ ગઈ હશે. તેમાં અમે બાળકોથી લઈ યુવાનો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, સામાન્યજન, વેપારીઓ, ખેલાડીઓ સુધીનાં તમામ વર્ગોનો ખ્યાલ રાખ્યો છે.

**સૌરાષ્ટ્ર-રાજકોટ માટે સોનાંનો સુરજ ઉગ્યોઃ એઇમ્સ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજના સહિત અનેક પ્રકલ્પો મળ્યા**

રાજકોટનો મતદાર સમજુ છે. રાજ્ય, કેન્દ્રમાં ભાજપ હોય ત્યારે સ્થાનિક કક્ષાએ પણ ભાજપ હોય તો કેટલો મોટો ફાયદો થાય, એ રાજકોટવાસીઓ જાણે જ છે. રાજકોટે દાયકાઓથી ભાજપની વિકાસલક્ષી રાજનીતિ સ્વીકારી છે. રાજકોટ-ભાજપ અને વિકાસ એ ત્રણેય એકમેકનાં પર્યાય બન્યાં છે. આવતીકાલે આપ ભાજપને જ મત આપી વિકાસની રાજનીતિને સમર્થન આપશો, તેવી શ્રદ્ધા છે.

મારી તબિયતની ચિંતા કરી જલ્દી સ્વસ્થતા પ્રાપ્ત કરું તે માટે આપે સહુએ આપેલ શુભેચ્છાઓ-આશિર્વાદ બદલ ફરી આપ સૌનો આભાર.....

-વિજય રૂપાણી,
મુખ્યમંત્રી, ગુજરાત

---

રાજકોટની અર્ધનારી પાયલ રાઠવાએ ન્યાય માટે સોશિયલ મીડિયામાં ઝુંબેશ ચલાવી : #justiceforpayal

# કિન્નરો દ્વારા ટ્રાન્સ વૂમનને ધમકાવી તેના ગુપ્તભાગનો વીડિયો વાયરલ કરતા ચકચાર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૦

રાજકોટ શહેરમાં નાની નાની બાબતોમાં કોઈનું અપહરણ કરવું કે માર મારવો સામાન્ય બાબત થઈ ગઈ છે પરંતુ હાલ જે ઘટના સામે આવી છે તે અત્યંત ચોંકાવનારી છે. રજકોટમાં રહેતી પાયલ નામની ટ્રાન્સવુમન પર શહેરમાં રહેતા કેટલાક કિન્નરોએ નકલી કિન્નર હોવાના આક્ષેપો સાથે તેને જાહેરમાં નગ્ન કરી તેના ગુપ્તભાગનો વિડિયો બનાવી સોશિયલ મિડીયામાં વાયરલ કર્યો છે. ટ્રાન્સજેન્ડરનો આ વિડીયો વાયરલ કરવાના પગલે પાયલે સાયબર ક્રાઈમમાં પણ અરજી કરી હોવાનું પણ જાણવા મળે છે. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી પાયલ નામની ટ્રાન્સવુમન પર લોધાવડ ચોક પાસે યુવતીના વસ્ત્રો પહેરીને ઉભી હતી ત્યારે શહેરમાં રહેતા કેટલાક કિન્નરોએ તેના પર નકલી કિન્નર હોવાના આક્ષેપો સાથે પાયલનું અપહરણ કર્યું હતું.



પાયલને ગોંધી રાખી બેરહેમીથી ઢોરમાર માર્યો હતો, આટલેથી ન અટક્યું હોય તેમ આ ટ્રાન્સવુમનને કિન્નરો દ્વારાજાહેરમાં અર્ધ નગ્ન કરવામાં આવી હતી અને તેને અપશબ્દો કહીને તેનો વિડીયો ઉતારી,વાયરલ કર્યો હતો. પાયલે જણાવ્યું હતું કે, તેના આ મિશન દરમિયાન કિન્નરના એક જૂથમાંથી એકગે તેની સોસાયટીમાં ભર્યો હોવાથી, આ વાત કિન્નર જૂથને ગળે ન ઊતરતાં તેનો ખાર રાખી ને ગત તારીખે ૧૫ના રોજ પાયલ તેના ઘરે પહોંચી ત્યારે કિન્નરો દ્વારા તેનું અપહરણ કરી તેને ઢોર માર મારવામાં આવ્યો હતો અને તેને મવડી રોડ પર આવેલ એક ટી સ્ટોલ પાસે લઈ જવામાં આવી હતી. તેની સાથે રહેતી ટ્રાન્સવુમનનો વિડીયો બનાવ્યા બાદ પાયલને ગોંડલ રોડ પર આવેલ સૂર્યકાંત હોટલ નજીક લઈ જવામાં આવી હતી, ત્યાં આ કિન્નરના જુથે પાયલનો અર્ધનગ્ન વિડીયો બનાવીને કિન્નરના ગ્રુપમાં વાયરલ કર્યો છે. જે અત્યારે સમગ્ર દેશમાં વાયરલ થઈ રહ્યો છે. આ બનાવના સમયે પાયલના વાળ પણ કાપી નાંખવામાં આવ્યા હતા અને તેને ફરીથી લીમડાચોક ખાતે લઈ જવાઈ હતી અને આ કિન્નરોએ પોલીસને બોલાવીને પાયલને સોંપી હોવાનું તેણે જણાવ્યું હતું ત્યારબાદ તેને એ ડિવિઝન પોલીસ ખાતે લઈ જવાઈ હતી. આ ઘટના બાદ ડરી ગયેલી પાયલ હાલમાં તેના ઘરમાંથી બહાર પણ નીકળતી નથી. આ ઘટના બાદ પાયલને ન્યાય અપાવવા માટે સોશિયલ મીડિયામાં #જસ્ટીસફોરપાયલના હેશટેગસાથે જોર જોરથી ઝુંબેશ શરૂ થઈ છે.

---

**પક્ષીઓનું સોશ્યલ ડિસ્ટન્સ....**



સ્થાનિક સ્વરાજની ચુંટણી નજીક આવી રહી છે. ત્યારે નેતાઓ પ્રચાર કરવા માટે સભાઓ કરતા હોય ત્યારે જાણે કે કોરોના ભાગી ગયો હોય તેમ સોશ્યલ ડિસ્ટન્સ ભુલી જતા હોય પરંતુ મુંગા પક્ષીઓ કબુતરો એક સાથે વાયર પર એક બીજાથી દૂર સોશ્યલ ડિસ્ટન્સ સાથે બેઠા જોવા મળી રહ્યા હતા. - કૈલાશ ભટ્ટ

---

# આયુષ્માન ભારત યોજનાના કાર્ડ પર લાગતો ચાર્જ રૂા. ૩૦ કરાયો માફ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨૦

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત લાભાર્થીઓને હવે પોતાની પાત્રતા ફીમાં ખરીદી શકે છે. સરકારે શુક્રવારે કાર્ડ પર લાગુ ૩૦ રૂપિયાનો ચાર્જ માફ કરી દીધો છે. આ ચાર્જ લાભાર્થીઓને કોમન સર્વિસ સેન્ટર પર ચૂકવવો પડતો હતો. જો કે, જો કાર્ડ ખોવાઈ જાય ત્યારે ડુપ્લિકેટ કાર્ડ જારી કરવા અથવા રિપ્રિન્ટ કરવા માટે કર બાદ કરતા ૧૫ રૂપિયાનો ચાર્જ ચૂકવવો પડશે. નેશનલ હેલ્થ ઓથોરિટીએ મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અંતર્ગત આવતા કોમન સર્વિસ સેન્ટર્સ સાથે એક કરાર કર્યો છે. જેના કારણે લોકો હવે આયુષ્માન ભારત એન્ટાઈટલમેન્ટ કાર્ડ ફીમાં મળશે. આ કરાર અંતર્ગત હવે લાભાર્થીઓને PVC આયુષ્માન કાર્ડ મળશે અને તેની ડિલિવરી પણ સરળ થઈ જશે.

સરકારના જણાવ્યા પ્રમાણે, આયુષ્માન કાર્ડ પીએમજેએવાય કોઈપણ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોય છે, જો કે તેને ફીમાં જારી કરવામાં આવે છે અને તેને આગળ પણ ફીમાં જારી કરવામાં આવશે. એનએચએના સીઈઓ રામસેવક શર્માના જણાવ્યા પ્રમાણે, આ કાર્ડ કાગળવાળા કાર્ડની જગ્યા લેશે.

# ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ બે માર્ચ સુધી લંબાવાઈ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૦

ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદ્દત આજે શનિવારના રોજ પુર્ણ થતી હતી. જો કે બોર્ડ દ્વારા નિયમિત ફી સાથે ફોર્મ સ્વિકારવાની મુદત ૨ માર્ચ સુધી લંબાવવામાં આવી છે. મુદત વધારવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી લેઈટ ફી લેવામાં આવશે નહીં. ઉપરાંત એપ્રુવલ સહિતની કામગીરી બાકી હોય તો તે પણ ૨ માર્ચ સુધીમાં કરી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૧ જાન્યુઆરી ધોરણ ૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શાળાઓને ૨૦ ફેબ્રુઆરી સુધીમાં ઓનલાઈન ફોર્મ સબમીટ કરવા માટે સુચના આપવામાં આવી હતી.

આ પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવા માટે શનિવારે છેલ્લો દિવસ હતો. જો કે ધોરણ ૧૨ સાયન્સના ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઘણા વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને તેઓ ઓનલાઈન ફોર્મ સબમીટ કરી શક્યા ન હતા. જેથી બોર્ડ દ્વારા રિપીટર ઉમેદવારો તેમજ અન્ય માટે ઓફલાઈન ફોર્મ સ્વીકારવાનું પણ નક્કી કર્યું હતું. આ માટે બોર્ડ દ્વારા વેબસાઈટ પર ઓફલાઈન ફોર્મ અંગેનું નમૂનાનું ફોર્મ પણ મૂકી દેવામાં આવ્યું હતું. ધો. -૧૨ સાયન્સના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની અંતિમ તારીખ ૨ માર્ચ કરવામાં આવી હોવાથી ૨ માર્ચ સુધી કોઈ પણ સમયે સાયન્સના કોઈ પણ વિદ્યાર્થીની માહિતી શાળા કક્ષાએથી જ સુધારી શકાશે. આ માટે પણ કોઈ અલગથી ફી આપવાની રહેશે નહીં.

જે વિદ્યાર્થીઓનું પ્રિન્સીપાલ એપ્રુવલ બાકી હોય તેણે પણ ૨ માર્ચ સુધીમાં કામગીરી પુર્ણ કરવાની રહેશે. જો કોઈ શાળાએ ફાઈનલ એપ્રુવલ કર્યુ હોય અને આવેદનપત્રો ભરવાના કે સુધારા કરવાના બાકી હોય તો ફાઈનલ એપ્રુવલનું ટીક માર્ક કાઢીને સબમીટ કરવાથી આવેદનપત્ર ભરી શકાશે અને સુધારો પણ કરી શકાશે. નોંધનીય છે કે, વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવેલી છે.

# દેશમાં પ્રથમ વાર કોરોનાગ્રસ્ત સીએમ કરશે મતદાન : રૂપાણી આજે રાજકોટમાં

(જી.એન.એસ.) અમદાવાદ,તા.૨૦

રાજ્યની મહાનગરપાલિકાઓ માટે આવતીકાલે ચૂંટણી યોજાશે. રાજ્યના લાખો શહેરી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અને લોકશાહીના પર્વમાં કોરોના કાળમાં મતદાન માટે જોડાશે. દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી પણ આ ચૂંટણીમાં મત આપશે તેવા અહેવાલો સામે આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદની યુ.એન. મહેતા હૉસ્પિટલમાં કોરોના સામે જંગ લડી રહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોનાની ગાઈડલાઈન મુજબ મતદાન કરશે. આજે મુખ્યમંત્રીનો આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવશે અને ત્યારબાદ આ અંગેનો અંતિમ નિર્ણય જાહેર થાય તેવી વકી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૦નાં મતદાર છે. તેઓ હાલમાં અમદાવાદમાં સારવાર લઈ રહ્યા છે. જોકે, કોરોનાના દર્દીઓ માટે પીપીઈ કીટમાં મતદાન કરવાની વ્યવસ્થા અગાઉ પણ કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં સીએમનો ટેસ્ટ નેગેટિવ આવે તો ચિંતાનું કારણ નથી પરંતુ જો ટેસ્ટ પોઝિટિવ હોય તો કઈ રીતે મતદાન કરવું તે અંગે તંત્ર કામે વળગ્યું હોવાના અહેવાલો છે.

# રાજકોટમાં હથિયાર સાથે બે આરોપીઓ પકડાયા

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૦

રાજકોટ સહિત સમગ્ર રાજ્યભરમાં મહાનગરપાલિકા જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીનો માહોલ સર્જાયો છે. બીજી તરફ ચૂંટણીમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ નો ફેલાઈ તે માટે વહીવટી તંત્ર પણ સજ્જ છે. તો ચૂંટણીના માહોલમાં કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા નો આદેશ કર્યો છે. જે અંતર્ગત રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માત્ર ચોવીસ કલાકના સમયગાળા દરમિયાન બે જેટલા આરોપીઓને ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચના પીઆઇ વિરલ ગઢવીએ જણાવ્યું હતું કે, પીએસઆઇ યુ.બિ જોગરાણા અને તેમની ટીમના સંતોષભાઈ મોરી અભિજીતસિંહ જાડેજા તથા કરણભાઈ મારુંને બાતમી મળી હતી. કે, રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પાંચ જેટલા ગુનામાં નાસતો ફરતો આરોપી જાહિદ ઉર્ફે જામલો કરીમભાઈ જુમાભાઈ કાથરોટીયા માધાપર ચોકડીથી અમદાવાદ તરફ જવાના રસ્તે બેડી ચોકડી પાસે ગેરકાયદેસર હથિયાર સાથે ફરી રહ્યો છે.

જે બાબતની ચોક્કસ બાતમી મળતા આરોપીની અંગ જડતી કરતાં તેની પાસે થી ગેરકાયદેસર દેશી બનાવટનો તમંચો તેમજ ૧૨ બોરનો કાર્ટીસ નંગ ૧ ઝડપાયો હતો. આરોપી વિરુદ્ધ રાજકોટ શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ચારથી પણ વધુ પ્રોહિબિશનના ગુના દાખલ થઈ ચુક્યા છે. ત્યારે આજે બંને આરોપીઓને કોર્ટમાં રિમાન્ડ અર્થે રજૂ કરી રિમાન્ડ દરમિયાન ગેરકાયદેસર હથિયાર તેમણે કોની પાસેથી મેળવ્યા છે? પોતાની પાસે રહેલ ગેરકાયદેસર હથિયાર નો ભૂતકાળમાં કોઈ જગ્યાએ ગુનાહિત કૃત્યોમાં ઉપયોગ કર્યો છે કે કેમ? તે સહિતની તમામ બાબતો અંગે પૂછપરછ કરવામાં આવશે.

# ટૂંક સમયમાં શરૂ થશે રાજકોટથી હૈદ્રાબાદની ફ્લાઈટ સર્વિસ થશે શરૂ

રાજકોટ,તા.૨૦

કોરોના મહામારીનો કહેર હળવો થતા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવાઈ સેવામાં વધારા સાથે મુસાફરોનો ટ્રાફીક પણ વધવા લાગ્યો છે. અને તેની સાથે રાજકોટ એરપોર્ટના એર ફ્રિકવન્સીમાં વધારો થવા લાગ્યો છે. ત્યારે આગામી તા.૧લી માર્ચથી રાજકોટ-હૈદરાબાદ વચ્ચે વધુ એક ફલાઈટ શરૂ થનાર છે. રાજકોટ બેંગ્લોર બાદ હવે રાજકોટ - હૈદ્રાબાદ વચ્ચે ફ્લાઈટ શરૂ થવા જઈ રહી છે. આગામી ૧ મેં થી સ્પાઈસ જેટ દ્વારા રાજકોટ-હૈદરાબાદ વચ્ચે ફલાઈટ શરૂ કરવામાં આવી રહી છે એ ફલાઈટ સવારના ૯ વાગ્યે ૧૦ મિનિટ રાજકોટ પહોંચી ૯ વાગ્યે ૪૦ મિનિટ પરત હૈદરાબાદ જવા ઉડાન ભરશે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે આગામી ૨૪ માર્ચથી રાજકોટ - બેંગ્લોર ફલાઈટ શરૂ થઈ રહી છે ત્યારે આગામી ૧લી માર્ચથી સ્પાઈસ જેટ મુંબઈ - દિલ્હી અને બેંગ્લોર બાદ વધુ એક ફલાઈટ રાજકોટ - હૈદ્રાબાદ વચ્ચે શરૂ કરવા જઈ રહી છે. આ સાથે રાજકોટને સ્પાઈસ જેટ દ્વારા મુંબઈ - દિલ્હી - બેંગ્લોર અને હૈદ્રાબાદ એમ કુલ ૪ ફલાઈટની ભેટ આપવામાં આવી છે. જ્યારે હાલમાં એર ઈન્ડિયાની મુંબઈ અને દિલ્હીની માટે બે ફલાઈટ રોજ ઉડાન ભરી રહી છે.

# દહગામ નજીક આઈસરે એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત : બે યુવાનોના મોત

(જી.એન.એસ.)દહેગામ,તા.૨૦

ગાંધીનગરના દહેગામના પાલૈયા બાયડ રોડ પર આઈસર અને એક્ટિવા વચ્ચે અકસ્માત થયો છે. આ અકસ્માતમાં આઈસર નીચે આવી જતા બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે. બનાવની જાણ થતાં લોકો એકઠા થયા હતા. અકસ્માત અંગે જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવકોની ઉમર ૨૦ વર્ષની હોવાનું જાણવા મળ્યું છે. મૃતકમાં એક યુવક દહેગામનો જ્યારે બીજો યુવક પાલજનો હોવાનું જાણવા મળ્યું છે. દહેગામ પોલીસ મથકના



સૂત્રોના જણાવ્યા અનુસાર દહેગામનાં સાહિલ સૈયદઅલી તેમજ પાલજનાં જયેશ અરવિંદભાઈ શર્મા આજે એક્ટિવા નંબર - જીજે ૧૮ડીએચ૭૧૯૦ લઈને કોઈ કામ અર્થે પાલૈયા બાયડ રોડ તરફ પસાર થઈ રહ્યા હતા. ત્યારે બાયડ ત્રણ રસ્તા પાસે સામેથી આવતી આઈસર ટ્રક નંબર - જીજે૦૧સીઝેડ૩૧૦૮ નાં ડ્રાઈવરે પોતાની ટ્રક પુરઝડપે હંકારી એક્ટિવા ને સામેથી ધડાકાભેર ટક્કર મારી હતી.અકસ્માત થતા બન્ને યુવાનોનું ઘટના સ્થળે મોત નીપજ્યું છે.

# ઝઘડિયાના ભલોદ ગામે નર્મદા જયંતીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી



ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૨૦

ઝઘડિયા તાલુકાના ભાલોદ ગામે આવેલા ગાયત્રી દત્ત આશ્રમ દ્વારા દર વર્ષે મહા સુદ સાતમ ના દિવસે દર વષે ની જેમ આ વર્ષે પણ નર્મદાજયંતી ની ભકિતમય માહોલ મા ઉજવણી કરવામાં આવી હતી. નર્મદા જંયતી મોહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે એક દિવસ ના ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતો જેમા તા.૧૯-૨-૨૦૨૧ના રોજ ગાયત્રી મંદિર ખાતે સવારે ધટ સ્થાપના પાથેશ્ર્વર પુજન સાથે શ્રી યંત્ર પુજા વિધિ કરવામા આવી હતી.

સવારે ભાલોદ ગામે બજાર મા આવેલા મહાકાળી માતા મંદિર થી કુંમારી કન્યાઓની શ્રીફળ કળશયાત્રા તેમજ નર્મદા માતાજીની ની પ્રતિમા ની ડીજે સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમા મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ગાયત્રી મંદિર ખાતે સવારે ૯ કલાકે હોમાત્કવ યક્ષપૂજા રાખવામાં આવી હતી. યજ્ઞ સમાપન બાદ સમૂહ આરતી કરવામાં આવી હતી તેમજ મહાપ્રસાદી રાખવામાં આવી હતી. સાંજે નર્મદાનદી કિનારે નર્મદામૈયા પૂજન અભિષેક ભવ્ય્ આતીશબાજી સાથે દિપ દાન તથા એક કાંઠેથી બીજા કાંઠા સુધી નર્મદા મૈયાને ૩૫૦મિટર લાંબી ચુંદડી અર્પણ કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ભાગ લીધો હતો. નામામિ દેવી નર્મદેના નાદથી નર્મદા કાંઠા ગુંજી ઉઠયા હતા.

# લઘુમતી કોમના છે તો યેનકેન પ્રકારે વારંવાર રજૂઆત કરી છતાં કોઈ સાંભળતું નથી



ચક્રવાત ટીમ પાટડી, તા.૨૦

સુરેન્દ્રનગર જીલ્લા ના દસાડા તાલુકાના પાટડી નાં વાસુરિયવાસમાં લઘુમતી કોમના લોકો ની વસ્તી વધારે હોય રાજકીય કીનાખોરી રાખી પાણી માટે હેરાન કરવા આવે છે અત્યારે દસાડા તાલુકાના પાટડી નગરાલિકાઓમાં ચૂંટણીઓ નું ધમધમાટ શરૂ થઈ ગયો છે ત્યારે નગરપાલિકા વોર્ડ નંબર (૧) માં પાણીની રજૂઆત કરવામાં આવે છે તો રાજકિય પક્ષો કહે છે અમારે તમારાં લઘુમતી સમાજના વોટની જરૂર નથી નગરાલિકાઓમાં ફરિયાદ કરીએ તો કોઈ સભાડતું નથી પાણી પુરવઠા વિભાગ માં રજૂઆત કરવામાં જઈ તો કહે આ અમારા ન આવે આવી જ રીતે હેરાન કરવા આવે છે ન છૂટકે આજ નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે.

# કોડીનારના ઘાટવડ ગામમાં ખ્વાજા ગરીબ નવાજની છઠ્ઠી શાનો શોકતથી ઉજવણી કરાઈ



ચક્રવાત ટીમ કોડીનાર, તા.૨૦

કોડીનાર તાલુકાના ઘાટવડ ગામે ખ્વાજા ગરીબ નવાઝ ની છઠ્ઠી શરીફ ની ભારે શાનો શોકત સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. છઠ્ઠી શરીફ ની ઉજવણી નું કાર્યકમ જાગ્રત શા બાબા યંગ કમેટી તરફથી કરવામાં આવ્યું હતું.જેમાં સાંજે ૪ વાગ્યે ઝુલુસ કાઢવામાં આવ્યું હતું,અને ઝુલુસ બાદ આમ ન્યાઝ નો કાર્યક્રમ યોજાયો હતો,તેમજ અલ મદીના મસ્જીદ માં રાત્રે ઈશા ની નમાઝ બાદ મહેફીલે મિલાદ યોજાઈ હતી.છઠ્ઠી શરીફ નિમિતે યોજાયેલા ઉપરોક્ત તમામ કાર્યક્રમોમાં કોડીનાર મુસ્લિમ એકતા મંચ ના પ્રમુખ સબ્બીર ભાઈ સેલોત તથા ઘાટવડ સુન્ની મુસ્લિમ જમાત ના પ્રમુખ આદમ ભાઈ પટેલ સહિત ના અન્ય અગ્રણી આગેવાનો અને મોટી સંખ્યામાં અકીદતમંદો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટડીમાં અજાણ્યા વ્યક્તિ દ્વારા ઝૂંપડામાં આગ ચાપી



ચક્રવાત ટીમ પાટડી, તા.૨૦

દસાડા તાલુકા માં એકબાજુ જીલ્લા પંચાયત નગરપાલિકા તાલુકા પંચાયત ની ચૂંટણી નો જંગ ચાલું થયું તાલુકા માં દસાડા ઝીંઝુવાડા પોલીસ સ્ટેશન હદ માં તાજેતરમાં મોટાપાયે દારૂ પકડાયા છે ચૂંટણી ટાણે જ બેફામ દારૂ ગામડામાં બુટલેગર મારફતે ઠાલવવામાં આવે છે ત્યારે ગઈકાલે રાત્રે કોઈ હરામખોર પાટડી શકિતનગર એક ગરીબ વિકલાંગ વ્યક્તિ નાં ઝુંપડા માં આગ લગાવી ભાગી ગયો આ આગમાં ઘરવખરી રેશનકાર્ડ આધારકાર્ડ દિવ્યાંગ નો પાસ બડીને ખાખ થઈ ગઈ છે જો ચૂંટણી ટાણે જ સામાજીક તત્વો બેફામ બન્યા હોય ત્યારે આ ગરીબ નું શું દોષ એકબાજુ મોંઘવારી બેકારી નાના નાના બાળકો ભૂખ્યા રહેવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે.

# મોટા સોનેલા એ.આર.ટી.ઓ કચેરી મહીસાગર ખાતે ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૦

ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય નવી દિલ્હી પ્રેરીત ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી દ્વારા સમગ્ર રાજ્યમાં ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં પણ ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ તે સંદર્ભે વિવિધ વિભાગો દ્વારા થયેલ વિશિષ્ઠ કામગીરીને બિરદાવવા માટે મોટા સોનેલા એ.આર.ટી.ઓ કચેરી મહીસાગર ખાતે એ.આર.ટી.ઓ અધિકારી વિપુલ ગામીતના અધ્યક્ષ સ્થાને અને સંબધિત વિભાગના અધિકારીઓની ઉપસ્થિતમાં ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે એ.આર.ટી.ઓ અધિકારી વિપુલ ગામીતે જણાવ્યું હતુ કે, એકસીડેન્ટ અને ઈન્સીડેન્ટમાં એકસીડેન્ટને નિવારી શકાય છે આ અકસ્માતો નીવારવા માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઇએ. નાની ઉંમરના બાળકો દ્વારા વાહન ચલાવવા, ભય સ્થાનો, સીટ બેલ્ટ અને ટ્રાફિક નિયમન રોડસાઈનેજીસની સમજ તથા જનજાગૃતિની વિસ્તૃત માહિતી આમ નાગરિકો સુધી પહોંચાડવા માટે મહીસાગર ટ્રાફીક પોલીસ, ૧૦૮ ઈમરજન્સી ટીમ, એલ.એન.ટી કંપની ટીમ તેમજ એ.આર.ટી.ઓ કચેરીના અધિકારીઓ દ્વારા થયેલ કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં વિશિષ્ઠ કામગીરી કરનારા વિભાગોમાં ૧૦૮ ટીમ જીવીકે ઈએમઆરઆઈ સંસ્થાને, એલ.એન.ટી કંપની ટીમ તેમજ ટ્રાફિક પોલીસ ટીમને બિરદાવી મોમેન્ટો અને પ્રમાણપત્ર મહાનુભાવોના હસ્તે એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ટ્રાફિક પોલીસ અધિકારી ખાંટ, એ.આર.ટી.ઓ કચેરીના અધિકારીઓ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લિંબડીમાં ચકલી ઘરનું વિતરણ કરાયું



ચક્રવાત ટીમ લીંબડી, તા.૨૦

લીંબડી એસ ટી ડેપો માં જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ સુરેન્દ્રનગર અને લીંબડી એસટી ડેપોના લલિત સોલંકી તેમજ મદન સિંહ જાડેજા દ્વારા ચકલી ઘરનું વિતરણ કર્મચારીઓ તેમજ મુસાફર જનતાને કરવામાં આવ્યું જેના દ્વારા હાલના ગરમી તેમજ તડકાની અંદર ચકલી તેમાં રહી શકે તેમજ ચકલીનું અસ્તિત્વ ટકી રહે તેઓ તેમના થકી પ્રયત્ન કરવામાં આવ્યો આ પ્રસંગે લીંબડી એસ ટી ડેપો મેનેજર પરમાર તેમજ હેડ મિકેનિક મેઘરાજસિંહએ હાજરી આપેલ.

# વાંકાનેરમાં વધતો જતો મચ્છરોનો ઉપદ્રવ રોગચાળો માથું ઉંચકે તે પૂર્વે પગલાં લેવા માંગ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૦

હાલ સમગ્ર વિશ્વમાં કોરોના જેવો કપરો સમય ચાલી રહ્યો છે આવામાં વાંકાનેર શહેરમાં કોરોના રોગચાળો કાબૂમાં છે ત્યારે શહેરભરમાં અચાનક મચ્છરોનો ઉપદ્રવ સતત વધી રહ્યો છે જેથી આ બાબતે કોઈ ગંભીર રોગચાળો માથું ઊચકે તે પૂર્વે તાકીદે મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા ઘટતા પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

વાંકાનેર શહેરમાં ભૂગર્ભગટર હોવા છતાં દિનપ્રતિદિન મચ્છરોનું સામ્રાજ્ય વધી રહ્યું છે. જેમાં ઠેરઠેર મચ્છરોના મોટા ઝુંડ જોવા મળી રહ્યા છે. વાંકાનેર શહેરના નાગરિકોને ઘર કે બહાર બેસવું મુશ્કેલ બની રહ્યું છે. બાબતે મચ્છરજન્ય રોગચાળો મેલેરીયા, ટાઈફોડ જેવી ગંભીર બીમારીની સાથે કાબૂમાં રહેલ કોરોના રોગચાળો આ વધતાં જતાં મચ્છરોના ઉપદ્રવથી માથું ઉચકે તે પુર્વે જવાબદાર તંત્ર યોગ્ય પગલાં લે તેવી લોકમાંગ ઉઠી રહી છે. વાંકાનેર શહેરમાં વધેલા મચ્છરોના ઉપદ્રવ પાછળ સફાઈનો અભાવ કે અન્ય કોઈ કારણ ? બાબતે વાંકાનેર નગરપાલિકા તંત્ર બેદરકારી દાખવી રહ્યું છે. વર્તમાન સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૈકી વાંકાનેર નગરપાલિકાની ચૂંટણી પણ આગામી ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે ત્યારે શું પાલિકા તંત્રના કર્મચારીઓ/અધિકારીઓ ચૂંટણી વ્યવસ્થામાં વ્યસ્ત છે કે શું ? હાલની પરિસ્થિતિમાં કોઈ ગંભીર રોગચાળો માથું ઊચકે અને તેને કાબુ કરવો મુશ્કેલ બને તે પૂર્વે તાકીદે આ બાબતે ઘટતા પગલાં લેવા અનિવાર્ય બન્યા છે. ઘણા સમયથી વાંકાનેર શહેરમાં સફાઈનો અભાવ જોવા મળે છે તેથી પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક શહેરમાં સફાઈ કરાવી અને ડીડીટી દવાનો છટકાવ કરવા સહિત પ્રતિકારાત્મક પગલાં લઈ વધેલા મચ્છરોના ઉપદ્રવને ઘટાડે તેવી વાંકાનેરના નાગરિકોમાં માંગ ઉઠી છે. બાબતે શું વાંકાનેર નગરપાલિકા તંત્ર નિદ્રાધીન અવસ્થામાં છે કે શું ? તે ગંભીર પ્રશ્ન છે.

# વાંકાનેર ગ્રામ્ય વિસ્તારની સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૦

વાંકાનેરના ગ્રામ્ય વિસ્તારમાં સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ થયું હોવાનો બનાવ સામે આવ્યો છે. જે બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેરના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરાને તા.૧૪/૦૨/૨૦૨૧ ના રોજ વહેલી સવારના પાંચ વાગ્યાથી સાતેક વાગ્યાની આસપાસ આરોપી શીવમ દેવજીભાઈ પરમાર (રહે. કલ્યાણપર, તા. ટંકારા) એ લગ્નની લાલચ આપીને અપહરણ કરી ભગાડી ગયો હતો. આ બનાવ અંગે સગીરાના પિતાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં પેટ્રોલ ડીઝલના ભાવ વધારા સામે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન



ચક્રવાત ટીમ જેપતુર, તા.૨૦

જેતપુર શહેર ના વોર્ડ નંબર ૧૧ ની એક માત્ર ખાલી પડેલ બેઠક પર પેટા ચૂંટણી છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા આજે અનોખો પ્રચાર કરવામાં આવ્યો, કોંગ્રેસના ઉમેદવાર ઊંટ ગાડી અને બળદ ગાડું લઈ પ્રચાર પર નીકળ્યા.

પેટ્રોલના વધતા જતા ભાવને લીધે હવે ગાડાંમા કે ઊંટગાડીમા જવાનો સમય આવસે અને ગેસના બાટલાના વધતા જતા ભાવને લીધે ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયું છે ૩૫૦ મા મળતો બાટલો હવે ૭૫૦ પર પહોંચી ચુંકયો છે તેથી ઉમેદવાર દ્વારા ઊંટ ગાડી લઈ પ્રચાર પર નીકળ્યા. સમગ્ર રેલી દરમિયાન ભાજપ સરકાર હાય હાય ના નારા લગાવવામાં આવ્યાં.

# પોરબંદર-કોચ્ચીવેલી સાપ્તાહિક વિશેષ ટ્રેન ૨૫ મીથી ફરી શરૂ થશે

## યાત્રિકોની સુવિધાઓને ધ્યાને રાખી સ્પેશ્યલ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૦

પશ્ચિમ રેલ્વે તંત્ર દ્વારા યાત્રિકોની સુવિધાઓને ધ્યાને રાખીને આગામી ૨૫ ફેબ્રુઆરીના રોજથી પોરબંદર-કોચ્ચુવેલી-પોરબંદર સાપ્તાહિક વિશેષ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ૨૫ ફેબ્રુઆરીથી દર ગુરૂવારે પોરબંદર સ્ટેશન પરથી પોરબંદર-કોચ્ચુવેલી ટ્રેન નં.-૦૯૨૬૨ સાંજે ૬:૪૦ કલાકેથી ઉપડશે અને ત્રીજા દિવસે બપોરે ૩:૦૫ વાગ્યે કોચ્ચુવેલી સ્ટેશન ખાતે પહોંચશે. તેવી જ રીતે દર રવિવારે કોચ્ચુવેલી સ્ટેશન પરથી વાપશી-પરતમાં કોચ્ચુવેલી-પોરબંદર ટ્રેન નં.-૦૯૨૬૧ સવારે ૧૧:૧૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે સવારે ૭:૨૫ વાગ્યે પોરબંદર સ્ટેશન પર આવી પહોંચશે.

આ પોરબંદર-કોચ્ચુવેલી-પોરબંદર સાપ્તાહિક વિશેષ ટ્રેનોના બન્ને તરફના રૂટ પર આવતા જામનગર, હાપા, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રત્નાગીરી, મડગાંવ, કારવાર, ઉડુપી, મંગલુરૂ જં., કાસરગોડ, કણ્ણૂર, કોષિક્કોડ, તિરૂર, ષોરણૂર જં., તૃશ્શૂર, એરણાકુલમ, આલપ્પુષા, કાયમકુલમ અને કોલ્લમ જં. સ્ટેશનો પર રોકાશે. પોરબંદર-કોચ્ચુવેલી ટ્રેન-નં.૦૯૨૬૨ નું બુકિંગ આગામી તા.૨૩-૦૨-૨૦૨૧થી નિયુક્ત PRS કાઉન્ટર્સ તેમજ IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે તેમજ આ ટ્રેન વિષે વધુ માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકશે.

# નીલાખા અને ગણોદમાં એ.એસ.પી. સાગર બાગમારે ઉપલેટા પોલીસ સાથે ફૂટ પેટ્રોલીંગ અને ફ્લેગમાર્ચ યોજી

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૦

આવતી કાલે ચૂંટણી છે ત્યારે ઉપલેટા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની અંદર કોઈપણ પ્રકારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે નહીં અને કોઈપણ વ્યક્તિ ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ઉપજાવે નહિ અને અસામાજિક તત્વો ઉપર સતત નજર રાખવા માટે જેતપુર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક સાગર બાગમારે ઉપલેટા તાલુકાના ગણોદ અને નિલાખા ગામમાં ઉપલેટા પોલીસ સાથે ગામના તમામ રસ્તાઓ, ગલીઓ અને મહોલ્લાઓમાં ફ્લેગ માર્ચ કરી ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. આ ફૂટ પેટ્રોલીંગ બાદ મીડિયા સાથે સાથે વાત કરતા સાગર બાગમારે એવું પણ જણાવ્યું હતું કે આગામી ચૂંટણીના અનુસંધાને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ પણ કરવામાં આવશે અને જો કોઈ વ્યકિત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડશે તો તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી પણ કરવામાં આવશે અને સાથે એવું પણ જણાવાયું કે જો કોઈ પણ વ્યક્તિ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગાડવાની કોશિશ કરે તો તુરંત પોલીસને જાણ કરી દેવી.

# પોરબંદર - મુંબઇ વચ્ચે ઉડતી હવાઇ સેવા પોસ્ટ કોવિડ ઈફેક્ટને લીધે ૧ માસ માટે બંધ કરી દેવાઇ

## અનલોકમાં શરૂ કરાયા બાદ બે વખત બંધ કરાયેલી હવાઇ સેવા ફરી એક વખત બંધ કરી દેવાઇ

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૦

કોરોના મહામારી ફેલાયા બાદ તેના સંક્રમણને રોકવા પોરબંદરથી બંધ કરી દેવાયેલી મુંબઈ જવા માટેની હવાઈસેવાને જાણે કે પોસ્ટ કોવિડ ઈફેક્ટ હોય તેમ લોકડાઉનમાં બંધ કરાયેલી આ હવાઈસેવા બે વખત બંધ કરાયા બાદ પુનઃ એક વખત એક મહિના માટે બંધ કરી દેવાતા પોરબંદરથી હવાઈ મુસાફરી કરતા મુસાફરો માટે હાલાકી સર્જાણી છે. કોરોના વાયરસનો સંક્રમણ રોકવા સરકાર દ્વારા આંતરીક હવાઈ સેવાઓ બંધ કરાઈ તે સમયે પોરબંદરથી મુંબઈ વચ્ચેની હવાઈ સેવા પણ ગત ૨૫ મી માર્ચ-૨૦૨૦ થી બંધ કરી દેવામાં આવી હતી,

જેને ગત ૧૬ મી મે-૨૦૨૦ ના રોજ પુનઃ શરૂ કરવામાં આવી હતી, પરંતુ થોડા દિવસોમાં જ કોરોના વાયરસના સંક્રમણના કારણે ફરી તેને બંધ કરી દેવામાં આવી હતી. દરમ્યાનમાં ૮ મહિનાના લાંબા સમય ગાળા બાદ તાજેતરમાં ૧૭ મી જાન્યુઆરી-૨૦૨૧ થી આ હવાઈ સેવા પુનઃ શરૂ કરવામાં આવી હતી, પરંતુ આ હવાઈસેવાને કોરોનાની પોસ્ટ ઈફેક્ટ જતી જ ન હોય તેમ ફરી આ હવાઈસેવાને આજથી એક મહિના માટે બંધ કરી દેવામાં આવી છે.

# પોરબંદર નજીકનાં ઉંટડા ગામ પાસે કતલખાને લઈ જવાતા ભેંસના ૬ પાડરડા સાથે બે શખ્સ ઝડપાયા

## પ્રાણી સંરક્ષણ અધિનિયમ અને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ મુજબ ગુનો નોંધાયો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૦

ઉંટડા ગામના બસ સ્ટેન્ડ પાસેથી પોલીસે કતલખાને લઈ જાતા ભેંસના ૬ પાડેરા સાથે ૨ શખ્સને ઝડપી લીધા હતા. પોરબંર પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન જીલ્લાના ઉંટડા ગામના બસ સ્ટેશન પાસેથી પસાર થતા પીકઅપ વાહન નં.- GJ-37-T- ૧૨૩૯ ને અટકાવી તલાસી લેતા વાહનમાં ભેંસના જીવતા ૬ નાના પાડેરાઓને ક્રુરતા પૂર્વક દોરડાથી બાંધીને ખીચોખીચ રીતે વાહનમાં ભરી અને વાહનમાં કોઈ ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વગર પાડેરાઓને કતલખાને લઈ જઈ ઘાતકીપણા નો શિકાર બનતા જોવા મળ્યા હતા. જેથી પોલીસે વાહન ચાલક હસન મુસા હાજીબા રહે માંગરોળ તથા રાજેશ મનસુખ પરમાર રહે માધવપુર વાળાઓને ઝડપી લીધા અને વાહન સહિત કુલ રૂ.૨,૬૪,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરી, ઉક્ત બન્ને શખ્સો સામે પ્રાણી સંરક્ષણ અધિનિયમ અને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ મુજબની કલમો હેઠળ ગુના દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોરબંદર એરપોર્ટમાં ૩ દિવસથી કાર પાર્ક કરી ગાયબ થયેલા જૂનાગઢના ૨ મુસાફરો ઝડપાયા

## મુંબઇ પહોંચી ગયેલા મુસાફરને પોલીસે શોધી કાઢ્યા, રૂ.૧૫૦૦ નો દંડ કરાયો

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૨૦

પોરબંદરના એરપોર્ટ પર છેલ્લા ૩ દિવસથી કોઈ અજાણ્યું અનઅધિકૃત રીતે એક મોટરકાર પાર્ક કરીને ચાલ્યું ગયું હતુ જેની એરપોર્ટ ઓથોરીટી દ્વારા શોધખોળ શરૂ કરાઈ હતી અને અંતે પોલીસે મુંબઈ પહોંચી ગયેલા આ જુનાગઢના ૨ મુસાફરોને શોધી કાઢ્યા બાદ એરપોર્ટ પરથી આ કારને હટાવી લેવામાં આવી હતી અને મુસાફરોને રૂ.૧૫૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો.પોરબંદરના એરપોર્ટ પર ૩ દિવસથી કોઈ અજાણ્યું યત્ન૧૧મઉઁ ૬૭૮૦ નંબરવાળી મોટરકાર પાર્ક કરીને ચાલ્યું ગયું હતુ અને ૩ દિવસ સુધી આ મોટરકારને કોઈ લેવા આવ્યુ ન હતુ. જેથી એરપોર્ટ ઓથોરીટી દ્વારા ૩ દિવસથી આ કારને હટાવવા અને તેનું પગેરૂ મેળવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા અને પોલીસને જાણ કરાયા બાદ પોલીસે પ્રથમ તો આ કારનું રજીસ્ટ્રેશન કોઈ યોગેશભાઈના નામ પર હોવાનું પગેરૂ મેળવ્યુ હતુ તેમજ બાદમાં એરલાઈન્સની મદદ લઈ સીસીટીવી ફૂટેજના આધારે આ કાર મૂકીને જનારા અંગે તપાસ કરતા આ કારમાં જુનાગઢના હસમુખભાઈ સદરાણી તથા મયુર મઈતર નામના ૨ મુસાફરો આવ્યા હતા અને કાર એરપોર્ટના પાર્કિંગમાં પાર્ક કરી, એરોપ્લોનમાં બેસી મુંબઈ ચાલ્યા ગયા હોવાનું જાણવા મળતા પોલીસે આજે આ મુસાફરોને પોરબંદર એરપોર્ટ પરથી આ કાર હટાવવા ફરજ પાડી હતી.

# દફનાવેલ મૃતદેહનો ૫૦ દિવસ બાદ બહાર કાઢી પોરસ્ટમોર્ટમ કરાશે

(જી.એન.એસ.)બનાસકાંઠા,તા.૨૦

ધાનેરા તાલુકાના એટા ગામમાં રહેતા ૧૪ વર્ષીય જિગરનું ૫૦ દિવસ પહેલા ખેતતલાવડીમાં પડતા ડૂબી જતા મોત થયું હતું, જેની દફનવિધિ પણ થઈ ગઈ હતી, પરંતુ મૃતકના પિતા આયદાનભાઈને સમગ્ર મામલે શંકા જતા ફરી પીએમ કરવાની માગ કરી હતી. તેમણે ધાનેરા મામલતદાર સહિત જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરી હતી, જેના આધારે આજે ધાનેરા પોલીસ, ડોક્ટર અને મામલતદારના સ્ટાફ સહિતની ટીમ દફનવિધિ સ્થળે પહોંચી હતી અને મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ કરવાની તજવીજ હાથ ધરી હતી. મૃતકના પિતાનું માનીએ તો લોકોના કહેવા પ્રમાણે તેમના પુત્રનું મોત ખેત તલાવડીમાં ડૂબવાથી થયું છે તેમ માની લીધું પરંતુ તેની દફનવિધિ બાદ તપાસ કરતા જે જગ્યાએ તેને મૃત્યુ બતાવવામાં આવી રહ્યું છે.

સત્ય માટે, સત્ય સાથે સતત.. ચક્રવાત

તંત્રીસ્થાનેથી......

# ચેતન સાકરિયા : ટેમ્પો ચલાવનારના પુત્રની IPL સુધીની સફર...

ભાવનગર જિલ્લાના વરતેજ ગામનો યુવાન આઈપીએલની ટીમમાં સિલેક્ટ થઈ જતાં ગામમાં ખુશીનો માહોલ છે. ગુરુવારે યોજાયેલી આઈપીએલની હરાજીમાં ટૅમ્પોચાલક કાનજીભાઈના પુત્ર ચેતન સાકરિયાને રાજસ્થાન રૉયલ્સની ટીમે ૧.૨ કરોડમાં ખરીદ્યા છે. સૌરાષ્ટ્રની રણજી ટીમમાંથી રમતા ડાબોડી ફાસ્ટ બૉલર ચેતન સાકરિયાના પરિવાર માટે આ સુખ અને દુઃખ બંનેનો સમય છે. ચેતન સાકરિયાનાં માતા વર્ષાબહેન સાકરિયા કહે છે, "સુખની વાત એ છે કે એકદમ આર્થિક સંકડામણની વચ્ચે ચેતને પોતાની મહેનત અને પરિવારના સહકારથી આઈપીએલમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. જ્યારે દુઃખની વાત એ છે કે ચેતન માટે પોતાનું ભણવાનું છોડી નોકરી શરૂ કરનાર ચેતનના ભાઈએ ઉત્તરાયણના જ દિવસે આત્મહત્યા કરી હતી. હજુ તેને એક મહિનોને ત્રણ દિવસ થયા છે. જો આજે ચેતનનો નાનો ભાઈ જીવિત હોત તો ઘરમાં નાચતો હોત. ચેતન જ્યારે પણ વિકેટ ઝડપીને આવે તો બંને ભાઈઓ ઘર માથે લેતા હતા. ચેતનનાં માતા વર્ષાબહેન સાકરિયા અને નાનાં બહેન જિજ્ઞાસા સાકરિયાને ૨૨ વર્ષીય ચેતનનું આઈપીએલની ટીમમાં પસંદગી પામવું એ એક સ્વપ્ન સમાન લાગી રહ્યું છે. ચેતન બાળપણથી જ પોતાના મામાના ઘરે ભાવનગરમાં રહીને મોટા થયા છે, વચ્ચે કેટલાંક વર્ષ તેમણે વરતેજ ખાતેના પોતાના ઘરમાં પણ વિતાવ્યા. ચેતન નવમા ધોરણમાં ભણતા હતા ત્યારે વરતેજ ગામથી ચાર પાંચ કિલોમિટર દૂર આવેલી વિદ્યાવિહાર માધ્યમિક શાળામાંથી ક્રિકેટ રમવાની શરૂઆત કરી. ચેતનની શાળામાં વર્ષોથી શાળા છૂટ્યા પછી એક કલાક ક્રિકેટનું વધારાનું કોચિંગ આપવામાં આવે છે. શરૂઆત ટેનિસ બૉલ ક્રિકેટ રમાવાથી થાય છે, ત્યાર પછી અનેક ટુર્નામેન્ટ રમાય છે, એમાં જે સારું પ્રદર્શન કરે તેને મેચીસ બૉલ પર સારી રીતે કોચિંગ આપવામાં આવે છે. આવી જ એક બે મૅચમાં ચેતને ઑપનિંગ બૅટિંગ કરી સારા રન બનાવ્યા. ચેતન ૨૦૧૨થી ૨૦૧૫ની વચ્ચે પોતાની શાળાને સ્કૂલ ગેમ્સની વિવિધ ટુર્નામેન્ટમાં પોતાની બૅટિંગ અને બૉલિંગની મદદથી ફાઇનલ સુધી લઈ ગયા. આ બધાની વચ્ચે ચેતનનો પરિવાર ઘણી આર્થિક સંકડામણમાંથી પસાર થતો હતો. છતા પણ તેના ક્રિકેટ પ્રેમ એ તેને આજે અહીંયા સુધી પહોંચવામા મદદ કરી છે. ચેતનનાં પિતાજી ટેમ્પો ચલાવતા હતા. ઘરમાં આર્થિક સંકડામણના કારણે તેની માતાને ઘણી વખત ઈંટોના ભઠ્ઠામાં પણ કામ કરવા જવું પડતું. જે વચ્ચે ચેતનના પપ્પાનો અકસ્માત થતાં તેઓ પણ વિકલાંગ થઈ ગયા. છતા પણ તેઓ ટેમ્પો ચલાવતા રહ્યા. ચેતન ઘરમાં સૌથી મોટો તેને એક નાનો ભાઈ અને બહેન હતાં. આ આર્થિક સંકડામણની વચ્ચે ચેતનના મામાએ ચેતનને ઘણી મદદ કરી. ચેતને પોતાની જિંદગીનો ઘણો સમય પોતાના મામાના ત્યાં જ પસાર કર્યો છે. અને મામા ના ઘરે પણ તે ક્રિકેટ પ્રેક્ટિસ કરતો રહ્યો અને આખરે તેનું સપનું સાકાર થયું અને તેણે પોતાની મંઝીલ મેળવી લીધી.



યાકુબ બાદી
તંત્રી

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૧-૦૨-૨૦૨૧, રવિવાર, મહા સુદ-૯, સૂર્યોદય-૬-૫૪, સૂર્યાસ્ત-૬-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ શતતારા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઈ): આજે અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા સરળતાથી પાછા આવી શકે છે એટલે કોશિશ કરતાં રહો.

» વૃષભ(બ,વ,ઉ): ઘરમાં કોઈ માંગલિક કાર્યને લગતી યોજના બની શકે છે. મહત્ત્વપૂર્ણ વિષય અંગે ચર્ચા-વિચારણાંમાં તમારી સલાહને મહત્ત્વ આપવામાં આવશે.

» મિથુન(ક.છ.ઘ): રાજનૈતિક સંપર્ક તમારા માટે શુભ અવસર પ્રદાન કરશે. આજનો દિવસ મહિલાઓ માટે શુભ રહેશે.

» કર્ક(ડ,હ): આજે અધ્યાત્મ તથા ધાર્મિક ગતિવિધિઓમાં યોગ્ય સમય પસાર થશે. કોઈ નજીકના સંબંધીને ત્યાં સમારોહમાં જવાનો અવસર પણ પ્રાપ્ત થઈ શકે છે.

» સિંહ(મ,ટ): આજે મિત્રો અને સંબંધીઓ સાથે હળવા-મળવાનું અને મનોરંજનમાં વધારે સમય પસાર થશે તથા તમે પોતાને ઊર્જાવાન અનુભવ કરશો.

» કન્યા(પ,ઠ,ણ): કોઈ પ્રિય મિત્રની પરેશાનીમાં સહયોગ કરવો તમને સુખ આપશે. અફવાહો ઉપર ધ્યાન ન આપો. તમારા કાર્યો પ્રત્યે સમર્પિત રહો. ચોક્કસ તમને કોઈ મહત્ત્વપૂર્ણ કામમાં સફળતા પ્રાપ્ત થશે.

» તુલા(ર.ત.): કોઈ ધાર્મિક યાત્રાને લગતી પારિવારિક યોજના બનશે. બાળકોની કોઈ સફળતાથી સુકૂન અને રાહત મળશે.

» વૃશ્ચિક(ન.ય.): કોઈપણ નિર્ણય લેતા પહેલાં તેના અંગે યોગ્ય ચર્ચા-વિચારણાં કરવાથી પરિસ્થિતિ પહેલાંની જેમ તમારા પક્ષમાં રહેશે.

» ધન(ભ,ધ,ફ,ઢ): પ્રતિષ્ઠિત લોકો સાથે મુલાકાત લાભદાયક અને સન્માનજનક રહેશે. તમારું વ્યક્તિત્વ પણ નિખરશે. આ સમયે ગ્રહ ગોચર તમારા માટે થોડી નવી સફળતાનું નિર્માણ કરી રહ્યું છે.

» મકર(ખ.જ.): આજે તમારી સાથે થોડી એવી સુખદ ઘટના ઘટશે કે તમે પોતે પણ આશ્ચર્યચકિત રહી જશો.

» કુંભ(ગ,સ,શ,ષ): પરિવારના કોઈ સભ્યની સારી સફળતા માટે ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહેશે. થોડા રાજનૈતિક લોકો સાથે મુલાકાતથી તમારી લોકપ્રિયતા વધશે.

## સ્પેશ્યલ પોસ્ટ : કેટલીક વાર્તાઓ તમે લખતાં નથી, તમારાથી લખાઈ જતી હોય છે. તમે એ માટે નિમિત્ત માત્ર હોવ છો

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

વ્હાલા રીડર્સ દોસ્તો......

વર્ષ ૨૦૧૬ નો જાન્યુઆરી મહિનો. સાહિત્ય અકાદમી આયોજીત મધુ રાયની વાર્તા શિબિરની પહેલી રાત હતી. પહેલા દિવસે સવારની ઓળખાણ પછી ઘણાં શિબિરર્થી સાથે દોસ્તી થઈ. તાજા બનેલા એક દોસ્ત અને સાહિત્યની દુનિયાના પડદા પાછળના અન્ય એક કસબી સાથે રૂમ શેર કરવાનો હોય મહેફિલ જામેલી. ત્યારે હું સાહિત્યની લેખનની દુનિયાથી સાવ અજાણ. ક્યારેક ફેસબૂક પોસ્ટ સિવાય વધારે કશું નહીં સર્જેલું. અજાણી ધરતી પર અજાણ્યા લોકોને સાહિત્ય એ સેતુ રચી દોસ્ત બનાવી દીધા.

મેં થોડા ડર અને ગભરાટ સાથે કહ્યું. "મારી પાસે એક વાર્તાનો પ્લોટ છે. સાંભળશો ?"

તે બંનેનું વાંચન અને સાહિત્યની દુનિયાનો પરિચય બહોળો હતો. મને કહ્યું. "અરે...બિન્દાસ શેર કર. આવી ચર્ચા કરી કશુંક નવું શીખવા અને સમજવા તો અહીં એકઠા થયા છીએ."

મેં હળવે રહીને "ઇજિજૈહપ્ન ગર્લ" ની વાર્તા સંભળાવી. લગભગ ૪૦ મિનિટ સુધી. સાંભળ્યા બાદ બંને એકી અવાજે બોલી ઉઠેલા. મને તો એમ કે કહેશે. 'ભાઈ તું લખવાનું રહેવા દે.' મારા આશ્ચર્ય વચ્ચે એમને કહ્યું. 'આ વાર્તા હવે જ્યાં સુધી તું લખીને બૂક તરીકે પબ્લિશ ના કરે ત્યાં સુધી કોઈ સાથે શેર ના કરતો.' આવું શા માટે કહ્યું એનું કારણ પણ જણાવ્યું. સાથે સમજાવ્યું કે આને નવલકથા કહેવાય વાર્તા નહીં."

મારી લેખન સફર શરૂ થઈ. ટાઉન જેવડું ઉપલેટા તાલુકાનું ગામ ભાયાવદર. આમ તો ગામ બહુ શિક્ષિત અને સાહસિક પણ સાહિત્યમાં ઢબુ નો ઢ. સ્ટોરીના પાંચ રિવ્યુ જોતાં હોય તો પણ ના મળે. બીજું, લગભગ લોકોને સાહિત્ય સાથે ૩૬ નો આંકડો. કોઈને વાંચવાનું પૂછો તો કાઉન્ટર કવેશ્ચન આવે. આ ચોપડા વાચયે મને શું ફાયદો ? આ સવાલનો જવાબ મારી પાસે ત્યારે નહોતો.

મેં લખવાનું શરૂ રાખ્યું. ઘણું શીખતો રહ્યો. ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ અને બૂકફેરની મુલાકાતો આ દરમિયાન ચાલુ રહી. સાહિત્યની દુનિયા સાથે રીતે પરિચયમાં આવ્યો. ઘણાં દોસ્તો મળ્યા. સાહિત્યની ઉભી થઈ રહેલી એક નવી પેઢી સાથે મજબૂત સંબંધ કેળવાયો. આટલાં અનુભવો પછી એટલી સમજ આવી ગયેલી કે ઓનલાઈન પ્લેટફોર્મ પર શોખ માટે લખો ત્યાં સુધી બરાબર, પરંતુ રાઈટર તરીકે પ્રોફેશનલ કેરિયર બનાવવી હોય તો બૂક હાર્ડકોપીમાં પબ્લિશ કરવી ફરજીયાત છે. લખ્યા પછી શું ? ની પ્રોસેસ વિશે મને બહુ ખ્યાલ નહોતો.

આ પુસ્તકને તમે મારો ફર્સ્ટ હેન્ડ ડ્રાફ્ટ જ કહી શકો. બૂકની વધુ પેજ હોય કોન્ફિડન્સના અભાવે બે ભાગ કરવા પડેલા. આ કારણ કે આખું પુસ્તક ફક્ત ૧૫ દિવસમાં તૈયાર થયેલું. એટલે જ પ્રુફથી લઈ બૂક ડીઝાઈનિંગ માટે સમય જ ના મળ્યો. આ પુસ્તક માટે મને મારા જ ગામના અમેરિકામાં વસતાં એક વ્યક્તિ દ્વારા ૫૦,૦૦૦ રૂપિયાની સ્પોન્સરશીપ મળેલી. બીજું કે મારા પપ્પાનો એટલો વિરોધ હતો કે તેઓ આ ઈવેન્ટમાં આવવા જ નહોતા માંગતા. એના ખુદના કારણો હતાં. જે સાહિત્ય તમારું ઘરના હાંકી શકે એ શું કામનું ? આખરે રાજકોટમાં એક ઈવેન્ટનું આયોજન કરી પુસ્તક લોન્ચ કર્યું.

આખરે બહુ બધા વિઘ્નો, સારા અને ખરાબ અનુભવો સાથે ૨૫ માર્ચ ,૨૦૧૮ ના રોજ 'ઇજિજૈહપ્ન ગર્લ' નો પ્રથમ ભાગ પુસ્તક સ્વરૂપે સેલ્ફ પબ્લિશ કર્યો. પ્રથમ ભાગ એટલા માટે કે મારા જેવા નવા અને સાવ અજાણ્યા રાઈટરની ૫૫૦+ પેજની બુક કોણ ખરીદે ? ખુદના લખાણ ઉપર વિશ્વાસ હતો પરંતુ ગુજરાતી સાહિત્ય માર્કેટની તાસીર જોતાં બુક વેચાય એ અંગે આત્મવિશ્વાસ બહુ ઓછો હતો.

એક ભાઈને પુસ્તક વાંચતા જ ખૂબ ગમ્યું. ૧૫ દિવસમાં જ એક ભાઈએ પુસ્તકની બાકી રહેલી ૮૫૦ કોપી ગિફ્ટ કોપી તરીકે ખરીદી લીધી. મેં તેમને પણ જણાવ્યું. આ પુસ્તકમાં ઘણી ભૂલો છે. તમે કહો તો સુધારીને રી-પ્રિન્ટ કરી આપું. તેમનો એક જ જવાબ હતો. " ઈટ્સ પ્યોર.....આ ભૂલો એ જ એ પુસ્તકની બ્યુટી છે. પુસ્તકમાં રહેલી ભૂલો માટે જ ખરીદવું છે.

હાથમાં આવેલું પુસ્તક વાંચ્યા પછી કેટલાંક શુભેચ્છકોઅને વડીલોએ સલાહ આપી. નવલકથા અધૂરી ના રાખવાની હોય. એટલે જ માર્કેટમાં ડિમાન્ડ હોવા છતાં ફરી રિ-પ્રિન્ટ ના કરી. જેટલાં પણ લોકોએ વાંચી એમને દિલથી વખાણી અને વધાવી. મેં ત્યારબાદ પુસ્તકના આગળના ભાગો પર કામ ચાલુ રાખ્યું. બધું પરફેક્ટ હોવા છતાં ઘણીવાર લાગતું ક્યાંક કશુંક ખૂટે છે. એટલે જ આવતાં માર્ચ મહિનામાં ૩ વર્ષ પુરા થશે તો પણ બુક માર્કેટમાં નહીં હોય.

પુસ્તકોની બધીબ હાર્ડકોપી વેચાય જતાં બહુ લોકો સુધી આ પુસ્તક પહોંચ્યું નહીં. વધુ વાચકો સુધી મારું લખાણ પહોંચે એ માટે પ્રતિલિપિ અને માતૃભરતી બંને પ્લેટફોર્મ પર નવલકથાનો પબ્લિશ થયેલો પ્રથમ ભાગ રિવ્યૂ માટે મુકેલો. વાંચકોએ મારી વાર્તા અને લેખનશૈલીને પ્રેમપૂર્વક વધાવીને ભરપૂર ચાહના આપી. આટલી હદે વાચકોને ગમશે તેનો મને કલ્પના પણ નહોતી. આજે પણ ઘણાં વાચકો પુસ્તક અધૂરું રાખવા માટે પ્રેમથી ગાળો આપે છે. અને હાર્ડકોપીની આતુરતાથી રાહ જુએ છે.

૩૦ નવેમ્બરથી શરૂ થયેલા 'ઇજિજૈહપ્ન ગર્લ' ની જર્ની લગભગ જૂન મહિનાની શરૂઆત સુધી ચાલશે. અત્યાર સુધી તમે કુલ ૨૨ પ્રકરણના ૧૦૮ ભાગમાંથી તમે (ન્યૂઝપેપરમાં શબ્દોની લિમિટ મુજબ પ્રકરણો સેટ કરવા પડે) ૯ ભાગના ૪૮ પ્રકરણો વાંચ્યા છે. (અહીંયા આંક મુજબ ૭૦ પ્રકરણો)

લગભગ મેં મહિનામાં આ બૂક હાર્ડકોપીમાં પબ્લિશ થશે. બુક અંદાજીત ૫૫૦ ની આસપાસ પેજની હશે. આ એટલા માટે જણાવ્યું કે આપ આગળ વાંચવાનું કન્ટીન્યુ રાખી શકો છો. અને પુસ્તક સ્વરૂપે વાંચવું હોય તો અહીં અટકી શકો છો. ઘણાં મિત્રોએ પુસ્તક ખરીદવાની ઈચ્છા જણાવેલી એમનો જવાબ આપવો પણ જરૂરી હતો.

Krossing ગર્લ....... એ એક સાવ અલગ જ લેખનશૈલીમાં લખાયેલી ફ્રેશ સબ્જેક્ટ સાથેની મિલેનિયમ જનરેશનને રજૂ કરતી નવલકથા છે. આ કોઈ ઉચ્ચ કક્ષાની સાહિત્ય કૃતિ નથી. ઈવન આને સાહિત્ય કહેવાય કે નહીં એ પણ મને ખબર નથી. ઇજિ ને પોતાના માપદંડ છે. એ સાહિત્યના માપદંડમાં ખરી ઉતરે એ મારા માટે અગત્યનું નથી. બસ એ ખુદની સાથે પ્રામાણિક છે. અને ફક્ત વાર્તાને જ વફાદાર છે અને રહેશે.

KG પ્યોર છે. એ અલગ છે. એ કોઈ મહાન કૃતિ કે કલ્ટ ક્લાસિક નથી. એ મારી તમારી અને આપણાં સહુની વાત છે. લાઈફના કોઈ તબક્કાને તમે પુસ્તકના એકાદ પ્રકરણમાં જરૂર અનુભવી શકશો. એકાદ ઘટના તમને નોસ્ટાલીજીયા ફીલિંગ્સ જરૂર આપશે. એ જ ઇજિ ની ખાસિયત કે અલ્ટીમેટ બ્યુટી છે.

KG એ ૨૦ વર્ષના છોકરાએ ખુદની ડાયરીની નોટ્સમાંથી ફક્ત મોજ માટે લખેલી વાર્તાની વાત છે. એ ઉંમરમાં વિચારોની અરાજકતા અને ફીલિંગ્સની પ્યોરિટી હોય. તમને ક્યાંક લખાણ સાવ દેશી તો ક્યાંક બહુ આધુનિક લાગશે. ક્યાંય અંગ્રેજીમાં ભૂલો પણ દેખાશે. સામાન્ય વિચારો તો પણ ખ્યાલ આવે કે ' ૨૦ વર્ષનો છોકરો બહુ શુદ્ધ ભાષામાં લખી કે વિચારી ના શકે. સારું વાંચન ધરાવતાં ઘણાં લોકો આ વાત સાથે અસહમત પણ હશે.

બહુ વિચારીને કે પોલિશ કરીને માપદંડોમાં ખરા ઉતરવાના પ્રયત્નો કરો તો સ્ટોરીનો આત્મા મરી જાય. પછી લખાણ ગમે તેટલું શ્રેષ્ઠ હોય એની સાથે તમે ક્યારેય હૃદયથી કનેક્ટ ના થઈ શકો. એ કૃત્રિમ કે પરાણે લખ્યું હોય એવું લાગ્યા કરે. કારણકે એક લેખક તરીકે ખુદનું લખાણ જેટલી વાર વાંચો એટલી વાર કશુંક ઉમેરવાનું કે બાદ કરવાનું મન થાય. એ સ્વાભાવિક પ્રક્રિયા છે. એટલે જ હંમેશા વાર્તાની જરૂરિયાત મુજબ તમારા ક્રાઈટેરિયા નક્કી કરવા. સાહિત્યના માપદંડો મુજબ નહીં.

અંતમાં એટલું જ કહીશ..... આ પ્લેટફોર્મ પર વાંચકોએ મને ભરપૂર પ્રેમ અને પ્રોત્સાહન આપ્યું છે. ઘણા સારા દોસ્ત પણ મળ્યા છે. આગળ પણ આપણો સંબંધ જળવાઈ રહેશે એવી આશા અને અપેક્ષા રાખું છું. તમે વાર્તા જે સારું અને ખરાબ લાગે એ બિન્દાસ મારી જોડે શેર કરો. કારણ કે તમે ખામી દેખાડશો તો મને સુધારવાની તક મળશે. તમે તમારો કિંમતી સમય મારા સર્જન માટે ફાળવો છો ( અને હવે સ્ટીકર અને સિક્કારૂપી પ્રેમ પણ....) એટલે તમને મારા લખાંણને ક્રિટીસાઈઝ કરવાનો પૂરો હક્ક છે.

એક દોસ્ત તરીકે હક્કથી કહીશ...તમને વાર્તા ગમે તો વધુને વધુ વાંચકો સુધી પહોંચાડો. આમારા માટે તમારા તરફથી મળેલી સહુથી મોટી ગિફ્ટ હશે.

ફરીથી જે વ્હાલા રીડરો... મને નિયમિત વાંચી રહ્યા છે. રેટિંગ,કૉમેન્ટ્સ અને સિક્કા દ્વારા પ્રોત્સાહન આપી રહ્યા છે એ તમામ દોસ્તોનો ખરા હૃદયથી ખૂબ ખૂબ આભાર. સમય મળ્યે તમારી કોમેન્ટનો જવાબ આપવાનો પ્રયત્ન કરતો રહીશ.... તમે સિક્કારૂપી વ્હાલ વરસાવી અત્યાર સુધીમાં ૫૦+ રૂપિયા મને આપી ચુક્યા છો. એક લેખકને આથી વિશેષ બીજું શું જોઈએ.....!

આશા રાખું છું મારા શબ્દો તમને નિરાશ નહીં કરે. ઇજિ ની સફર તમારી લાઈફની એક યાદગાર જર્ની બની રહેશે.....

KG થોડી અલગ છે. છેલ્લે સુધી જોડાયેલા રહીને બધું રિવાઈન્ડ કરીને સમજશો તો બની શકે કશુંક નવું, ના વિચાર્યું હોય એવું મળી આવે.

# વિશ્વ માતૃભાષા દિવસનું મહત્વ શું?



દેવલ શાસ્ત્રી
સંકલન



એક અર્થમાં માતૃભાષા એટલે જે આપણને પ્રકૃતિ પાસે લઈ જાય એ આપણા દિલ પર છવાયેલી ભાષા...

કોરોનાયુગના અનુભવ પછી માણસે સુખી થવું હોત તો? ચાલો, આજે યુરોપિયન ફિલોસોફર રુસોને યાદ કરીએ....

રુસો ફિલોસોફર થયો એ માટે સંજોગોએ મદદ કરી. બે વાર બગડી ગયો, બધા ગોરખધંધા કર્યા પછી જ્ઞાન સમજાયું...

અનુભવી રુસો વારંવાર કહેતો કે માણસ ગમે તેટલી પ્રગતિ કરે પણ તેણે પ્રકૃતિ તરફ પાછું વળવું પડશે. કોરોના યુગમાં પણ માણસ સુધરે એવું લાગે છે?

પ્રકૃતિમાં ક્યારેય અસમાનતા, પાપો કે ગુલામી હોતી નથી... પ્રકૃતિ પાસે પ્રફુલ્લિતતા અને સમૃદ્ધિ હોય છે, પ્રકૃતિ પાસે કોઈ અમીર ગરીબ હોતું નથી...

રુસો માનતો કે, ઝાડપાન, ફળફૂલ, વરસાદ, ઠંડી, ગરમી, સૂર્ય, તારાઓ જેવા પ્રાકૃતિક માધ્યમથી બાળકોને સમજાય તે રીતે ભણાવવા જોઈએ.

શાળામાં શિક્ષક અભ્યાસ માટે બાળકોને સજા કરે એ વાતનો રુસોને સખત વાંધો હતો.... એની વે.... આ રુસો કોણ હતો? તે પ્રકૃતિ પ્રેમી શા માટે બન્યો? શા માટે ઓશો જેવી વિદ્વાન વ્યક્તિ પણ રુસોને વારંવાર યાદ કરતી? રુસોનો એક જ પ્લસ પોઈન્ટ હતો..... એ હતી તેની જિંદગી અને જિદગીના ખરાબ અનુભવો....

જીન જેક્સ રુસો યુરોપના જિનીવામાં ૧૭૧૨માં જન્મ્યા, પેદા થતાં જ માતા મૃત્યુ પામી. રુસો તેના પિતા અને ફોઈના સહારા પર ઉછર્યો. તેના પિતા અવળી લાઈનના... ગુસ્સા વાળા... રુસોને ઘરમાં પ્રેમને બદલે તિરસ્કાર અને ગાળો મળે. આ પરિસ્થિતિમાં રુસોને એક ગંદી આદત પડી, ગંદકીથી ભરપૂર સાહિત્ય વાંચન કરવાની.... હા, વાંચન ચોક્કસ હતું પણ બિભત્સ...

ગંદકીસભર સાહિત્ય વાંચતા ફોર ધ ચેન્જ તેના દાદાના કલેક્શનમાંથી બે સારી ચોપડીઓ મળી, રુસોએ એ પણ વાંચી નાખી...ધીમે ધીમે રુસોને સારા સાહિત્યમાં રસ પડ્યો....

રુસો અચાનક મોસાળના ગામ એટલે કે બોસી નામના ગામમાં રહેવા ગયો. ગામની આસપાસ જંગલો.... પહેલીવાર રુસોને પ્રકૃતિની માણવાની મજા આવી. બોસીમાં કોઈ વાંક ગુના વગર રુસોને સજા થઈ, બળવાખોર મન પેદા થયું.... તેને સમજાયું કે માણસનું સુખ માત્ર પ્રકૃતિ વચ્ચે જ છે.... પ્રકૃતિ ક્યારેય અપમાનિત કરતી નથી.

રુસો પાછો જિનીવા આવ્યો. ફરી ખોટી આદતો પડવા લાગી...નોકરી કરી તો તેના શેઠ દ્વારા નર્યું શોષણ અને અપમાનો.... કંટાળીને રુસોએ ફરી ડુંગર ભમવા શરૂ કર્યા,




તો સજ્જનતા મનમાં પ્રવેશવા લાગી... અનુભવોને આધારે રુસો માનવા લાગ્યો કે સારા માણસ બનવું હોય તો પ્રકૃતિ પાસે જવું જોઈએ.

રુસો ઓગણીસ વર્ષે અત્યંત દેખાવડી વોરેન્સ નામની છોકરીના પ્રેમમાં પડ્યા, લગ્ન કર્યું પણ વોરેન્સ માથાભારે હતી...વોરેન્સ સાથે સહજીવનમાં રુસો સંગીત, સાહિત્ય, ફિલોસોફી, ઈતિહાસ વગેરેના અભ્યાસુ બન્યા, લખવાનું શરૂ કર્યું. ઈનશોર્ટ ફિલોસોફર બન્યા.

રુસો વોરેન્સને છોડી પેરિસ આવ્યા, પેરિસમાં થેરેસા નામની યુવતી મળી, એ પણ માથાભારે.... કદાચ માથાભારે પત્નિ મળે તો જ ફિલોસોફર થવાય એવો એ સમયે રિવાજ હશે? આપણા રુસોભાઈએ નિયમિત લખવાનું, મિન્સ વિચારવાનું શરુ કર્યું.

પ્રકૃતિ પ્રેમ આધુનિક દુનિયાની ફિલોસોફીમાં અલગ ભાત પાડતું સોશ્યલ કોન્ટ્રાક્ટ નામનું પુસ્તક લખ્યું, રુસો આખી દુનિયામાં પ્રસિદ્ધ થયા.... ફ્રાન્સની સરકારને પુસ્તકમાં બળવો દેખાયો, રુસો જર્મની અને ત્યાંથી ઈંગ્લેન્ડ ગયા પણ જામ્યું નહીં.

રુસોએ એમિલ નામનું એજ્યુકેશન પર પુસ્તક લખ્યું, પેરિસ પાછા આવ્યા અને ગરીબીમાં મૃત્યુ પામ્યા....

રુસો પ્રકૃતિના અનુભવો પરથી માનતા કે માણસ તો ઈશ્વરનો ભાગ છે, ખોટી રીતે પૂજાપાઠ કરવા કરતાં પ્રકૃતિને પ્રેમ કરો.... જે વેદનું જ્ઞાન છે.

રુસોના મતે માણસે પોતાનો સ્વાભાવિક વિકાસ થવા દેવો જોઈએ તો જ અંતરનું સામર્થ્ય બહાર આવશે બાકી ગોખીને ભણવાનો કોઈ અર્થ નથી. શિક્ષણ પ્રથા માટે રુસો માનતો કે સ્વ અનુભવ જેવો કોઈ શિક્ષક નથી. પ્રશ્ન એટલો જ છે કે રુસોના મતે પ્રકૃતિ એટલે શું?

રુસો માનતો કે પ્રકૃતિ એટલે વૃક્ષો, પશુપંખી, જંગલો, ખેતી, તળાવો, નદીઓ, પહાડો તો ખરાં જ પણ.... માનવનું શું?

રુસો માનતો કે કુદરત સાથે માનવનું અસ્તિત્વ સૌથી મહત્વનું છે, માનવીના સામાજિક સંબંધો, તેની વર્તણૂંક અને......માનવ જે સરળ રીતે સમજી શકે એ ભાષા....

કુદરત કે પ્રકૃતિ જેનાથી સમજી શકે એ માતૃભાષા.....

દુનિયામાં જ્ઞાનની અનેક ભાષા આવશે પણ દિલમાં એક એવી ભાષા વસેલી હોય છે, જેમાં મિત્રોને ગાળ દેવાય, મજાકો કરાય કે પ્રકૃતિ સમીપે લઈ જાય.

કવિતા લખવાની કે વિચારવાની મજા આપણા મનમાં રહેલી માતૃભાષામાં જ આવે. અરે, મજેથી ગાઢ નિદ્રામાં સપના જોવાની મજા તો માતૃભાષામાં જ આવે......

# ભારત કોરોના રસી માટે વિશ્વમાં છવાયું ત્યારે દેશમાં મંદ ગતીએ કેસો વધવા તરફ......!

વિશ્વભરમાં ભારતની કોરોના વેક્સિને અદકેરુ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે અને લોકોમાં ભારે પ્રશંસા પામતા વિશ્વના ૫૦ જેટલા દેશોએ ભારત પાસે કોરોના વેક્સિનની માગ કરતા ભારત આ દેશોને રસી મોકલવા માટે તૈયાર કરી લીધી છે.વિશ્વભરમા રસી આપવામાં ભારત બીજા ક્રમે પહોંચી ગયું છે જ્યારે અમેરિકા પ્રથમ ક્રમે છે. દેશભરમાં કોરોના મંદ ગતિએ વધવાની શરૂઆત મહારાષ્ટ્ર રાજ્યથી થઈ ગઈ છે. જે ગુજરાતમાં વલસાડ જીલ્લામા પ્રવેશ ન કરે તે માટે તંત્રએ તાકીદના જરૂરી તમામ પગલાં ભર્યા છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૯૭૩ નવા કેસ સામે આવ્યા છે અને કુલ કેસોનો આંક ૧,૦૯,૭૭,૩૮૭ પર પહોંચી ગયો છે. તો કોરોનામાંથી સાજા થઈ જનારાની સંખ્યા ૧,૦૬,૭૮,૦૪૮ થઈ છે. અને સારવાર હેઠળ ૧,૪૩,૧૨૭ દર્દીઓ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧ કોરોના દર્દીઓ મૃત્યુ થતા કુલ મૃતાક ૧,૫૬,૨૧૨ થયો છે. આ સમયે મહારાષ્ટ્ર રાજ્યમાં ત્રણેક ધારાસભ્યો કોરોના પોઝિટિવ થવા સાથે ૫ હજાર લોકો કોરાનાની ચપેટમાં આવી જતા બીજો રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો હોય તેવી સ્થિતી રાજ્યભરમાં બનીને રહી છે. અને તેને કારણે સરકાર સાવચેત થઈ ગઈ છે. અમરાવતી, યવતમાલ, આકોલામાં સૌથી વધુ કેસો મળીને સમગ્ર મહારાષ્ટ્રમાં કોરોના કેસો ૫૦૦૦ થી આગળ વધી ગયા છે.

જ્યારે મુંબઈમાં કોરોના કેસોમાં વધારો થઈ જતા ત્યાં મ્યુ.કોર્પોરેશન પણ આકરા પગલા લઈ રહી છે. સમગ્ર મહારાષ્ટ્રમાં ૫૦૦૦ જેવા કેસો નોધાતા ત્યાંની સરકારે અમરાવતીમાં શનિવાર સાજથી કર્ફ્યુ નાખી દીધો છે જે સોમવાર સવાર સુધી અમલમાં રહેશે. મુંબઈમાં ૮૨૩ નવા કેસ નોંધાયા છે અને ૫ વ્યક્તિના મૃત્યુ થયા છે ત્યારે મુબઈ કોર્પોરેશન તંત્રએ દોડતું થઈ ગયું છે અને મુંબઈ શહેરની શાળા કોલેજો ખોલવાની હતી તે નહીં ખુલે તેવી સ્થિતિ બની રહી છે તે સાથે તંત્રએ કડક નિયંત્રણો લાદી દીધા છે અને નિયમો પણ જાહેર કરી દીધા છે જેમાં મુંબઈમાં હોમ ક્વોરન્ટાઈન કરેલ કોઈપણ વ્યક્તિ બહાર નીકળશે તો તેની સામે એફઆઈઆર નોધીને તે વ્યક્તિને નક્કી કરેલ ક્વોરેન્ટાઈન સેન્ટરમાં દાખલ કરી દેવામાં આવશે, તેમજ નિયમ ભંગ કરનારને ૬ માસની સજા અને દંડ કરવામાં આવશે. તથા જે બિલ્ડિંગમાં ૫ વ્યક્તિ કોરોના પોઝીટીવ મળી આવશે કે હશે તો તે સમગ્ર બિલ્ડિંગ સીલ કરી દેવામા આવશે અને તેઓને ખાવા સહિતની વ્યવસ્થા કરવામાં આવશે. દરમ્યાન ચેમ્બુરમા કોરોના ટેસ્ટિંગ હાથ ધરતા ચાર બિલ્ડીંગ સીલ કરી દેવામા આવ્યા છે.હવે બોરીવલીમાં મેડીકલ તપાસ શરૂ થનાર છે. મહારાષ્ટ્રના અમરાવતી,વર્ધામા શાળા-કોલેજો પર પાબંધી ફરમાવી દેવામા આવી છે. ગુજરાતમાં રાજ્ય સરકારે મહારાષ્ટ્રના અમરાવતીમાં ફેલાયેલ કોરોના વલસાડ જીલ્લામા પ્રવેશી ન જાય તે માટે તંત્રએ વલસાડ આવતા પ્રવાસીઓનુ સ્કેનીંગ અને ટેસ્ટીગ ફરજીયાત કરી નાખ્યું છે કારણ અમરાવતી સાથે વલસાડ જીલ્લો વધુ સંપર્કમાં રહે છે.બીજી તરફ ગુજરાતના ડીસાના રામસમની એક શાળામાં ૯ વિદ્યાર્થી અને ૨ શિક્ષકધ કોરોના પોઝિટિવ મળી આવતા ખળભળાટ વ્યાપી ગયો છે.તો અમદાવાદની થલતેજની એક શાળામાં પણ વિદ્યાર્થીઓ સહિત ૧૭ કોરોના ની ચપેટમાં આવી આવી જતાં સારવાર હેઠળ છે.આવા સમયમા સારા સમાચાર એ છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કોરાનાની ચપેટમાં આવી આવી ગયેલ અને હોસ્પિટલમાં ઈઝ કરવામાં આવેલ તેઓની સઘન સારવારને કારણે તેમની તબિયત સુધારા પર છે અને કદાચ શનિવારે રજા આપી દે તો તેઓ રાજકોટ કોરોના કિટ પહેરીને મતદાન કરવાના છે જ્યારે બીજી તરફ નર્મદા જિલ્લામાં કોરોના દર્દીઓને મતદાન કરવા માટે કિટ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે એટલે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમા કોરોના દર્દીઓ મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્રએ વ્યવસ્થિત આયોજન કર્યું છે.....!

# ગ્રાહકોનો કાર્ડ ડેટા ચોરી કરવા માટે હોટલ મેનેજર સહિત ચારની અટક

### આ ગેંગ દ્વારા ૨૦ લોકોને શિકાર બનાવ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા, ૨૦

મુંબઈ ક્રાઈમ બ્રાંચ યુનિટ ૯ એ લોકોના કાર્ડની વિગતો ચોરી કર્યા બાદ લોકોના પૈસા હડપ કરી લેવાના આરોપમાં ચાર જણની ગેંગની અટક કરી છે.. આરોપીઓમાં પવઈ સ્થિત હોટલના મેનેજરનો સમાવેશ થાય છે, જે ગ્રાહકોનો ડેટા ચોરી લેતો હતો અને તે ગેંગના માસ્ટર માઈન્ડ વેચતો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આ ગેંગ દ્વારા અત્યાર સુધીમાં ૨૦ લોકોના પૈસા હડપ કરવામા આવ્યા છે અને આશંકા છે કે તેમની સંખ્યા ઘણી વધારે હોઈ શકે કારણ કે છેલ્લા છ મહિનાથી આ ચાલુ છે. આ છેતરપિંડી તાજેતરમાં પ્રકાશમાં આવી હતી જ્યારે રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારીઓએ ક્રાઈમ બ્રાંચનો સંપર્ક કર્યો હતો અને ઘણા ગ્રાહકોને તેઓની કાર્ડ વિગતો અથવા પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (પિન) શેર કર્યા ન હોવા છતાં પણ ઓનલાઈન છેતરપિંડી કરનારાઓ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. બેંક અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે તેમને એક સામાન્ય કડી મળી છે અને મોટાભાગના પીડિતોએ પવઈની એક હોટેલની મુલાકાત લીધી હતી. ક્રાઈમ બ્રાંચના અધિકારીએ હોટલ પર દરોડા પાડ્યા હતા, પરંતુ હોટલના માલિકે જણાવ્યું હતું કે તેમાં તેની કોઈ ભૂમિકા નથી અને કહ્યું કે તેમને તેના અગાઉના મેનેજર યશવંત ગુપ્તા (૨૩) ઉર્ફે સોનુની પર શંકા છે, જેને તાજેતરમાં વેઈટર દ્વારા ગેરરીતિઓ અંગે ચેતવણી આપવામાં આવ્યા બાદ નોકરીમાંથી કાઢી મૂકવામાં



આવ્યો હતો. ગુપ્તા નજીકમાં વારંવાર જોવા મળ્યાની જાણ થતાં ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ ત્યાં રાહ જોતા હતા અને પહોંચતાની સાથે જ તેને પકડી પાડ્યો હતો.

મેનેજરની તપાસ દરમિયાન તે બહાર આવ્યું છે કે તે સામાન્ય રીતે તેના વેઈટર્સને ગ્રાહકોના કાર્ડ લાવવા કહે છે અને ગુપ્ત રીતે તેના ડેટાને સ્કીમર ડિવાઈસથી કોપી કરે છે. પાછળથી તે એટીએમ મશીન સાથે ટેબલની વ્યક્તિગત મુલાકાત લે છે અને ગ્રાહકો દાખલ થતાંની સાથે પિન નંબર યાદ કરે છે. તેમણે પછીથી ક્રાઈમ બ્રાંચ યુનિટ ૯ ના સિનિયર ઈન્સ્પેક્ટર નંદકુમાર ગોપાળે જણાવ્યું હતું કે, પિન નંબર સાથેનો ડેટા કાર્ડ દીઠ ૫૦૦ રૂપિયામાં ગેંગના માસ્ટરમાઈન્ડને વેચ્યો હતો. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાંચે વધુ ત્રણની ઓળખ મોહમ્મદ ફૈઝ ચૌધરી (૨૭,), અઝરુદ્દીન અન્સારી (૨૩) અને ઈશ્તિયાક જમાલ ખાન (૨૨) તરીકે કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ચૌધરી અગાઉ આ જ કેસમાં ત્રણ વખત ધરપકડ કરાઈ હતી. તે ગુપ્તા પાસેથી ડેટા મેળવતો, બીજા કાર્ડ પર છાપતો અને તે બીજા બેને સોંપી દેતો. ત્યારબાદ બંને શંકા ન થાય તે માટે પૈસા ઉપાડવા અને સામાન્ય રીતે જાહેર રજાના એક દિવસ પહેલાં રોકડ ઉપાડવા માટે પૂના અને સાતારા જાય છે, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ગુપ્તા છેલ્લા છ મહિનાથી ડેટા વેચતો હતો અને સેંકડો લોકોનો ડેટા વેચ્યો હોવાની આશંકા છે.

# છોકરીને અપમાનજનક સ્પર્શ માટે પાંચ વર્ષની કેદ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૨૦

માનવ શરીરના સંવેદનશીલ ભાગ અથવા ખાનગી ભાગની શબ્દ સમાજ અને સંસ્કૃતિના આધારે જુદા જુદા અર્થ ધરાવતા હોવાથી, આ શબ્દ આપણા સમાજમાં સ્વીકૃત અર્થની દ્રષ્ટિએ ધ્યાનમાં લેવો જોઈએ. ભારતીય સંસ્કૃતિ અનુસાર, મહિલાની કમરને સ્પર્શ કરવો તે તેના શિષ્ટાચાર માટે એક ફટકો છે, એમ મુંબઈની વિશેષ પોક્સો કોર્ટે જણાવ્યું હતું. એક ૨૨ વર્ષીય વ્યક્તિને ૧૦ વર્ષની બાળકીનો જાતીય શોષણ કરવા બદલ પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે.

ચાર વર્ષ પહેલાં, ૨૦૧૭ માં, આરોપી પર પોકસો હેઠળ આરોપ મૂકાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૦ વર્ષની બાળકી તેના મિત્ર સાથે મંદિર તરફ જઈ રહી હતી ત્યારે તેના ઘર નજીક એક દુકાન પાસે બેઠેલા એક છોકરાએ તેની બાજુએ હાથ લગાડ્યો હતો. ગભરાયેલી યુવતી ઘરે ગઈ અને તેના માતા-પિતાને જે બન્યું તે કહ્યું. ત્યારબાદ યુવતીના પિતા પોલીસમાં ગયા અને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. બીજા દિવસે પોલીસે તેની ધરપકડ કરી. કોર્ટે સુનાવણી દરમિયાન આરોપીને જામીન આપી દીધા હતા. યુવતીએ ફરિયાદ કર્યા બાદ તેની માતાએ કહ્યું કે યુવક તેની સાથે ત્રાસ આપતો હતો. વેધન અને સ્પર્શ વચ્ચેનો તફાવત છે. ઉપરાંત, પૃષ્ઠભૂમિને ગુપ્ત ભાગ કહી શકાય નહીં, એમ સંરક્ષણે જણાવ્યું હતું. સંવેદીશીલ ભાગ અથવા ખાનગી ભાગ શબ્દ આપણા સમાજના અર્થમાં ધ્યાનમાં લેવો જોઈએ. પ્રતિવાદી એટર્નીએ ગૂગલ પરના અર્થઘટનનો ઉલ્લેખ કરીને પૃષ્ઠભૂમિ સંવેદનશીલ કંઈપણ હોઈ શકે નહીં. પરંતુ જો આપણે આપણા સમાજના સંદર્ભની દ્રષ્ટિએ વિચારીશું, તો આપણને આ અર્થ સ્વીકારવામાં આવશે નહીં, એમ તેમણે જણાવ્યું હતું. એવું કહી શકાય નહીં કે આરોપીઓએ જાતીય સતામણીના ઈરાદે યુવતીની પીઠની બાજુએ સ્પર્શ કર્યો ન હતો. યુવતીએ તેના માતાપિતા અને પોલીસને કહ્યું હતુ કે આરોપીએ તેના ગુપ્ત ભાગને સ્પર્શ કર્યો હતો. ઘટના સમયે બાળકી માત્ર ૧૦ વર્ષની હતી. તેથી તેણી તેના માતાપિતાને તે જાણતી હતી. કોર્ટે એવો ચુકાદો પણ આપ્યો હતો કે આરોપીએ તેની સાથે છેડતી કરી હતી જ પરંતુ તેણે અયોગ્ય રીતે સ્પર્શ પણ કર્યો હતો.

# મુંબઈની બિમારી વચ્ચે બાળકીએ દરિયામાં ૩૬ કિ.મી.નું અંતર તરી ૮:૪૦ કલાકમાં કાપ્યુ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

મુંબઈની ૧૨ વર્ષની બાળકી જિયા રાય બુધવારે ૧૭ ફેબ્રુઆરીએ બાંદ્રા-વરલી સી લીંકથી ગેટવે ઓફ ઈન્ડિયાથી ૩૬ કિ.મી. તેમ છતાં તેની પાસે ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (એએસડી) હતી, તે આઠ કલાક અને ૪૦ મિનિટ સુધી દરિયામાં તરતી હતી. પરિણામે, નેટીઝને તેના પર વખાણ કર્યા છે. એએસડી હોવાનું નિદાન હોવા છતાં, તેણે સમુદ્રમાં સૌથી ઓછી ઉંમરમાં ૩૬ કિ.મી. તરીને રેકોર્ડ બનાવ્યો છે. આ હિંમતવાન યુવતીએ એક ખૂબ જ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તમારી સંભાવનાને સમજવામાં કંઈપણ રોકી શકશે નહીં, મુંબઈ ડિફેન્સ પીઆરઓએ ટ્વિટ કર્યું હતું. ૧૭ ફેબ્રુઆરીની સવારે





તે બાન્દ્રા-વરલી સી લીંકથી સવારે ૩.૫૦ વાગ્યે તરવા લાગી અને બપોરે ૧૨.૩૦ વાગ્યે ગેટવે ઓફ ઈન્ડિયા પહોંચી. ભારતીય સ્વિમિંગ ફેડરેશન અંતર્ગત મહારાષ્ટ્ર સ્વિમિંગ એસોસિએશન દ્વારા આ કાર્યક્રમની દેખરેખ રાખવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ કાર્યક્રમ યુવા અને રમત મંત્રાલયની ફીટ ઈન્ડિયા પહેલ સાથે પણ જોડાયેલો છે. સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના સહયોગી ઉપરાષ્ટ્રપતિ અભય દધેએ ઝિયાને તેના પ્રદર્શન માટે ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. તેના પિતા મદન રાય નેવલ નાવિક છે.ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર વિશે જાગૃતિ લાવવા તેણે સમુદ્રમાં તરવાનું નક્કી કર્યુ હતુ.

**જો અમિતાભ બચ્ચન અને અક્ષય કુમાર દબાણ હેઠળ છે, તો આરપીઆઈ તેમની સુરક્ષા કરશે : રામદાસ આઠવલે**

# અમિતાભ બચ્ચનના બચાવમાં આરપીઆઈ મેદાનમાં

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

કેન્દ્રીય સામાજિક ન્યાય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પાટોલેની ભૂમિકાનો વિરોધ કર્યો છે. તેઓએ પાલઘર જિલ્લાના વિક્રમગડ ખાતે જણાવ્યુ હતુ કે . અમિતાભ બચ્ચન, તમે આગળ વધો, અમે તમારી સાથે છીએ, તેમ રામદાસ આઠવલેએ જણાવ્યું હતું

અમિતાભ બચ્ચન, તમે આગળ વધો, અમે તમારી સાથે છીએ

રામદાસ આઠવલેએ અમિતાભ બચ્ચન માટે સમર્થન વ્યક્ત કરતાં કહ્યું કે અમિતાભ બચ્ચનના સન્માનમાં આરપીઆઈ મેદાનમાં છે. આરપીઆઈના કાર્યકર્તાઓ અમિતાભ બચ્ચનને ભેગા કરીને ટેકો આપશે. જો અમિતાભ બચ્ચન અને અક્ષય કુમાર દબાણ હેઠળ છે, તો આરપીઆઈ તેમની સુરક્ષા કરશે, એમ આઠાવલેએ જણાવ્યું હતું. તેમણે નાના પાટોલેને પણ તેની ભૂમિકા બદલવાની અપીલ કરી હતી.

મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે ધમકી આપી હતી કે અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારને મહારાષ્ટ્રમાં શૂટિંગ કરવાની મંજૂરી નહીં આપે. અમિતાભ બચ્ચનના સમર્થનમાં જુહુ જલ્સા બંગલા સામે આરપીઆઈએ રેલી કા છઢ્ઢી હતી અને અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારને ટેકો આપ્યો હતો. આરપીઆઈના કાર્યકરોએ નાના પટોલે સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.



મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલે અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારની ટીકા કરી હતી. નાના પાટોલે અમિતાભ બચ્ચન અને અક્ષય કુમારના એક જૂના ટ્વીટને યાદ કર્યા. તેમણે બચ્ચન અને કુમારની મૂવીઝ અને શૂટિંગને મહારાષ્ટ્રમાં ચાલુ ન રાખવા દેવાની ચેતવણી આપી હતી. આ પછી ભાજપના નેતાઓએ નાના પટોલેને દોષી ઠેરવ્યા હતા. આ અંગે ખુલાસો કરતાં નાના પાટોલેએ ભાજપ પર સેલિબ્રિટીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઉચકાયા હતા ત્યારે મનમોહન સિંઘની સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો ન હતો. જોકે, એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મોદી સરકાર દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતો ઓછી હોવા છતાં પણ મોદી જનતાના ખિસ્સા કાપવાનું કામ કરી રહી છે.

અભિતાભ બચ્ચન અને અક્ષય કુમારે મનમોહન સિંહ સરકારની મજાક ઉડાવી હતી. જો કે, તે કલાકારો આજે શા માટે મૌન છે, સેલીબ્રેટીઝ કોઈ પણ પક્ષની નહીં પણ જનતાની હોય તેવા નિવેદનની અસર લોકોના મન પર પડે છે. જો કે, લોકશાહીનો શ્રેષ્ઠ માર્ગ એ આવા ડુપ્લિકેટ અને ડબલ-સ્ટડેડ અભિનેતાઓને પાઠ શીખવવું છે કે જેઓ આજે વાસ્તવિકતા રજૂ કરતા દેખાતા નથી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ મારો મત નથી પરંતુ કોંગ્રેસ પક્ષનો અભિપ્રાય છે.

# ફેસબુક મિત્રએ દવાના બિઝનેસમાં નફાની વહેંચણીની લાલચ બતાવી ૨૩ લાખની છેતરપીંડી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

લોકપ્રિય સોશ્યલ નેટર્વકિંગ સાઈટ ફેસબુક (એફબી) પર મળેલા કોઈ અજાણ્યા શખ્સ સાથે કારોબારના સોદાને કારણે નાલાસોપારાના ૫૪ વર્ષીય સર્વિસમેનને બે મહિનાથી ઓછા સમયગાળામાં ૨૩ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થયો છે.

પોલીસને આપેલા નિવેદનમાં, ફરિયાદી કે જે મલાડ આધારિત મણકા અને ભરતકામ કરતી કંપનીમાં કારીગર તરીકે કામ કરે છે, તેણે કહ્યું કે તે જૂન -૨૦૨૦ માં એફબી પર હન્ના નાયસના સંપર્કમાં આવ્યો હતો. ઇંગ્લેન્ડમાં બર્કશાયરનો કાયમી નાગરિક હોવાનો દાવો કરતાં, હેન્નાએ કહ્યું કે તે એક પ્રતિષ્ઠિત ફાર્માસ્યુટિકલ કંપનીમાં સહાયક ખરીદી મેનેજર તરીકે કામ કરે છે. ટૂંક સમયમાં જ બંનેએ મોબાઈલ નંબરોની આપલે કરી અને ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન્સ પર વારંવાર ચેટ કરી. થોડા અઠવાડિયા પછી, હેન્નાહે ખૂબ જ આકર્ષક ઓફર કરી હતી.. તેણે ફરિયાદ કરનારને કહ્યું કે તેમની કંપની ઈટાનગર (અરુણાચલ પ્રદેશ) સ્થિત ભારતીય કંપની પાસેથી બલ્કમાં કુદરતી હર્બલ ઉત્પાદનો ખરીદે છે પરંતુ કેટલાક કારણોસર કંપનીએ વેપારી પાસેથી ખરીદી રોકવાનો નિર્ણય લીધો હતો.

હેન્નાએ કહ્યું કે અસ્થમા અને એપીલેપ્સીના ઈલાજ માટે ઔષધીય મૂલ્ય ધરાવતા ઉત્પાદનો ભારતમાં રૂ. ૭૬૦ થી રૂ. ૭૬૫ પેકેટ દીઠ અને તેમની કંપનીમાં ૨૮૦૦ ડોલરમાં વેચાયા હતા. ઓર્ડર આપવાના વચન સાથે, હેન્નાએ ૪૦ ટકા નફો મેળવવાનું નક્કી કરી. તેણે તેને મહિલાનો સંપર્ક નંબર પણ આપ્યો હતો અને દાવો કર્યો હતો કે તે ઉત્પાદનોની સપ્લાય કરશે. ફરિયાદીએ સપ્લાયર સાથે સંપર્ક કર્યો હતો અને લગભગ રૂ. ૨૦ લાખ રૂપિયા ઘણાં ઓનલાઈન વ્યવહારો દ્વારા વિવિધ બેંક ખાતાઓમાં કન્સાઈન્મેન્ટ માટે અગાઉથી ચુકવણી કર્યા હતા જો કે તે કન્સાઈન્મેન્ટ જે ક્યારેય આવ્યુ નથી. જો કે, છેતરપિંડી કરનાર અહીં અટક્યા નહીં. હેન્નાએ ફરી એકવાર ફરિયાદ કરનારને જણાવ્યું કે તેમની કંપનીના સિનિયર પ્રોડક્શન મેનેજર જેમ્સ લોગન ભારત આવશે અને તેને ૧,૪૦,૦૦૦ યુએસ ડોલર આપશે. જો કે, ફરિયાદી પાસે પોતાને એરલાઈન્સ અને આરબીઆઈના અધિકારીઓ તરીક્ષ ઓળખ આપી લોગનની મુક્તિ માટે પૈસાની માંગ કરતા લોકોના કોલ આવવાનું શરૂ થયુ હતું, જેમને વિદેશી ચલણની વિશાળ રકમ વહન કરવા માટે અટકાવવામાં આવ્યો હતો. હતું તેની સાથે અન્ય ૩.૯૬ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. છ લોકો સામે તુલીંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# શિવસેનાનો ગુજરાતી મેળાવડો કોરોનાને કારણે રદ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

શિવસેનાના ગુજરાતી વિભાગ દ્વારા 'મુંબઈમાં જલેબી, ફાફડા, ઉદ્ધવ ઠાકરે આપડા' ની ઘોષણા કરીને ગુજરાતી ભાઈઓના બે મેળાવડા સફળતાપૂર્વક યોજવામાં આવ્યા હતા. આજે, રવિવાર, ૨૧ ફેબ્રુઆરીએ, વિભાગ દ્વારા ડાયરો અને ગુજરાતી ભાઈઓનો મેળાવડો નામનો કાર્યક્રમ યોજાયો હતો. જોકે, શિવસેનાના રાષ્ટ્રીય આયોજક હેમરાજ શાહે કહ્યું છે કે આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે. શાહે સ્પષ્ટતા કરી છે કે, આ મુલતવી મુલતવી રાખવાથી રાજ્યમાં ચિંતા .ઉભી થઈ છે કારણ કે કોરોનાએ ફરીથી માથું ઉચક્યુ કર્યું છે. શાહેએ પણ સ્પષ્ટતા કરી હતી કે મુંબઈની પરિસ્થિતિ ઉકેલાયા બાદ આ કાર્યક્રમને ધમાકેદાર ઉજવણી કરવામાં આવશે. એક શબ્દ, ત્રણ નિયમો, આપણે નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે, તેમણે લોકોને કહ્યું કે માસ્ક પહેરવા, તેમના હાથ ધોવા અને સામાજિક અંતરનું યોગ્ય રીતે અવલોકન કરવા. શાહે કહ્યું, જરૂર પડે ત્યારે જ ઘરની બહાર નીકળો, બિનજરૂરી રીતે ભીડ ન કરો અને દસ વર્ષથી ઓછી વયના વરિષ્ઠ નાગરિકો અને બાળકોને ઘરની બહાર મોકલવાનું ટાળો, શાહે કહ્યું. તેમણે લોકોને રાજ્ય સરકાર અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સહકાર આપવા તાકીદ કરી હતી કે મુંબઈમાં કોરોના ત્રીજી તરંગ ફેલાય તે અટકાવવામાં આવે.

# અહમદનગરના કર્જતમાં ડોક્ટરે પત્ની અને બે બાળકોની હત્યા કરીને આપઘાત કર્યો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

અહમદનગર જિલ્લાના કર્જત તાલુકાના રશીન ગામે એક તબીબે પત્ની અને બે બાળકોની હત્યા કરીને આપઘાત કરી લીધો છે. આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક માહિતી એવી છે કે, રાશિનના પ્રખ્યાત તબીબ મહેન્દ્ર થોરાતે તેની નિવાસસ્થાન પર પત્ની અને બે નાના બાળકોને અલાઈન વડે ઈંજેકશન આપીને ગળે ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. રશીનના જાણીતા ડોક્ટર મહેન્દ્ર થોરાતે તેમના નિવાસસ્થાને પત્ની અને બે બાળકોની હત્યા કર્યા બાદ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. મૃતકોની ઓળખ ડો. મહેન્દ્ર થોરાટ, વર્ષારાણી થોરાટ, કૃષ્ણા થોરાટ અને કૈવલ્યા થોરાટ તરીકે થઈ છે. આ ઘટનાથી હંગામો મચી રહ્યો છે.

મહેન્દ્ર થોરાતે તેમના નિવાસસ્થાને આત્મહત્યા કરી હતી. શરૂઆતમાં મહેન્દ્રએ તેની પત્ની વર્ષારાણી, પુત્ર કૃષ્ણ અને કૈવલ્યાને સલાઈન વડે ઈન્જેકશન આપ્યું હતું અને પછી ગળે ફાસો ખાઈને આત્મહત્યા કરી હતી. દરમિયાન ઘટનાની જાણ થતાં કર્જત પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ચારેયના મૃતદેહને બહાર કાઢયા હતા. આ દરમિયાન મહેન્દ્ર થોરાતે



આત્મહત્યા કરતા પહેલા પત્ર પણ લખ્યો હતો. આ પત્રમાં, 'અમારો મોટો પુત્ર કૃષ્ણ કાનથી સાંભળી શકતો નથી, તેથી તે સમાજમાં અપમાનિત થઈ રહ્યો છે. તે અમને દોષિત લાગે છે, તેથી મેં અને મારી પત્નીએ દુખી થઈ અંતે આ નિર્ણય લીધો છે અને અમે આત્મહત્યા કરી રહ્યા છીએ. મહેન્દ્ર થોરાટ ગરીબોના ડોક્ટર તરીકે પણ જાણીતા હતા. તો તેની આત્મહત્યા રશીન ગામમાં હંગામો મચાવી રહી છે. એટલું જ નહીં પરંતુ આ ઘટનાને પગલે રાશિન ગામમાં બંધ રાખવામા આવ્યું છે. વ્યવસાયે ડોક્ટર મહેન્દ્ર થોરાટના આપઘાતથી કરજત તાલુકા સહિત જિલ્લામાં હંગામો મચી ગયો છે.

# મુંબઈમાં ડ્રગ કેસમાં એનસીપી નેતાને ફસાવી દેવાના ષડયંત્રનો પર્દાફાશ : પાંચની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

એનસીપીના નેતાની કારમાં ડ્રગના કેસમા ફસાવવાનાં કાવતરું રચવાના આરોપમાં મુંબઈ પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. પોલીસ ડેપ્યુટી કમિશનર દત્તા નલવાડેના જણાવ્યા મુજબ, એનસીપીના સેક્રેટરી વિજય કોલીએ પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્થાનિક બાંધકામ પ્રોજેક્ટ સામે ફરિયાદ નોંધાવી હતી. આ ધ્યાનમાં રાખીને કાવતરું ઘડવામાં આવ્યું હતું. એએનઆઈએ આ અંગે અહેવાલ આપ્યો છે. અબ્દુલ અઝીઝ શેખ ઉર્ફે અજ્જુ મુખ્ય સૂત્રધાર છે. તે તાડદેવમાં અનધિકૃત ઝૂંપડપટ્ટીને કાયદેસર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને વિજય કોળીએ તેની સામે ફરિયાદ નોંધાવી હતી. આનાથી અબ્દુલ ગુસ્સે થયો. અબ્દુલે અન્ય આરોપીઓને વિજય કોલીને ડ્રગ્સ કેસમાં ફસાવવા પૈસાની ચૂકવણી કરી હતી. અબ્દુલની વિજય કોળી સાથે રાજકીય દુશ્મની છે, ''દત્તા નલવાડેએ કહ્યું.લ૯ જાન્યુઆરીએ પોલીસે અય્યાઝની ધરપકડ કર્યા પછી આ બધું પ્રકાશમાં આવ્યું હતું. તેની પાસેથી ૧૫૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ મળી આવ્યુ હતુ.. દત્તા નલવડેએ જણાવ્યું હતું કે, પૂછપરછ પછી અય્યાઝે કબૂલાત કરી હતી કે વિજય કોલીની કારમાં ડ્રગ્સ રાખવા અને ત્યારબાદ પોલીસને બોલાવીને તેને ટીપ આપવાનો આદેશ મળ્યો હતો. પોલીસે આસિફ સરદાર, નબી શેખ અને જાફર શેખની પણ ધરપકડ કરી છે. આસિફ સરદાર એન્ટી ડ્રગ સંસ્થાના ડિરેક્ટર છે.

# રોજના કોરોના કેસની સંખ્યા ચાર આંકડામાં પહોંચી

### મુંબઈમાં સાંજે ૬ થી સવારે ૯ સુધી કરફ્યૂની વિચારણા : શાળા કોલેજ ૨૮ ફેબ્રુઆરી સુધી બંધ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૦

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં કોવિદ્ ૧૯ એ ફરી માથું ઉચક્યું છે. રાજ્યમાં અંદાજે ૭ હજારથી વધુ કેસ એક દિવસમાં નોંધાયા હતા તેમ જ મૃત્યુઆંક પણ ત્રણ આંકડામાં પહોંચ્યો છે ત્યારે મુંબઈમાં પણ આજે ૧૦૦૦ જેટલા નવા કેસ નોંધાયા હતા તેમ જ મૃત્યુ દર પણ ૫૦થી વધુ હતો. આને કારણે મુંબઈમાં ફરીથી લોકડાઉન નું સંકટ ગાહેરાયું છે.

આજે રાજ્યના મિનિસ્ટર વિજય વડેટીવારે જણાવ્યું હતું કે મુંબઈ સહિત નવી મુંબઈ થાણે મીરા ભાયંદર તેમ જ એમએમઆરડી એ ના વિસ્તારોમાં સાંજે ૬ થી સવારે ૯ સુધી કરફ્યુ લાદવાની વિચારણા કરાઇ રહી છે. એટલુજ નહિ મુંબઈમાં શાળા કોલેજ પણ ૨૮ ફેબ્રુઆરી સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. બીજી બાજુ કોરોના વધવાનું કારણ લોકલ બધા માટે સમય મર્યાદા સાથે ચાલુ થઈ તે માનવામાં આવે છે આથી સંભવિતપણે ફરીથી બપોરના ૧૨ થી ૪ સુધી બધા માટે બંધ થઈ શકે છે. ફક્ત સરકારી નિયમોને આધારે જ પ્રવેશ આપશે. મુંબઈગરા માસ્ક વિના ફરે છે તેમ જ સોશ્યલ ડિસ્ટન્સ નું પાલન નથી કરતા. આજે જુહુ ચોપાટી પર ફરવા આવેલા પર્યટકો અને માર્શલ વચ્ચે માસ્ક વિના ફરતા હોવાને કારણે તેમની વચ્ચે ઘર્ષણ થયા બાદ છુટ્ટા હાથની મારામારી થઈ હતી. આથી પોલીસે દરમિયાનગીરી કરવી પડી હતી. મુંબઈના મેયર કિશોરી પેડનેકર તેમ જ મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ પણ નાગરિકોને ચેતવણી આપી છે કે જો તેઓ સરકારી નિયમોનું પાલન નહીં કરે તો ફરીથી લોકડાંઉન આવી શકે. સદભાગ્ય છે કે આફ્રિકાનો નવો કોરોના વાઈરસ હજી મુંબઈમાં નથી પ્રવેશ્યો અન્યથા મુંબઈગરાને લોકડાઉન થી કોઈ નહિ બચાવી શકે.

# સપ્તાહ દરમિયાન સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૦

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૨થી ૧૮ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૩૮૨ ગબડ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ મામૂલી રૂ.૨ જેટલો સુધર્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાઓમાં તેજીનો માહોલ હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, રૂ (કોટન)માં ઉછાળો સામે મેન્થા તેલમાં નરમાઈ હતી. સીપીઓ અને રબરમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં સપ્તાહ દરમિયાન થઈ હતી. કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો માર્ચ વાયદો ૧૫,૧૦૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૧૯૯ અને નીચામાં ૧૪,૭૩૨ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૪૬૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૩૭૨ પોઈન્ટ ગબડીને ૧૪,૭૬૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૪,૧૬૦ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૬૩૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૫૩૧ પોઈન્ટ વધીને ૧૪,૭૬૦ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૪૧૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૭,૫૮૬ અને નીચામાં રૂ.૪૬,૦૧૧ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૧,૩૮૨ના કડાકા સાથે રૂ.૪૬,૧૨૬ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭,૯૮૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૯૪૬ના ભાવઘટાડા સાથે રૂ.૩૭,૦૬૯ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૭૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૩૦ ઘટી બંધમાં રૂ.૪,૫૯૬ના ભાવ થયા હતા. સોનાનો મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૬૭૦ના સ્તરે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૩૩૧ ગબડી રૂ.૪૬,૦૪૬ બંધ થયો હતો. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૮,૫૦૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૦,૮૬૪ અને નીચામાં રૂ.૬૮,૨૦૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨ના મામૂલી સુધારા સાથે રૂ.૬૮,૪૯૪ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૪૩૧ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪૩ના સુધારા સાથે રૂ.૬૮,૪૯૭ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૪૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૩ના સુધારા સાથે બંધમાં રૂ.૬૮,૪૫૪ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૪,૨૩૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪,૫૦૦ અને નીચામાં રૂ.૪,૧૮૩ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૬૯ના ઉછાળા સાથે બંધમાં રૂ.૪,૪૧૦ના ભાવ થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૨૩૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૦.૫૦ વધી રૂ.૧,૨૫૦.૫૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૧,૫૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૧,૬૫૦ અને નીચામાં રૂ.૨૧,૪૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧૪૦ના ઉછાળા સાથે રૂ.૨૧,૫૯૦ના સ્તરે બંધ થયો હતો.

# મુંબઈમાં બે ગેરકાયદેસર ઈંધણ મથકોનો પર્દાફાશ : કંપનીના એમડીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

સીબી કંટ્રોલ ઓફ ઈકોનોમિક અપરાધ વિંગે એમએસ વેસ્ટકેર જોઈન્ટ વેન્ચર કંપનીના મેનેજિંગ ડિરેક્ટરની અટક કરી હતી, જેમાં પોલીસે શહેરમાં બે ગેરકાયદે ફ્યુઅલ સ્ટેશનોનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ રેકેટ પાછળ આરોપી મુખ્ય સૂત્રધાર હોવાનો આરોપ છે. પોલીસે ખોપોલી સ્થિત પેટ્રોકેમિકલ કંપનીના અધિકારીઓને પણ સમન્સ પાઠવ્યા છે જે આ ફ્યુઅલ સ્ટેશનોને ઈન્ડ્રસ્ટીયલ તેલ પૂરો પાડતા હતા.

ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ લલિત શાહ (૪૯) તરીકે થઈ છે અને આ કેસમાં ધરપકડ કરનારો તે બીજો આરોપી છે.જોઈન્ટ પોલીસ કમિશનર (ઈડબ્લ્યુ), નિકેત કૌશિકના જણાવ્યા અનુસાર, ૪ ફેબ્રુઆરીએ માહિતી મળી હતી કે ડીઝલ ગેરકાયદેસર રીતે મોટી ટાંકીમાં સંગ્રહિત કરવામાં આવે છે અને તે ફૂટપાથ પર મૂકવામાં આવેલા બે શિપિંગ કન્ટેનરની અંદર રાખવામાં આવેલ છે અને ડીઝલનો ગેરકાયદે ઉપયોગ અને વેચાણ મોટા પ્રમાણમાં ચાલી રહ્યું છે. ધારાવી અને માહીમ વિસ્તારોમાં તપાસ કર્યા બાદ પોલીસ ઈન્સ્પેક્ટર નીતિન પાટીલની આગેવાની હેઠળની ટીમે દરોડા પાડ્યા હતા અને ગેરકાયદેસર બળતણ મથકોના સુપરવાઈઝર તરીકે કામ કરતા ઈન્દ્રસિંહ રાઠોડની ધરપકડ કરી હતી. પોલીસે અનેક ટાંકીમાં સંગ્રહિત આશરે ૧૩,૫૫૦ લિટર ડીઝલ , મશીનો / પમ્પ જેવા અન્ય સાધનો સાથે કબજે કર્યું છે. કહ્યું કન્ટેનરનો ગેરકાયદેસર ફ્યુલ સ્ટેશન તરીકે ઉપયોગ થતો હતો.. આરોપીઓ તેમના વાહનોમાં ડીઝલનો ઉપયોગ કરવા ઉપરાંત પ્રવર્તમાન બજાર દરો કરતા અન્યને સસ્તી કિંમતે ડીઝલ વેચતા હતા. ત્યારબાદ પોલીસ દ્વારા ધારાવી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ઈન્સ્પેક્ટર પાટીલે કહ્યું, આ કંપનીએ ક્લિન અપ વાહનોમા સપ્લાય કરવા બીએમસીનો કોન્ટ્રાકટ લીધો હતો. આ કંપની તેમના વાહનો બીએમસી માટે ચલાવશે અને બીએમસીને આપવામાં આવતી સેવાઓ અને વાપરવામા આવતા ફ્યુલની સેવાઓ માટે બિલ લેશે. બીએમસીએ મંજૂરી આપી હતી કંપનીએ કામગીરી ચલાવવા માટે તેમની ઓફિસની જગ્યા ગોઠવવા કંપનીએ માહીમ અને ધારાવીની ફૂટપાથ પર કન્ટેનર ઉભા કર્યા અને આ કન્ટેનરની અંદર તેઓ ભેળસેળવાળા ડીઝલથી ભરેલી ટાંકીમા સંગ્રહ .કરતા હતા. તાજેતરમાં જ અમે એમ.એસ. વેસ્ટકેરના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામ કરતા લલિત શાહની ધરપકડ કરી હતી. શાહની કંપનીમાં કામ કરતા ડ્રાઈવરોએ શાહને જાણ કરી હતી કે ખોપોલીમાં એક પેટ્રોકેમિકલ કંપની છે જે ઈન્ડ્રસ્ટીયલ તેલ લિટર દીઠ ૫૦ રૂપિયા પર પૂરુ પાડે છે.

# વાપીમાં ત્રણ સંતાનની માતાને અન્ય સાથે અફેરની શંકા જતા પ્રેમીએ જ કરી નિર્મમ હત્યા

(જી.એન.એસ.)વાપી,તા.૨૦

વાપીના રાતા ગામની ઝાડીમાંથી ૧૩ દિવસ અગાઉ મહિલાની કરાયેલી લાશમાં પોલીસે તેની ઓળખ કરી ગળું દબાવીને હત્યા કરનારા આરોપીની ધરપકડ કરી છે. આરોપી મૃતક મહિલાનો નજીકનો સંબંધી હતો. ત્રણ સંતાનની માતા અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોય મહિલા અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી હોવાની શંકાને લઈ એકાંતમાં બોલાવી તેનું ગળુ દબાવી હત્યા કર્યા હોવાની આરોપ ીએ કબૂલાત કરી છે. બંને છીરીના વડિયાવાડ સ્થિત એક ચાલીના અલગ અલગ રૂમમાં ભાડેથી રહેતા હતા. વાપીના રાતા ગામ ભારતનગરની સીમમાં ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં પાણીની ટાંકીથી ૧૦૦ મીટર દૂર ખુલ્લી ઝાડીમાંથી એક મહિલાની લાશ ૬ ફેબ્રુઆરીએ મળી આવતા ડુંગરા પોલીસે લાશને કબજે લઈ તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી. જોકે પ ેનલ પીએમ રિપોર્ટમાં તેનું ગળું દબાવી હત્યા કર્યા હોવાનું બહાર આવતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

આ કેસમાં એસપી ડો. રાજદીપસિંહ ઝાલાની સુચના અને ડીવાયએસપી વી.એમ.જાડેજાના માર્ગદર્શન મુજબ એલસીબી, એસઓજી અને ડુંગરા પોલીસના અધિકારીઓએ અલગ અલગ ટીમો બનાવી ગુનાવાળી જગ્યા તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજની બારીકાયથી તપાસ કરી તે વિસ્તારના તમામ ચાલી માલિકો અને તેમાં રહેતા માણસોની પૂછપ રછ હાથ ધરી હતી.

વાપીના ડુંગરા પોલીસ મથકના પીએસઆઈ જે.વી.ચાવડા, એલસીબી પીએસઆઈ સી.એચ.પ નારા, કે.એમ.બેરીયા તથા પ ીએસઆઈ જે.એન.ગોસ્વામીને અંગત અને વિશ્વાસુ બાતમીદારો મારફતે જાણવા મળેલ કે, મૃતક મહિલાનું ખૂન તેની સાથે લગ્નેતર પ્રેમ સંબંધ ધરાવતા વિનોદ મંડલએ કરેલ છે. જેથી હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સર્વેલન્સના આધારે આરોપી વિનોદ નાગેશ્વર મંડલ (કુર્મી) ઉ.વ.૩૦ રહે.છીરી વડિયાવાડ વિનોદભાઈની ચાલીમાં મુળ ગામ એક્ચારી પોસ્ટ રસલપ ૂર થાના ખરહલા જી.ભાગલપ ુર બિહારને પકડી પાડી પૂછપ રછ કરતા તેણે જણાવેલ કે, મૃ તક નીતુદેવી સાથે તે પ્રેમસંબંધમાં હતો. અને આ મહિલા કોઈ અન્ય ઈસમ સાથે મોબાઈલમાં વાત કરતી હોવાની શંકા જતા આરોપીએ તેને રાતા ભારતનગર ક્રિકેટ ગ્રાઉન્ડમાં રાત્રે મળવા માટે બોલાવી ઝગડો કરી તેનું ગળુ દબાવી હત્યા કરીને લાશની ઓળખ ન થાય તેમ વિચારી તેના ફોન અને પર્સ સાથે લઈ ફરાર થઈ ગયો હતો.

# મુંબઈ મહાપાલિકા દ્વારા ૧૩૦૦ ઈમારત સીલ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૦

મુંબઈ સહીત મહારાષ્ટ્રમાં કોરોના સંકટ વધુ ઘેરું બન્યું છે ત્યારે મુંબઈ મહાપાલિકા દ્વારા કોરોના ના દર્દી ની સંખ્યા વાળી ૧૩૦૫ ઈમારત સીલ કરી દીધી છે. આમ દેશની આર્થિક રાજધાની મુંબઈને કોરોના એ ફરી હચ મચાવી નાખી છે. સરકાર અને મહાપાલિકા ફરી એકશન મોડ પર આવી ગઈ છે. મેયર કિશોરી પેડનેકરે જણાવ્યું હતું કે જો નાગરિકો કોરોના ગાઈડેલીન નું પાલન નહિ કરે તો કડક હાથે પગલાં લેવામાં આવશે. દરેક નાગરિકે માસ્ક અને સેનિટાઈઝર તેમજ સોશિયલ ડિસ્ટન્સ નું ફરજિયાત પાલન કરવું જોઈએ. જે નાગરિક નિયમનું પાલન નહિ કરે તો માસ્ક નહિ પેહેનનારા વ્યક્તિ પર ૨૦૦૦ રૂપિયા, ૫૦૦૦ રૂપિયા અને ૧૦૦૦૦ રૂપિયા દંડ વસુલ કરવામાં આવશે. આ દંડ વસુલ કરવા માટે વધારાના માર્શલ નિમણુંક કરવામાં આવી છે. લોકોએ તેમને સહયોગ કરવો જોઈએ. જે લોકો તેમનો વિરોધ કરશે તેમની પર નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે દ્વારા પણ નાગરિકોને સહયોગ કરવા અપીલ કરવામાં આવી છે. અત્યાર સુધી એ વોર્ડ માં ૨૮, બી વોર્ડ માં ૧૫, સી વોર્ડ માં ૫, ડી વોર્ડ માં ૧૦૧, ઈ વોર્ડ માં ૨૪, એફ એસ વોર્ડ માં ૧૨, જિ એન વોર્ડ માં ૫૫, એચ ઈ વોર્ડ માં ૯૭,એચ ડબ્લ્યુ વારદ માં ૯૭, કે ઈ માં ૨૩, કે ડબ્લ્યુ માં ૭૪, એલ વોર્ડ માં ૭૪, એમ માં ૧૦, એન વોર્ડ માં ૧૨૫, પી એન માં ૭, પી એસ માં ૧૨૫, આર સી માં ૧૦૬, આર એન માં ૧૨, આર એસ માં ૯૦, એસ માં ૩૩ તેમજ ટી વોર્ડ માં ૨૩૩ ઈમારત સીલ કરવામાં આવી છે. સીલ કરાયેલા મકાનના રહેવાસીઓને આગામી ૧૪ દિવસ સુધી મકાન છોડવાની મનાઈ છે. ૧૪ દિવસ પછી આવી બિલ્ડિંગમાં કોરોનાનું પરીક્ષણ કરાયું હતું. જો સંખ્યા ઓછી થઈ જાય, તો સીલ દૂર કરવામાં આવે છે. અન્યથા આવા સીલ કરાયેલા મકાન ૭ દિવસ માટે ફરી નિયમ હેઠળ લાગુ કરવામાં આવશે.મુંબઈ ઉપરાંત થાણે નવી-મુંબઈ મિરા-ભાયંદર, વસઈ વિરાર માં પણ આવી રીતે સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે અને જરૂર પડીયે આ વિસ્તારોમાં પણ મકાનો માં પણ સર્વે કરી સીલ કરવામાં આવશે. હવે પછી કોઈ પણ દર્દી ઘરમાં ઈસોલેશન માટે નહિ રહી શકે. કોરોનાના તમામ દર્દીઓ એ સરકારી કેન્દ્રમાં દાખલ થવું પડશે તેમજ તેમના હાથ પર સ્ટેમ્પ પણ મારવામાં આવશે જેથી તેવો જાહેરમાં ફરી અને કોરોના વધુ ફેલાવી ન શકે. નિયમનો ભંગ કરનાર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# બાંગ્લાદેશી નાગરિકોનો વિરોધ કરતા ભાજપના ખુદના જ પદાધિકારી બાંગ્લાદેશી નિકળ્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૦

ભાજપના ઉત્તર મુંબઈ લઘુમતી વિભાગના અધ્યક્ષ રૂબેલ જોનુ શેખ બાંગ્લાદેશી છે, અને ખોટા દસ્તાવેજોના આધારે તેણે ભારતીય નાગરિકત્વ મેળવ્યું હોવાની ફરિયાદો મને મળી હતી. તે ફરિયાદના આધારે સમગ્ર મામલાની ઉંડાણપૂર્વકની તપાસ ચાલી રહી છે. ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કહ્યું કે રુબેલ જોનુ શેખની અટક કરવામાં આવી હતી અને પોલીસને અનેક પૂરાવાઓ મળી આવ્યા છે કે તે બાંગ્લાદેશી છે.



એનસીપીના પ્રવક્તા મહેશ તાપસે ગૃહમંત્રી અનિલ દેશમુખ સામે ફરિયાદ નોંધાવી હતી કે રૂબેલ જોનુ શેખ બાંગ્લાદેશી છે અને ખોટા દસ્તાવેજોના આધારે ભારતીય નાગરિકત્વ મેળવ્યું છે. રૂબેલ ભાજપના પદાધિકારી છે અને પાર્ટીએ તેમને કોઈ પુષ્ટિ વિના આ પદ કેવી રીતે આપ્યું. જો મુંબઈમાં વસતા આવા ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ ગેરકાયદેસર રીતે ઘુસણખોરી કરીને અસામાજિક કંઈક કરે તો શું ભાજપ જવાબદારી લેશે? આ પ્રશ્ન મહેશ તાપસે પણ ઉઠાવ્યો હતો. તેમજ મામલો ગંભીર સ્વભાવનો હોવાથી આ બાબતે તપાસ કરવા માટેનું નિવેદન ગૃહ પ્રધાન અનિલ દેશમુખને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અપાયું હતું. ગૃહમંત્રી અનિલ દેશમુખે આ મામલે સઘન તપાસના આદેશ આપ્યા હતા. પૂછપરછ દરમિયાન પોલીસને પશ્ચિમ બંગાળના માલાપોટા ગ્રામ પંચાયતનો રહેવાસી, જિલ્લા -૨૪ ઉત્તર પરગણામાં ગ્રામ પંચાયતનો રહેવાસી અને નાડિયાની બોલગંડા આદર્શ હાઈ સ્કૂલમાંથી એક શાળા છોડવાનો એક પ્રમાણપત્ર મળ્યુ હતુ.. પોલીસ જ્યારે માલાપોટા ગ્રામ પંચાયતમાં ગઈ હતી અને પૂછપરછ કરી ત્યારે તેમને ખબર પડી કે કોઈ પણ રહેવાસીનું નામ રુબેલ જોનુ શેખ તરીકે આપવામાં આવ્યું નથી. તેમજ કલેક્ટર કચેરી, નાડિયા પશ્ચિમ બંગાળમાં રેકોર્ડની તપાસ કરતી વખતે જાણવા મળ્યું કે રુબેલ પાસેનું પ્રમાણપત્ર કોઈ બીજાના નામે હતું. આ પછી પોલીસને રૂબેલના ઘરેથી શાળા છોડવાનું પ્રમાણપત્ર મળી આવ્યું હતું. જી. રાજ્યના પશ્ચિમ બંગાળના નાડિયામાં રેકોર્ડ્સની તપાસ કરતી વખતે, બોલ્ગાંડા આદર્શ હાઈ સ્કૂલ, બોલ્ગાંડા જી. એવું જાણવા મળ્યું હતું કે નાદિયાની શાળા અસ્તિત્વમાં નથી. ગૃહમંત્રી અનિલ દેશમુખે માહિતી આપી છે કે તપાસમાં બહાર આવ્યું છે કે આ તમામ ખોટા દસ્તાવેજોના આધારે તેનું આધારકાર્ડ અને પાનકાર્ડ પણ બહાર કાઢવામાં આવ્યું હતું.

# સુરતમાં ભાજપ ઉમેદવારનો દારૂપાર્ટી કરતો ફોટો વાયરલ

(જી.એન.એસ.)સુરત,તા.૨૦

સુરત મહાનગર પાલિકાની ચૂંટણી આડે માંડ ૨ દિવસ બાકી રહ્યા છે ત્યારે વોર્ડ નંબર ૨૪ ભાજપના ઉમેદવાર સોમનાથ મરાઠેના દારૂ પાર્ટી કરતાં ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. જેના કારણે ભાજપ અને આમ આદમી પ ાર્ટીના બંને ઉમેદવારો ફરી એક વખત સામ સામે આવી ગયા છે. વાયરલ થયેલા ફોટો બાબતે સોમનાથ મરાઠેએ જણાવ્યું હતું કે, આ ફોટો મારી સામેના હરીફ ઉમેદવારે વિલાસ પાટીલે એડિટ કરીને વાયરલ કર્યા છે. તમે સરખી રીતે જોશો તો તમને ખબર પડશે. હું દારુ પાર્ટી કરવા બેઠો હોય તે વાત ખોટી છે. આમઆદમી પાર્ટીના ઉમેદવાર વિલાસ પાટીલે જણાવ્યું હતું કે, મરાઠે પ ોલીસ ફરિયાદ કરે. એફએસએલમાં તમામ સાચી વિગતો બહાર આવશે.

# ભાયાવદરના નરેન્દ્ર ફળદુનો વિશ્વ ચકલી દિવસ નિમીત્તે અનોખો સંકલ્પ

## ૧૨૦૦૦ ચકલીનામાળા લગાવશે



ચક્રવાત ટીમ ભાયાવદર, તા.૨૦

ભાયાવદરના ચકલી પ્રેમી નરેન્દ્રભાઈ ફળદુ ૩ મહીના પહેલાથી ચકલી દિવસ ની પૂર્વ તૈયારી કરી રહ્યા છે. આજુબાજુના ગામડામાં ચકલીના માળા લગાડી રહ્યા છે. નિકાવા, નાનાવડાલા, ખરેડી, ભાવુભાખીજડીયા, દાદર ગીંગણી જામવાડી તેમજ આજુબાજુના ગામમાં અસંખ્ય માળા લગાડી ચૂક્યા છે. જે લોકો આમંત્રણ આપે ત્યા પોહચી જાય છે પોતાનુ વાહન અને ૫૦થી ૧૦૦ ચકલીના માળા લયને,સાથે દવે સર ને ગોહેલ સર સારો એવો સપોર્ટ આપે છે.

ખરેખર આવી નિસ્વાર્થ સેવા ભગીરથ કાર્યમાં દરેક જોડાવાની નમ્ર અપીલ કરે છે.અને હરેક સમાજ તેમજ હરેક ગામ તેમને બિરદાવે છે.

# શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ઉજવણી




ચક્રવાત ટીમ ગીર સોમનાથ, તા.૨૦

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત શ્રી ધર્મ ભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન ગીર સોમનાથ દ્વારા ૨૨મી ફેબ્રઆરીથી ૨૮મી ફેબ્રઆરી સુધી 'રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવશે જે અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના કો- ઓડિનેટર નરેશભાઈ ગુંદરણીયા દ્વારા જણાવવામાં આવેલ કે દેશમાં ઈ.સ. ૧૯૮૬થી પ્રતિ વર્ષ ૨૮ ફેબ્રુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે ઊજવવામાં આવે છે. પ્રોફેસર સી.વી. રામને આ દિવસે કલકત્તામાં એક મહાન ખોજ કરી હતી, જે રામન ઈફેક્ટના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સી.વી. રામનને તેમની આ ખોજ બદલ ઈ.સ. ૧૯૩૦માં નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવાનો અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. જે અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજ્ઞાન દિવસ ને કંઈક અનોખી રીતે ઉજવવાના આયોજનના ભાગરૂપે પરંપરાગત ઘરેલુ વૈજ્ઞાનિક રમકડા, ઓનલાઈન સાયન્સ ક્વિઝ, ઓનલાઈન નિબંધ સ્પર્ધા, ઓનલાઈન વકૃત્વ સ્પર્ધા, રોકેટરી વર્કશોપ, અંધશ્રદ્ધા નિવારણ પ્રોગ્રામ, આકાશ દર્શન જેવા વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવશે.કાર્યક્રમમાં ભાગ લેવા માટે તથા વિશેષ માહિતી માટે લોકવિજ્ઞાન કેન્દ્રના એકેડેમિક કોડિનેટર વિજયભાઈ કોટડીયા મો.૯૯૭૯૨ ૯૦૯૬૫ તથા સાયન્સ કોમ્યુનીકેટર જીગ્નેશભાઈ મકાણી મો. ૯૯૧૩૯ ૨૦૯૧૦ પર સંપર્ક કરવો.

# સરખડી ભીમ જ્યોત કલાસીસમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૦

કોડીનાર તાલુકાના સરખડી ભીમજ્યોત કલાસિસ સરખડી દ્વારા માતા રમાબાઈની જન્મ દિન ઉજવણી ના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરેલ હતું જેમા મુખ્ય મહેમાન તરીકે રાઠોડ ગોરધનભાઈ પી પ્રમુખશ્રી અખિલ ગુજરાત અનુ.જાતિ સમુહલગ્ન સમિતિ કોડીનાર પણ હાજર રહ્યા હતા તથા તેમની તરફ બાળકો ૫૦૦૦/- રૂપિયા ની ધમ્મરાશી પણ બાળકો ના શિક્ષણ માટે આપવામાં આવી છે. તેમજ બાળકો દ્વારા વક્તવ્ય, મિમિક્રી, અભિનય રજૂ કર્યા હતા.

આ કલસીસએ અનુ. જાતિના વિધાર્થીઓ માટે એકદમ નિશુલ્ક કલસીસ છે. આ વર્ગોમાં દરેક ગામના તેમજ અનુ. જાતિના કર્મચારીઓ અને વિધાર્થીઓ આ બાળકો માટે સમય અને આર્થિક સહાય કરી આ કલસીસ ઘણા સમયથી કાર્યરત છે. અનુ. જાતિના શિક્ષક શ્રી હાજાભાઈ રાઠોડ ના સતત પ્રયત્નોથી તેમજ વર્ગ માં નિસ્વાર્થ કાર્ય કરનાર તમામ કર્મયોગી શિક્ષણ આપનાર શિક્ષકોને લીધે આ વર્ગના ઘણા વિધાર્થીઓ આજે શિક્ષણમાં અગ્ર હરોળમાં છે.

# તારાપુર ચોકડી પર ગોરાડ ગામના વીર સપૂત આર્મી કેમ્પમાં ટ્રેનીંગ આપી પરત ફરતા સ્વાગત

ચક્રવાત ટીમ તારાપુર, તા.૨૦

તારાપુરના ગોરાડ ગામના સપૂત ભરતભાઈ પુનમભાઈ ભરવાડ જેઓ નાસીક ખાતે આર્મી કેમ્પમાં ૧૪ મહીનાની આર્મી ટ્રેનીગ કરીને પરત ફરતા આજરોજ સમાજના અગ્રણીઓ અને કુટુંબીઓ મીત્ર વર્તુળ દ્વારા તારાપુર ચોકડી ગંગોત્રી હોટલ પાસે આર્મી જવાન ભરતભાઈ ભરવાડનુ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

આજે ગોરાડ ગામના ૧૫ થી ૨૦ છોકરા દેશની સેવામાં છે માં ભારતીની સેવામાં બધા લોકો જે રાજ કારણમાં જોડાય છે ત્યારે ગોરાડ ગામના છોકરાઓ દેશની સેવા માટે દેશ માટે સમર્પીત થવા પાછા પડે તેમ નથી આ એક ઉતમ ઉદાહરણ છે કારણકે એકજ ધરના મફતભાઈ સામંતભાઈ ભરવાડ, રાણાભાઈ ખેગારભાઈ ભરવાડ, અને હવે ભરતભાઈ પુનમભાઈ ભરવાડ બોર્ડર ઉપર દેશ સેવા માટે કાર્યરત છે.

# મુંબઈગરા પર રિક્ષા અને ટેક્સીના ભાડામાં વધારો ઝીંકાશે?

## પેટ્રોલ, ડીઝલ ના કિંમતની વધારાની અસર

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૦

દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી ના ભાવમાં ધરખમ વધારો થાય રહ્યો છે. ત્યારે કોરોના અને મોંઘવારીના મારમાં પીસાતા મુંબઈગરા પર રિકશા અને ટેક્સી ના ભાડા વધારાનો ભાર લાગુ થઈ શકે છે. રિકશા અને ટેક્સી યુનીયનના અધિકારીઓ સાથે સોમવારે ટ્રાન્સપોર્ટ મિનિસ્ટરની મિટિંગ થઈ રહી છે જેમાં નિર્ણય લેવામાં આવશે. હાલમાં રિકશાનું ભાડું શરૂવાતમાં કિલોમીટર દીઠ ૧૮ રૂપિયા છે જ્યારે ટેક્ષીનું મિનિમમ ભાડું બાવીસ રૂપિયા છે જે વધારીને રીકક્ષાનું વીસ રૂપિયા અને ટેક્ષીનું ૨૫ રૂપિયા કરવાની માગણી છે.

હાલમાં મુંબઈમાં પેટ્રોલ પ્રતિ લિટર ૯૬ રૂપિયા ૨૩ પૈસા અને ડીઝલ પ્રતિ લિટરે ૮૭.૧૪ પૈસા છે. બીજી બાજુ રાંધણ ગેસ ના બાટલાના ભાવમાં પણ ઘરખમ વધારો થયો છે આથી રસોડાની રાણીનું બુર્જેટ ખોરવય ગયું છે. ઈંધણ ના ભાવમાં વધારો થતા ટ્રાન્સપોર્ટ પણ મોંઘુ બન્યું છે આને કારણે ફ્રુટ તેમજ શાક ભાજીના ભાવમાં પણ વધારો થયો છે. હવે જો રિકશા અને ટેક્સીના ભાડામાં વધારો થશે તો કોરોના અને બેકારી તેમજ મોંઘવારીના મારમા પીસાતા મુંબઈકર પર મરણતોલ ફટકો પડશે.

# કોડીનારમાં અજમેર શરીફ દરગાહ ખ્વાજા મોઈનુદિન ચિશ્તીના ઉર્સ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરાઈ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર એકતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સંજર બાપુ કાદરી અને તેમની સાથે કોડીનાર તાલુકાની યુવાનોની ટીમ અજમેર રાજસ્થાન ખાતે અજમેર શરીફ દરગાહ ખ્વાજા મોઈનુદિન ચિશ્તી ના ઉર્સ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓ કોડીનાર તેમજ ગીર સોમનાથ જિલ્લામાં જ નહિ પણ સમગ્ર ગુજરાત રાજ્યમાં જનતાના સાચા સેવક તરીકે નામના ધરાવે છે. ગરીબ દર્દીઓ માટે એમ્બ્યુલન્સ સેવાથી લઈ દવાખાના ની સર્વ સમાજના લોકો માટે તમામ પ્રકારની સેવાઓ માટે સંજર બાપુ કાદરી હમેશા આગ્ર હરોળમાં રહે છે. ખુબ જ સાદાઈ થી જીવન વ્યતિત કરતા બાપુ આ આધુનિક યુગમાં પણ માનવતા તેમજ યુવાનો માટે પ્રેરણા રૂપ ગણાવી શકાય. તેઓ મુસ્લિમ સમાજના યુવાનોના શિક્ષણ બાબતે ખુબ જ સક્રિય કામગીરી કરે છે. હાલમાં જ તેઓ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે સમસ્ત મુસ્લિમ સમાજના યુવાનો માટે એક શૈક્ષણિક અને રોજગાર કેન્દ્રી સેમિનાર નું સરકાર શ્રી ની ગાઈડલાઈન મુજબ આયોજન કરવા નું પણ ટૂંક સમયમાં જણાવેલ છે તેમજ અધિકૃત જાહેરાત કરવામાં આવી છે. આ પ્રકારનો સેમિનાર કોડીનાર ખાતે જ નહિ પણ સમગ્ર જિલ્લામાં પ્રથમ સેમિનાર ગણાવી શકાય. આમ, સંજર બાપુ કાદરી પોતાની ટીમ સાથે જયારે અજમેર શરીફ દરગાહ ખાતે ખાસ ઉપસ્થિત રહ્યાં છે ત્યારે કોડીનાર



ચક્રવાત પ્રેસ પ્રતિનિધિ સાથે તેમણે સેમિનાર બાબતે ચર્ચા કરી અજમેરની ઉર્સ ની તસ્વીરો સાથે યુવાનોની ટીમ અને તેમની સેવાકીય પ્રવૃત્તિ વિશે જણાવેલ. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પછી તેમણે જિલ્લા કક્ષાનો પ્રથમ સમસ્ત મુસ્લીમ યુવાનો માટે સેમિનાર આયોજન કરવા પણ જણાવેલ.

# બોટાદ સ્થાનિક ચૂંટણી પહેલા ભાજપમાંથી સતવારા અગ્રણી મનસુખ દલવાડીનું રાજીનામું



ચક્રવાત ટીમ રાજેશ શાહ, તા.૨૦

બોટાદ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બોટાદ નગરપાલિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને સતવારા સમાજના આગેવાન મહાસુખભાઈ કણઝરીયાએ ભાજપ પક્ષમાંથી રાજીનામુ ધરી દેતા ભાજપના ફિક્સ અંદાજિત હજારો મતો નું રૂપાંતરણ થઈ શકે છે, અને જો આ મતો ભાજપ વિરુદ્ધ મતદાન કરે તો ભાજપને બોટાદ નગરપાલિકામાં ભયંકર હારનો સામનો કરવો પડે તે નિશ્ચિત છે, ટિકિટ વહેચણી માં રાગદ્વેષ રાખી, દબાણ વશ વેતરવાના કારણે ભાજપ માં ભડકો થયો છે. અંગત કારણોસર રાજીનામું આપવાનું કહેતા મહાસુખ ભાઈ કણજરીયા સાથે મોટી સંખ્યામાં રાજીનામાં પડે તો નવાઈ નહીં. ત્યારે આ અસંતોષ ભાજપની નૈયાને ડુબાડશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.!

# ખોડીયાર માતાજીના મંદિરે ખોડિયાર જયંતિની ઉજવણી



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૨૦

ઘંટીયા ગામે આવેલ આંબલીવાવ વિસ્તારમાં અતિ પૌરાણિક ખોડીયાર માતાજીના મંદિરે આજરોજ ખોડિયાર જયંતિ ના પાવન દિવસે બટુકભોજન તથા પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિજયભાઈ રાઠોડ પ્રાગજીભાઈ તથા સતિષભાઈ ચુડાસમા દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

# ડિપ્રેશન વિશે મોટો ખુલાસો કરતા બોલ્યો કોહલી : હું પણ એક વાર આ સમયમાંથી પસાર થઈ ચૂક્યો છું

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૯




દુનિયાના દિગ્ગજ બેટસમેનમાં સામેલ ટીમ ઈન્ડિયાનો કેપ્ટન વિરાટ કોહલી પણ એક સમયે ડિપ્રેશનથી ઝઝૂમી રહ્યો હતો. વિરાટે કહ્યું કે ૨૦૧૪ની સાલમાં જ્યારે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમ્યાન તેનું ખરાબ પ્રદર્શન રહ્યું અને સતત અસફળ રહ્યો હતો ત્યારે તેને લાગવા લાગ્યું હતું કે તે દુનિયામાં એકલો છે.

ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડી માર્ક નિકોલ્સની સાથે વાતચીતમાં વિરાટે માન્યું કે તે એ સમયગાળા દરમ્યાન પ ોતાની કેરિયરના મુશ્કેલ સમયમાંથી પ સાર થઈ રહ્યો હતો. કોહલીને જ્યારે પ ૂછવામાં આવ્યું કે તે કયારેય ડિપ્રેશનમાં રહ્યો છે? તો તેણે કહ્યું કે હા મારી સાથે આવું થયું હતું. આ વિચારીને સારું નહોતું લાગતું કે તમે રન બનાવી શકતા નથી અને મને લાગે છે કે બધા બેટસમેનને એક સમયે તો એવું મહેસૂસ થાય છે જ કે તમારું કોઈ વસ્તુ પર કયારેય નિયંત્રણ નથી.

કોહલી માટે ૨૦૧૪નો ઈંગ્લેન્ડ પ્રવાસ નિરાશાજનક રહ્યો હતો. તેમણે પાંચ ટેસ્ટ મેચોની ૧૦ ઈનિંગ્સમાં ૧૩.૫૦ની સરેરાશથી રન બનાવ્યા હતા. તેનો સ્કોર ૧, ૮, ૨૫, ૦, ૩૯, ૨૮, ૦૭, ૬, અને ૨૦ રન હતો. ત્યારબાદ ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં તેમણે ૬૯૨ રન બનાવીને શાનદાર વાપસી કરી હતી. કોહલીએ ઈંગ્લેન્ડના પ્રવાસ અંગે કહ્યું કે તમને ખબર નથી હોતી કે તેને કેવી રીતે પાર પાડવાનું છે. આ એ સમય હતો જ્યારે હું વસ્તુઓને બદલવા માટે કંઇ કરી શકતો નહોતો. મને એવું મહેસૂસ થતું હતું કે હું દુનિયામાં એકલો જ છું.

૩૨ વર્ષના કોહલીએ યાદ કર્યું કે તેની જિંદગીમાં તેને સાથ આપનાર લોકો હતા પરંતુ તે ત્યારે પણ એકલો મહેસૂસ કરી રહ્યો હતો. તેણે કહ્યું કે હું એમ નથી કહેતો કે મારી સાથે વાત કરવા માટે કોઈ નહોતું પરંતુ વાત કરવા માટે કોઈ પ્રોફેશનલ નહોતું જે સમજી શકે કે હું કયાં સમયમાંથી પસાર થઈ રહ્યો છું.

# ૨૦૨૦માં જે પ્લેયર પાછળ ૨૮ કરોડ ખર્ચવા તૈયાર હતી બેંગલોરની ટીમ, તે પ્લેયરને ૨૦૨૧માં કોઈએ ખરીદ્યો જ નહીં

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૯

આઈપીએલ ૨૦૨૧ ઓક્શન બધી ૮ ટીમોએ મળીને ૫૭ ખેલાડીઓને ખરીદ્યા. પંજાબે સૌથી વધુ ૯ ખેલાડીની ખરીદી કરી. તો ચેન્નાઈએ ૬, દિલ્હી-કોલકતા અને રાજસ્થાને ૮-૮ ખેલાડી ખરીદ્યા. મુંબઈએ ૭ અને બેંગ્લોરે ૮ ખેલાડી ખરીદ્યા. તો હૈદારાબાદે સૌથી ઓછા ૩ ખેલાડી ખરીદ્યા. પરંતુ આ હરાજીમાં કેટલાક ખેલાડીઓ એવા રહ્યા જેની પર કોઈએ બોલી ન લગાવી. એવામાં એક ખેલાડી એવો હતો જેના પર વિરાટ ૨૮ કરોડ ખર્ચવા તૈયાર હતો પરંતુ તેના પર કોઈએ બોલી જ ન લગાવી.




ગયા વર્ષે બેંગ્લોરે શ્રીલંકાના બોલર ઈસરૂ ઉડાનાને ખરીદ્યો હતો. તેના માટે બંગ્લોરે ૫૦ લાખ ખર્ચ કર્યા હતા, જો કે તે સમયે બેંગ્લોરના ક્રિકેટ ડાયરેક્ટર માઈક હેસને કહ્યું હતું કે, આ ખેલાડી માટે અમે ૨૮ કરોડ રૂપિયા ખર્ચ કરી શકીએ છીએ. પરંતુ આઈપીએલ ૨૦૨૦માં તેનુ પ્રદર્શન ખુબ ખરાબ રહ્યું હતું. ઉડાનાએ ૧૦ મેચમાં માત્ર ૮ વિકેટ લીધી હતી અને આ દરમિયાન તેની ઈકોનોમી ૯ રન પ્રતિ ઓવર રહી હતી. આ કારણે બેંગ્લોરે તેને રિલિઝ કર્યો આ અને આ વર્ષે તેને કોઈએ ન ખરીદ્યો. બિગ બેસ લીગમાં ધમાકો મચાવનાર ઈંગ્લેન્ડના બેટ્સમેન એલેક્સ હેલ્સ પર આ વર્ષે કોઈએ બોલી ન લગાવતા સૌને આશ્ચર્ય થયું હતું. હેલ્સે બિગ બેશમાં સૌથી વધુ ૫૪૩ રન બનાવ્યા હતા અને તેમા તેમણે ૩૦ સિક્સર પણ ફટકારી હતી અને તેની સ્ટ્રાઈક રેટ ૧૬૦ની હોવા છતા આઈપીએલમાં કોઈએ તેના પર દાવ ન લગાવ્યો.

ઓસ્ટ્રિલિયાના ખેલાડી માર્નશ લાબુશેને પણ કોઈ ટીમે ખરીદ્યો નથી. લાબુશેન તાજેતરમાં જ રમાયેલી બિગ બેશ લીગમાં ઓલરાઉન્ડર તરીકે ઉભરી આવ્યો હતો. આ ખેલાડીએ ૬ મેચમાં ૧૦ વિકેટ લીધી હતી અને સાથે ૨૯.૩૩ની સરેરાશથી ૧૭૬ રન પણ બનાવ્યા હતા. પરંતુ આઈપીએલમાં તેના પર કોઈએ રસ દાખવ્યો ન હતો.

# અર્જુન તેંડુલકરની પસંદગી કુશળતાના આધારે કરવામાં આવી છે : જયવર્દને

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૯



ભલે તેણે ક્રિકેટમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, પણ અર્જુન તેંડુલકર ભારતના યુવા ક્રિકેટરોમાં સૌથી વધુ ચર્ચામાં આવે છે. આનું કારણ મહાન સચિન તેંડુલકરનો પુત્ર હોવાનું છે. આને કારણે, તેઓએ ઘણી હાઈલાઈટ મેળવ્યું છે. તેના પિ તાથી વિપરીત, અર્જુન લેફ્ટ હેન્ડેડ ઝડપી બોલર છે અને તે ઘરેલું ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યો છે. તેણે હરાજીની યાદીમાં પોતાનું નામ મૂક્યું અને મુંબઈ ઈન્ડિયન્સ તેને તેની ૨૦ લાખના બેઝ પ્રાઈઝમાં ખરીદ્યો છે.

મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્દનેએ તેની ખરીદી પ ાછળનું કારણ જણાવ્યુ છે. તેમણે કહ્યું કે અર્જુન તેંડુલકરની પસંદગી તેમની કુશળતાના આધારે સંપૂર્ણ રીતે કરવામાં આવી છે.

જયવર્દનેએ કહ્યું કે અર્જુન માટે શીખવાની પ્રક્રિયા મુંબઈ ઈન્ડિયન્સ સાથે ચુસ્ત રહેશે. શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટનએ એમ પણ કહ્યું હતું કે, ૨૧ વર્ષનો ડાબોડી માધ્યમ ઝડપી બોલર સમય જતાં તેની રમત શીખશે અને પ ોતાનો વિકાસ કરશે. જયવર્દનેએ કહ્યું, "અમે પસંદગીની પસંદગી કુશળતાના આધારે કરી છે. અમને ખબર છે કે સચિનને ??કારણે અર્જુન પર મોટો ટેગ આવે છે. પરંતુ, સદભાગ્યે, તે બોલર છે, બેટ્સમેન નહી.

# ઈંગ્લેન્ડને ઝટકો : ભારત સામેની અંતિમ ટેસ્ટમાંથી સેમ કરન બહાર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૯



ભારત વિરુદ્ધ ચાલી રહેલી ટેસ્ટ સિરીઝની વચ્ચે ઈંગ્લેન્ડની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ઈંગ્લેન્ડના સ્ટાર ફાસ્ટ બોલર સેમ કરેન અંતિમ બે ટેસ્ટ મેચ મહી રમે. આ પહેલા એવી આશા હતી કે કરેન અંતિમ ટેસ્ટ રમશે પરંતુ સેમ કરેન ભારત પ્રવાસ દરમિયાન માત્ર લિમિટેડ ઓવર્સની સીરિઝમાં જ ઈંગ્લેન્ડની ટીમ સાથે જોડાશે.

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે સેમ કરેન ટેસ્ટમાં ટીમ સાથે નહીં જોડાઈ તેની જાણકારી આપી હતી. ઈસીબીએ કહ્યું હતું કે, સેમ કરેન સીમિત ઓવરોની સીરિઝ માટે ૨૬ ફેબ્રુઆરીથી ટીમ સાથે જોડાશે. ઈંગ્લેન્ડની રોટેશન પોલિસી હેઠળ સેમ શ્રીલંકાની પ્રથમ ટેસ્ટ બાદ સ્વદેશ પ રત ફર્યો હતો. ભારત સાથે સીરિઝ સમાપ્ત થયા બાદ સેમ આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમશે.

ત્રીજી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડના દિગ્ગજ ખેલાડી જોની બેયરસ્ટો પહેલાથી જ ટીમ સાથે જોડાઈ ચુક્યો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ ૨૪ ફેબ્રુઆરીથી અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં રમાવાની છે.

# વિજય હઝારે ટ્રોફીમાં અરઝાનની છ વિકેટથી ગુજરાતનો છત્તીસગઢ સામે જોરદાર વિજય

અમદાવાદ,તા.૨૦



ગુજરાતની ટીમે વિજય હઝારે ટ્રોફીમાં પોતાની પ્રથમ મેચમાં સુરતના લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે જીત સાથે ટૂર્નામેન્ટની શરૂઆત કરી છે. ઓપનિંગ મેચમાં ગુજ્જુ બોય્ઝે છત્તીસગઢને ૩ વિકેટે માત આપી. ટોસ હાર્યા પછી પ્રથમ બોલિંગ કરતાં ગુજરાતની ટીમે છત્તીસગઢને ૨૩૧ રનમાં ઓલઆઉટ કર્યું. ડાબોડી ફાસ્ટ બોલર અરઝાન નગવાસવાલાએ બોલ સાથે તરખાટ મચાવતા ૬ વિકેટ ઝડપી. ૨૩૨ રનનો પીછો કરતાં ગુજરાતે ૧૧ બોલ બાકી રાખી મેચ જીતી. અરઝાને સૈયદ મુસ્તાક અલીમાં સફળતા પ છી આ ટૂર્નામેન્ટ ઓપનરમાં પોતાનું શાનદાર ફોર્મ જાળવી રાખ્યું. તેણે ૯.૫ ઓવરમાં ૫૪ રન આપીને ૬ વિકેટ ઝડપી. ચિંતન ગજાએ ૨, જ્યારે પિયુષ ચાવલા અને તેજસ પટેલે ૧-૧ વિકેટ લીધી. છત્તીસગઢ માટે વિકેટકીપર શશાંક ચંદ્રાકરે ૧૦૭ બોલમાં ૮ ફોર અને ૪ સિક્સની મદદથી ૯૨ રન કર્યા. ૨૩૨ રનનો પીછો કરતાં ગુજરાતી બેટ્સમેનને શરૂઆત તો મળી પરંતુ કોઈ તેને મોટા સ્કોરમાં કન્વર્ટ કરી શક્યું નહીં. વિકેટકીપર ધ્રુવ રાવલ અને ભાર્ગવ મેરાઈએ ૩૮, હેટ પટેલે ૩૫, ચિરાગ ગાંધીએ ૩૨ અને રીપલ પટેલે ૨૮ રનનું યોગદાન આપ્યું. ગુજરાતની ટીમ ૨૨ તારીખે પોતાની બીજી મેચમાં સુરત ખાતે જ ગોવા સામે ટકરાશે.

# જેક્લિન ફર્નાન્ડિઝ દર મહિને પ્રિયંકા ચોપડાને આપે છે ૬.૭૮ લાખ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૯

જેક્લિન ફર્નાન્ડિઝ હાલ જે ઘરમાં રહે છે તેના ભાડાને લઈને તે હેડલાઈન્સમાં છે. આ ઘર કોઈ બીજાનું નહીં પરંતુ બોલિવૂડને ખ્યાતનામ અભિનેત્રી પ્રિયંકા ચોપડાનું છે. વર્ક કમિટમેંટના કરણે તે ઓક્ટોબર ૨૦૨૦માં પ્રિયંકા ચોપડાના એક ફ્લેટમાં શિફ્ટ થઈ હતી. જેના માટે તે ભાડા પેટે મોટી રકમ ચૂકવી રહી છે. ખબર છે કે આ એપાર્ટમેન્ટ તેમણે ૩ વર્ષ માટે ભાડે લીધો છે. હવે આ રેંટના એપાર્ટમેન્ટને લઈને એક ચોંકાવનારી ખબર સામે આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે, જેક્લીન આ એપાર્ટમેન્ટ માટે દર મહિને પ્રિયંકાને ૬.૭૮ લાખ રૂપિયા ભાડુ આપી રહી છે. હકીકતમાં પ્રિયંકાનો આ એપ ાર્ટમેન્ટ જુહૂના એક પ્રાઈમ લોકેશન પર છે. અને અહીં મળતી ખાસ સુવિધાઓને કારણે આ એપાર્ટમેન્ટનું ભાડુ આટલુ મોંઘુ છે. રિપોર્ટ અનુસાર, જેક્લીન જુહૂના કર્મ યોગ સીએચએસ બિલ્ડિંગના ચોથા અને પાંચમાં ફ્લોર પર રહે છે. અને અહીં તે ૩ ઓક્ટોબર ૨૦૨૦ના શિફ્ટ થઈ છે. રેંટના આધારે હિસાબ લગાડવામાં આવે તો જેક્લીન ત્રણ વર્ષમાં પ્રિયંકા ચોપ ડાને ૨ કરોડ ૪૪ લાખ ૪ હજાર રૂપિયા ભાડા પેટે આપવાની છે. જો કે, ૩ વર્ષ બાદ જેક્લીન આ એપાર્ટમેન્ટમાં રહે છે કે નહીં એ તો આવનારો સમય જ બતાવશે. પરંતુ જેક્લીન ભાડાને લઈને હાલ હેડલાઈન્સમાં આવી ગઈ છે. વર્ક ફંટની વાત કરીએ તો હાલ જેક્લીન પોતાની ફિલ્મ બચ્ચન પાંડેની શૂટિંગમાં વ્યસ્ત છે. જેનું શૂટિંગ રાજસ્થાનમાં થઈ રહ્યું છે. આ સાથે જ તે ફિલ્મ સર્કસનું શૂટિંગ પણ કરી રહી છે. હાલ તે પ ોતાની ફિલ્મ ભૂત પોલીસ અને સર્કસને લઈને ચર્ચામાં છે.

# ‘કુછ તો હૈ’માં જોવા મળશે રાજકોટની ક્રિસ્ટિના પટેલ



રાજકોટ,તા.૨૦

ઘણીવાર નાની ઉંમરના બાળકો ભવિષ્યમાં શું બનવું છે તે અંગે મૂંઝવણ અનુભવતા હોય છે. જોકે, રાજકોટની ક્રિસ્ટિનાએ ૧૦ વર્ષની ઉંમરમાં નક્કી કરીને રાખ્યું હતું કે તેને શું બનવું છે. તેણે નાની ઉંમરમાં જ સ્ટાર બનવાનું વિચારીને રાખ્યું હતું.

વર્ષ ૨૦૦૧માં ઉપલેટા, રાજકોટમાં જન્મેલી ક્રિસ્ટિનાએ ૨૦૧૧માં પરિવારને મુંબઈ જવાની વાત કરી હતી. નાનકડી ક્રિસ્ટિનાની વાત પરિવારે માની લીધી હતી. ક્રિસ્ટિનાએ મુંબઈ આવીને એકતા કપ ૂર દ્વારા સંચાલિત બાલાજીૈંઝઈ એક્ટિંગ એન્ડ ફિલ્મ મેકિંગ ઈન્સ્ટિટ્યૂટમાં એડમિશન લીધું હતું. અહીં કેમેરાની સામે કામ કરવાને કારણે ક્રિસ્ટિનાના આત્મવિશ્વાસમાં વધારો થયો હતો.

ક્રિસ્ટિનાએ જાહેરાતો તથા કેટલીક સિરિયલના એકાદ-બે એપિસોડમાં કામ કર્યું હતું. ત્યારબાદ તે શશી સુમિત મિત્તલની સિરિયલ ’યે ઉન દિનો કી બાત હૈ’માં સ્વાતિના રોલમાં જોવા મળી હતી. આ રોલથી ક્રિસ્ટિના ચાહકોમાં ઘણી જ લોકપ્રિય થઈ હતી.

ક્રિસ્ટિના હવે એકતા કપૂરની સિરિયલ ’કુછ તો હૈઃ નાગિન ઈક નયે રંગ મેં’માં મહત્ત્વના રોલમાં જોવા મળશે. આ સિરિયલમાં ક્રિસ્ટિનાએ સૌમ્યા સિંઘાનિયાનો રોલ ભજવ્યો છે. સિરિયલના લીડ એક્ટર હર્ષ રાજપૂતની બહેનના રોલમાં છે. હર્ષ રાજપૂતે સિરિયલમાં રેહાન સિંઘાનિયાનું પાત્ર ભજવ્યું છે.

હાલમાં ક્રિસ્ટિના મ્.ર્જ્ઘ્નો અભ્યાસ કરે છે. રાજકોટ તથા મુંબઈમાં સમય પસાર છે. ક્રિસ્ટિના ફિટનેસ અંગે ઘણી જ સજાગ છે. સો.મીડિયામાં અવારનવાર ફિટનેસ અંગેના વીડિયો શૅર કરતી રહેતી હોય છે. ક્રિસ્ટિનાને ભવિષ્યમાં ફેશન ડિઝાઈનિંગનો કોર્સ કરવો છે. તેને ફેશન ડિઝાઈનિંગનો શોખ છે અને તે આમાં આગળ પણ વધવા માગે છે.

# કિમ કર્દાશિયન લગ્નના ૭ વર્ષ બાદ કાન્યે વેસ્ટને આપશે ડિવોર્સ



મુંબઈ,તા.૨૦

હોલિવૂડ રિયાલિટી સ્ટાર કિમ કર્દાશિયન અમેરિકન રેપર પ તિ કાન્યે વેસ્ટ સાથે ડિવોર્સ લેવાની છે. લગ્નના સાત વર્ષ બાદ કિમે છૂટાછેડાનો કેસ ફાઈલ કર્યો છે. અહેવાલ પ્રમાણે, કિમે શુક્રવાર, ૧૯ ફેબ્રુઆરીના રોજ ડિવોર્સની અરજી કરી હતી. આ ઉપરાંત તેણે ચારેય બાળકોની જોઈન્ટ લીગલ એન્ડ ફિઝિકલ કસ્ટડીની ડિમાન્ડ કરી છે. જોકે, આ અંગે વધુ માહિતી સામે આવી નથી. કપલે હજી સુધી કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ પણ બહાર પાડ્યું નથી.

રિપોર્ટ પ્રમાણે, કિમે ડિવોર્સ લેવા માટે લોસ એન્જલસની જાણીતી વકીલ લોરા વાસરને હાયર કરી છે. ગયા મહિને ચર્ચા થતી હતી કે બંને અલગ રહે છે અને ટૂંક સમયમાં ડિવોર્સ લેશે. બંને વચ્ચે ઈશ્યૂ ચાલતા હતા. બંનેએ મેરેજ કાઉન્સિલરની મદદ પણ લીધી હતી.

અહેવાલ પ્રમાણે, ૪૦ વર્ષીય કિમ લાંબા સમયથી લોસ એન્જલસમાં ચાર બાળકો સાથે રહે છે. ૪૩ વર્ષીય કાન્યે વેસ્ટ વ્યોમિંગમાં પોતાના ફાર્મ હાઉસમાં રહે છે. થોડાં મહિના પહેલાં બંને વેડિંગ રિંગ પહેર્યા વગર જોવા મળ્યા હતા. કિમ તથા કાન્યેએ હોલિડે પર પણ સાથે જોવા મળ્યા નહોતાં.

કિમે પતિ કાન્યેને કહી દીધું હતું કે હવે તે સ્પેસ ઈચ્છે છે અને પ ોતાના ભવિષ્ય પર ફોકસ કરવા માગે છે. કિમના આ ત્રીજા ડિવોર્સ છે. સૌ પહેલાં કિમે વર્ષ ૨૦૦૦માં ડેમન થોમસ સાથે લગ્ન કર્યા હતા અને ૨૦૦૪માં ડિવોર્સ થયા હતા. બીજા લગ્ન ક્રિસ હેમ્ફ્રીઝ સાથે ૨૦૧૧માં કર્યા હતા. આ લગ્ન બે વર્ષ ટક્યા હતા અને ૨૦૧૩માં બંને અલગ થઈ ગયા હતા.

કરે વર્ષ ૨૦૧૪માં કિમ તથા કાન્યેએ ઈટલીમાં લગ્ન કર્યા હતા. તેમને ચાર બાળકો છે. સૌથી મોટી દીકરી નોર્થ (૭ વર્ષ), મોટો દીકરો સેન્ટ (પાંચ વર્ષ), નાની દીકરી શિકાગો (૩ તે વર્ષ) તથા નાનો દીકરો સામ (૨૧ મહિનાનો) છે. કિમ તથા કાન્યેના સંબંધોની શરૂઆત ૨૦૧૨માં થઈ હતી.

સૂત્રોના મતે, કિમ પોતાની એક્ઝામ તથા વકીલ બનવા અંગે ઘણી જ ગંભીર છે. તે જેલ સુધાર અભિયાન અંગે ઘણી જ સીરિયસ છે. કિમ અમેરિકન મોડલ તથા બિઝનેસ વુમન છે. કિમ રેપર તથા ફેશન ડિઝાઈનર છે. કિમ અમેરિકાની સૌથી વધુ ફી લેતી રિયાલિટી સ્ટાર છે. તેણે પોતાની બુક ‘કર્દાશિયન કોન ફિલ્ડ’ લખી છે. ૨૦૦૭માં કિમે પ્લેબોય મેગેઝિન માટે ન્યૂડ તસવીરો પડાવી હતી. કાન્યે થોડાં સમય પહેલાં અમેરિકન ચૂંટણી અંગે ચર્ચામાં આવ્યો હતો. કિમ પોતાની કર્વી બૉડીને કારણે ચાહકોમાં લોકપ્રિય છે. કિમ સો.મીડિયામાં ઘણી જ એક્ટિવ રહે છે. કિમનો પૂરો પરિવાર સેલિબ્રિટી છે.

# વેરાવળ જતા બે યુવાનોનું નાથળ ગામ નજીક અકસ્માત : એકનું મોત, એક ગંભીર



ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૨૦

ઉના વેરાવળ રોડ હાઈવે પર ડમ્પર ચાલકે કારને હડફેટે લેતા કાર ચાલકનું ધટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યુ હતું. જ્યારે બીજા યુવાનને ગંભીર ઈજા થતાં ઉના ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ છે.

નાથળ-સીલોજ ગામે વચ્ચે વેરાવળ તરફથી પુર ઝડપે ચલાવી આવતો ડમ્પર નં.જીજે ૩૨ પી ૭૮૨૭ના ચાલકે કારને હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વનરાજભાઈ અશ્વિનભાઈ ગોહીલ ઉ.વ.૨૪ તેમજ પ્રિતેશભાઈ મહેન્દ્રભાઈ ગોહીલ ઉ.વ.૨૦ બન્ને યુવાનો કારમાં ઉનાથી વેરાવળ જતા હતા. ત્યારે નાથળ ગામ નજીક ડમ્પર ચાલકે કારને હડફેટે લેતા આ અકસ્માતમાં વનરાજભાઈનું ધટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે પ્રિતેશને હાથ પગ અને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા તાત્કાલીક ખાનગી હોસ્પીટલે ખસેડાયેલ છે. જોકે આ અકસ્માતમાં કારનો બુકડો બોલી ગયેલ હતો. અકસ્માત સર્જાતા આજુબાજુના વાડી વિસ્તાર માંથી તેમજ વાહન ચાલકો સહીત લોકોના ટોળે ટોળા એકત્ર થઈ થયા હતા. અને કારની અંદર ફસાઈ ગયેલા યુવાનને મહામહેનતે બહાર કાઢવામાં આવ્યા હતા. અને મૃતક યુવાનને પી એમ અર્થે સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ જ્યારે ઈજાગ્રસ્ત યુવાનને ખાનગી હોસ્પીટલમાં રીફર કરેલ છે. ડમ્પર ચાલક વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ અંગેની તજવિજ હાથ ધરેલ છે.

**એક તરફ કોરોનાના કારણે ધંધા રોજગારની ગતિ ધીમી પડેલ છે ત્યારે ભાવવધારાની વાત કેટલી વ્યાજબી ?**

# મોંઘાદાટ શાકભાજીથી ગૃહિણીઓનું બજેટ અસ્તવ્યસ્ત

**ભયંકર ભાવ વધારો નિયંત્રણ કરવાનું સરકારે આપેલ વચન મોંઘવારીના પુરમાં તણાયું !**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૦

રાજ્યની ૬ મહાપાલિકાનું મતદાન શરૂ થવાની ઘડીઓ ગણાય રહી છે. મતદાનમથકો ખાતે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી ચૂકી છે. ત્યારે બીજા તબક્કાનું મતદાન એક સપ્તાહ બાદ યોજાનાર છે ત્યારે દેશમાં પેટ્રોલિયમ્સ ઉત્પાદનોના ભાવ નિયંત્રણ મુક્ત થવાનો ફાયદો ઉઠાવી કંપનીઓ દ્વારા સતત ૧૨મા દિવસે લોકોમાં છૂપાયેલા આક્રોશને નજર અંદાજ કરી વધુ એક વાર ભાવો વધાર્યા છે. ઉપરાંત આજે નાના કે મધ્યમ ઉદ્યોગોમાં વપરાતા ગેસનાં દરમાં ભાવવધારો કરી જનતાને બેવડો ડામ આપેલ છે. તદ ઉપરાંત છેલ્લા ૪ દિવસથી રાજ્યમાં શાકભાજીના ભાવો સેન્સેક્સનાં સૂચક આંક સાથે સ્પર્ધા કરી રહ્યા હોય તેમ મોંઘાદાટ બની જવા પામેલ છે. એક તરફ લોકોને લોકડાઉનની કળ વળી નથી ત્યાં કરોડરજ્જુ પર થયેલા પ્રહારથી લોકોનાં આક્રોશમાં સતત વધારો થઈ રહ્યો છે. જે જનપ્રતિનિધિ કે લોક સેવકનાં ઝંડા ઉપાડનાર નેતાઓને નજરે ચડતું નથી! કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલિયમ્સ ઉત્પાદનોનાં ભાવો નિયંત્રણ મુક્ત કરાયા ત્યારે કાયદાનો ફાયદો દેશનાં પેટ્રોલિયમ્સ ઉત્પાદન વપરાશકારોને મળશે તેની ખાત્રી આપેલ જે ખાત્રી ભાવ વધારાના પુરમાં તણાય જવા પામેલ છે. પેટ્રોલિયમ્સ ઉત્પાદનો કેન્દ્ર સરકારનાં કર માળખા તેમજ કંપનીઓની નફાખોરીની વૃત્તિના કારણે સતત વધતાં તેની અસર હેઠળ સમાજની તમામ ચીજવસ્તુઓની હેરફેર મોંઘી બનતા જીવન જરૂરી ચીજવસ્તુઓ ખાદ્યાન, ખાદ્યતેલ, મઠોળ બાદ હવે શાકભાજી પણ ભયંકર મોંઘાદાટ બનતાં ગરીબો અને મધ્યમવર્ગના પરિવારનાં તેમજ ગૃહિણીઓના રસોડાના બજેટ (અંદાજીત ખર્ચ) ખોરવાય જવા પામેલ છે.

એક તરફ સ્પષ્ટ બહુમતિ ધરાવતી સરકારનાં કાર્યકાળમાં કેન્દ્રમાં વિપક્ષ વેરવિખેર હોવાની બાબતનો સીધો રાજકીય ફાયદો સરકાર ઉઠાવી રહી છે. ત્યારે મોંઘવારી અને ભાવોના અસહ્ય વધારા જેવી મહત્વની બાબતમાં લોકોના ઘા પર મલમ લગાવવાનાં બદલે મીઠું ભભરાવતા નેતાઓના ભાષણથી લોકોનો રોષ વધુ આક્રમક બની રહ્યો છે. આ બાબતે નિવેદનો કરતા નેતાઓની ફોજ જાણી જોઈને આ પ્રકારનાં નિવેદનો આપી ક્યાંક નરેન્દ્ર મોદીની લોકપ્રિયતામાં ઘટાડો કરવાનું જાણ્યે-અજાણ્યે કામ કરી રહ્યા છે. મોદીએ આસપાસ વિંટળાયેલા આવા નેતાઓથી ચેતવું જ પડશે! અને મોંઘવારી નિયંત્રીત કરવાનું વચન આપ્યા બાદ છેલ્લા ૭ વર્ષમાં કઈ કઈ ચીજવસ્તુઓનાં ભાવ ભૂતકાળમાં ક્યાં હતાં અને આજે ક્યાં છે તેના પર નજર દોડાવવી પડશે. દેશમાં ભ્રષ્ટાચાર-મોંઘવારી નિયંત્રણ કરવાની આશા સાથે મધ્યમ-ગરીબ વર્ગે ભાજપને સત્તાનાં સુકાન સોપ્યા છે. પરંતુ અવારનવાર મોંઘવારી બાબતે કે અન્ય બાબતે અગાઉની સરકાર ઉપર દોષારોપણ વ્યાજબી નથી કોંગ્રેસ પ્રત્યે લોકોમાં રોષ હતો એટલે જ તો તેને ઘરભેગી કરેલી છે તમારે (ભાજપે) આવું આચરણ કરવું હોય તો તમે પણ તૈયારીમાં રહો ! કોંગ્રેસે ભૂલો કરી હશે તો વર્તમાન સરકારને ભૂલોનું પુનરાવર્તન કરવાનો પરવાનો મળી જતો નથી એ વાત જનતાનાં મતથી ચૂંટાયેલા નેતાઓએ ભૂલવું.

રાજ્યમાં અસહ્ય બેકાબૂ બની રહેલ મોંઘવારીના સમયે જનપ્રતિનિધિઓએ આ મામલે મ્હો પર અલીગઢી તાળા લગાવી મૌન ધારણ કરતા જનતા અત્યંત મુશ્કેલી અનુવી રહી છે. રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ, સી.એન.જી., પી.એન.જી., ઉપરાંત શાકભાજી મોંઘાદાટ બનતા સરકારના નેતાઓ અને તંત્ર તમાશો નિહાળતા નજરે પડે છે. પરંતુ કૃત્રિમ રીતે થતાં ભાવ વધારાને નાથવા પ્રયાસો કરવાનું ભૂલી જવાયેલ છે.

# અમરેલી : મતદાનમાં દંડની દાઝ ભાજપ પર ન ઉતારવા ગોરધન ઝડફીયાની જનતાને અપીલ

**પક્ષના ઉમેદવારો માટે મત માંગતા અભ્યાસુ મનાતા નેતાએ સરકાર માટે મુશ્કેલી સર્જક નિવેદન કર્યુ**

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૦

રાજ્યની ૬ મહાપાલિકાના મતદાનની ઘડીઓ ગણાય રહી છે ત્યારે બીજા તબક્કાની ચૂંટણીનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. અમરેલી ભાજપનાં ઉમેદવારનાં સમર્થનમાં યોજાયેલ જાહેરસભાને પક્ષમાં સૌથી સારા અભ્યાસુ અને સાચા બોલા નેતાની છાપ ધરાવતા ગોરધન ઝડફીયાએ જનસમૂહને સંબોધતા માસ્ક તથા અન્ય દંડના પડેલા ડામની દાઝ મતદાન સમયે ન ઉતારવા અપીલ કરી આ દંડ તો તમને (લોકોને) જીવાડવા માટે ફટકારાયો હતો તેવો બચાવ કરેલ હતો.

આજ સુધી છેલ્લા ૮ માસથી રાજ્યમાં માસ્ક ફરજીયાત બનાવાયા પછી લાખો લોકો આ નિયમ ભંગ હેઠળ ઝડપાયા અને ગરીબ-મધ્યમ વર્ગના કોઈ લાગવગ ન ધરાવતા લોકોએ તંત્રને પોતાની આર્થિક સ્થિતીની કથાઓ વર્ણવ્યા બાદ કમાણી બંધ હોવાની દલીલોનો અસ્વિકાર કરી જે માસ્ક સહિતના નિયમો હેઠળ દંડ સ્વરૂપે ચાંદલો કરવો પડ્યો હોય તેવા વ્યક્તિઓની સંખ્યા અને રોષ સતત વધતો રહ્યો છે. તે નિર્વિવાદ વાત છે. પરંતુ સતાસ્થાને બેસેલા નેતાઓ તેની કામગીરીનો બચાવ કરતા હતા છેલ્લા ચારેક માસ દરમ્યાન અસંખ્ય નેતાઓ, સેલીબ્રીટી વિગેરેએ આ નિયમના અવાર નવાર તંત્રના અમલદારોની હાજરીમાં ધજાગરા ઉડાવ્યા તે પૈકી માત્ર વ્યક્તિ વિરૂધ્ધ એકાદ-બે કિસ્સામાં કાર્યવાહી થઈ આ મામલે મધ્યમવર્ગ તથા ગરીબોં ભારોભાર રોષ વ્યાપેલ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રક્રિયા પુરબહારમાં ચાલી રહી છે ત્યારે ન્યાય નીતિ સહુ ગરીબને, મોટાન ેસહુ માફ, વાઘે માર્યો માનવી, તેમાં શો ઈન્સાફ જેવું તંત્ર દ્વારા વર્તન થયેલ હોવાથી જે મતદારોના ખિસ્સાનો ભાર હળવો થયેલ તેની સંખ્યા પણ લાખોમં હોવાથી આવા દંડનો ભોગ બનનાર વ્યક્તિ અને તેનાં પરિવારજનો જો વિરૂધ્ધમાં મતદાન કરે તો પક્ષને ભારે નુકશાન થવાનો ભય હોવાનું ઝડફીયાના ધ્યાને આવતાં તેમણે જાહેરસભામાં મતદારોને ઈ.વી. એમ.નું બટન દબાવતીવેળાએ થયેલા દંડની દાઝ ન ઉતારવા જણાવી માફી માંગતા જણાવેલ કે આ પગલું તમને જીવાડવા માટે હતું. ભાજપની પ્રચાર સભા બાદ ઝડફીયાએ કરેલા નિવેદન મામલે ભાજપના જ કેટલાક આગેવાનો-કાર્યકરોમાં થનાર અસર અંગે ચર્ચા થતાં આ નિવેદન ઝડફીયા જેવ અભ્યાસુ નેતાએ કર્યુ હોવાથી તેમાં સણનીતિનું કોઈ રહસ્ય છુપાયુ હોય પરંતુ આ નિવેદન બાદ ભાજપના નેતાઓમાં માસ્ક તેમજ અન્ય બાબતોએ જનતાને ફટકારેલા દંડનો મુદો ચૂંટણીનાં પરિણામોમાં મહત્વનો ભાગ ભજવી શકે તેવો ડર છુપાવ્યો હોવાનું ખુલ્લું પડ્યું છે.

# વાણીવિલાસ કરનાર ભાજપના ધારાસભ્ય સામે પગલાં લેવાનો ડીજીપીનો નનૈયો

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૦

વડોદરામાં જાહેર સભા દરમિયાન વાઘોડીયાના ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ દ્વારા પોલીસ અને કલેક્ટરને તો હું ખિસ્સામાં રાખું છું તેવા નિવેદન બદલ પોલીસ દ્વારા કોઈ સુઓમોટો કાર્યવાહી કરવામાં નહીં આવનાર હોવાનું ડીજીપી આશિષ ભાટીયાએ જણાવ્યું હતું. આશિષ ભાટીયાએ કહ્યું હતું કે ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા આ મામલે સ્ક્રુટીની કરીને કોઈ સૂચના આપ વામાં આવશે તો પોલીસ કાર્યવાહી કરશે. પોલીસ પોતાની રીતે કોઈ પ ગલાં લેશે નહીં.

# શિયાળો અંત તરફ : માર્ચમાં તાપમાન ૩૮થી ૪૦ ડીગ્રી સુધી પહોંચવાની વકી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૦



રાજ્યમાં હાલમાં ઠંડી અને ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે હવે ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં લોકોને ગરમીનો પ્રારંભ થશે. આગામી માર્ચ મહિનામાં અમદાવાદ સહિત રાજ્યમાં ૩૮થી ૪૦ ડિગ્રી સુધી પારો પહોંચશે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતાઓ તેમજ કમોસમી વરસાદની પણ શક્યતાઓ છે. હિમવર્ષા અને બરફના લીધે જળશ્રોતનો પ્રવાહ પણ વધતો જશે. પહાડી પ્રદેશોની નદીઓમાં જળશ્રોત વધશે. તા.૨૧ અને ૨૨ ફેબ્રુઆરીના રોજ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થશે. જેથી વધતી ઓછી અસર ૨૫ ફેબ્રુઆરી સુધી રહેશે. રાજ્યમાં ૨૩થી ૨૬ ફેબ્રુઆરીનાં હવામાનમાં વિપરીતતા જણાશે. તા.૨૭ ફેબ્રુઆરીથી માર્ચની શરૂઆતમાં પણ પ શ્ચિમ વિક્ષેપની અસરો ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં આવશે. બરફવર્ષાના લીધે રાજ્યમાં સવારના સમયે ઠંડા પવનો પણ ફૂંકાઈ શકે છે. ૨૧ ફેબ્રુઆરીથી દિવસનું તાપમાન વધશે, જે ૨૫ ફેબ્રુઆરીથી મહત્તમ તાપમાનમાં ઘણો વધારો થવાની શક્યતાઓ છે. રાજ્યના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીથી પણ વધુ જવાની શક્યતાઓ હોવાનું હવામાન નિષ્ણાંતો તરફથી જાણવા મળ્યું હતું. આગામી ૪ માર્ચથી મહત્તમ તાપમાનમાં વધારો થશે અને વિદર્ભના ભાગોમાં ૪૦ ડિગ્રી સુધી પારો જશે. સુરત, પંચમહાલ, વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર સહિતના વિસ્તારમાં મહત્તમ તાપ માન ઉંચકાશે. અમદાવાદના ભાગોમાં પણ મહત્તમ તાપમાનનો પારો ૩૮ ડિગ્રીને પાર જવાની શક્યતાઓ છે. વારંવાર પશ્ચિમી વિક્ષેપની શૃખંલાથી રાજ્યના હવામાનમાં પણ ઉતાર-ચડાવ, વાદળવાયું અને હવામાન કથળી જવાની પણ શક્યતાઓ રહેશે.




# કાઠી ક્ષત્રીય સમાજ દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી

(જી.એન.એસ.)અમરેલી,તા.૨૦

સાવરકુંડલા તાલુકાના લુવારા ગામની મહિલાની ધરપકડની ઘટના બાદ કરણી સેનાએ પોલીસની કાર્યવાહી સામે આંદોલન છેડયુ છે. ત્યારે રાજ શેખાવતની અપીલને પગલે અમરેલી જિલ્લામા ઠેકઠેકાણેથી કાઠી ક્ષત્રિય સમાજે ચુંટણીના બહિષ્કારની જાહેરાત કરી છે. કયાંક ગામોમા બોર્ડ લાગ્યા છે તો કયાંક બહિષ્કારની જાહેરાતના વિડીયો વાયરલ થઈ રહ્યાં છે. લુવારા પ્રકરણનો વિવાદ સમવાનુ નામ લેતો નથી. પોલીસે હેમુબેન સામે માત્ર ફરજમા રૂકાવટનુ ચાર્જસીટ દાખલ કર્યુ હતુ અને તેઓ જામીન પર પણ મુકત થઈ ગયા છે. ત્યારબાદ પણ જુદીજુદી માંગણીઓ સબબ કરણી સેનાની આગેવાની નીચે આંદોલનાત્મક કાર્યક્રમો ચાલી રહ્યાં છે.

# પિનસાડ જમીન પર સૂતેલા પરિવાર પર ટ્રક ફરી વળતા એકનું મોત, બે ઈજાગ્રસ્ત

(જી.એન.એસ.)નવસારી,તા.૨૦

નવસારીના પિનસાડ ગામે ચાલકે ટ્રક રિવર્સ લેતા જમીન પર સૂતેલા શ્રમિક પરિવારના સભ્યોને અડફેટે લેતા એકનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે બે ને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે સુરત હોસ્પિટલમાં ખસેડાયા હતા. પિનસાડ ગામમાં શેરડીની કાપણી કરવા આવેલા શ્રમિક પરિવારનો પડાવ ગામમાં પ ાદરે રખાયો છે. રાત્રિ દરમિયાન ઘણાં લોકો પોતાના પડાવમાંથી કેટલાક લોકો પડાવની બહાર સૂતા હતા. દરમિયાન રાત્રે ટ્રક પાર્ક કરવા માટે ચાલકે ટ્રક રિવર્સ કરતા પડાવ બહાર સૂતેલા એક જ પરિવારના સભ્યો ટ્રકની અડફેટે આવી ગયાં હતા. ઘટનામાં મોભીનું સ્થળ પર જ ગંભીર ઈજાના પગલે મોત થયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે સુરત હોસ્પિટલમાં ખસેડાઈ હતી. આ ઘટનામાં નાની બાળકીને પણ સામાન્ય ઈજા થઈ હતી. ટ્રક ચાલક મોડી રાત્રે પ ોતાની ટ્રક પાર્ક કરવા માટે જગ્યા શોધી રિવર્સ કરી રહ્યો હતો ત્યારે અંધારામાં સૂતેલા પરિવારને તે જોઈ શક્યો ન હતો અને તેના કારણે ટ્રકનું ટાયર સૂતેલા પરિવારના એક શખસ પર ચઢી જતાં તેનુ ઘટના સ્થળે જ મોત થયું હતું. જયારે તેની બાજુમાં સૂતેલી મહિલાને ગંભીર અને બાળકીને સામાન્ય ઈજા પહોંચી હતી. આ ઘટનામાં ચીસાચીસ સંભળાતા ટ્રક ચાલકે કશુંક અઘટિત થયાનું લાગતા ગાડીને બ્રેક મારી દીધી હતી અને નીચે ઉતરીને જોતા જ ચાલક અવાક રહી ગયો હતો.

# ૨૦૦૮ના કેસમાં જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષી દોષી : એક વર્ષની સજા

(જી.એન.એસ.)જુનાગઢ,તા.૨૦

વર્ષ ૨૦૦૮માં મેંદરડામાં થયેલી મારામારીના કેસમાં મેંદરડા કોર્ટે કોંગ્રેસના ધારાસભ્ય દોષિત જાહેર કર્યા છે. જુનાગઢના કોંગ્રેસના ધારાસભ્ય ભીખા જોશીને મેંદરડા કોર્ટે દોષી ઠેરવ્યા છે. ૨૦૦૮ ના કેસમાં કોર્ટે ૧ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ભીખા જોશીએ ઉપલી કોર્ટમાં જવા જામીન અરજી કરી છે. ભીષાભાઈ જોશી ઉપલી કોર્ટમાં આ ચુકાદાને પડકારશે. વર્ષ ૨૦૦૮માં પંચાયતના સમયે મારામારી થઈ હતી. ત્યારે ભીખાભાઈ વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. મેંદરડા કોર્ટે ૧ વર્ષની સજા અને ૫૦૦૦ નો દંડ ફટાકાર્યો છે. તો આ મામલે ભીખાભાઈ જોશીએ કહ્યું કે, લોકચુકાદો તેને શિરોમાન્ય ગણું છુ. તેનું સન્માન કરું છું. હું ઉપલી કોર્ટમાં જઈશ. ૨૦૦૮માં અમારા ગામમાં એક જ મુસ્લિમ કાકા હતા. હું ગામમાં ઘરે આવ્યો ત્યારે મારી માતાએ વૃદ્ધ કાકા તમને યાદ કરે છે તેવું કહ્યું. તો હું તેમને મળવા ગયો હતો. તેના બાદ તેમનુ નિધન થયું હતું. તેમના દીકરાને મેં સરપંચ બનવા મદદ કરી હતી. તેના બાદ તે હોદ્દાના રુએ ગામને લૂંટવા લાગ્યા. મારી રાજકીય કારકિર્દીને નુકસાન પહોંચાડીને મારી સામે કેસ કરાયો હતો. હું ઉપલી કોર્ટમાં આ ચુકાદાને પડકારીશ. ધારાસભ્યો અને સાંસદો સામેના કેસનો નિકાલ ઝડપી થાય તેવી ગાઈડલાઈનના અનુસંધાને હાલ રાજકારણીઓના કેસોને હાથમાં લેવાયા છે.







Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)